'સસ્તું' સાહિત્ય એટલે ઉંચામાં ઉંચુ' સાહિત્ય'

# કહેવતો

[ જુદી જુદી ૨૫૦૦ કહેવતોનો સંગ્રહ ]

*

સ્વ. આશારામ દ૦ શાહના 'ગુજરાતી કહેવતસંગ્રહ' ઉપરથી

પ્રયોજક : શાંતિલાલ ઠાકર, એમ. એ.

*

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

*

# નિવેદન

આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે. આગલી આવૃત્તિમાં આપેલું નિવેદન નીચે અવતરણમાં આપ્યું છે.

'અનેક પ્રસંગો બની ગયા પછી તેમાંથી સારરૂપ જે શિક્ષણ ઊભું થાય છે તે કહેવતનું રૂપ લે છે. કહેવત ઉપરથી એક પ્રજાના ડહાપણનું માપ નીકળી શકે છે. માબાપો, વડીલો અને શિક્ષકો બાળકોને કહેવતના રૂપમાં પોતાની પૂર્વપ્રજાનો અનુભવ શીખવે છે અને દુનિયાદારીની સમજ આપે છે. ભાષાનો પ્રયોગ, સમાજની વ્યવસ્થા અને બીજી ઘણી વાતો કહેવતોમાંથી મળે છે.

'દરેક ભાષામાં સૈકાઓથી ચાલી આવતી, ચલણી સિક્કા જેવી, અતિમૂલ્યવતી કહેવતો હોય છે. તે કહેવતો મનુષ્યના અનુભવોના નિચોડરૂપ હોય છે. તેમાં જુગજૂનું ડહાપણ, અવલોકન અને જ્ઞાન સંઘરાયાં હોય છે. તેમની ભાષા સરળ અને અસરકારક હોય છે; કારણકે તે આમજનતાના હૃદયમાંથી જન્મે છે, આમજનતાના હોઠ પર રમી રહે છે, આમજનતાના જીવનને જ સ્પર્શે છે અને તેને ઉન્નત તથા સમૃદ્ધ કરવા મથે છે. તેમાં તે તે દેશના લોકોની, પ્રજાની, કોમની અને જાતિની ખાસિયતો આબેહૂબ રીતે વર્ણવાયેલી હોય છે. એ રીતે વિચારીએ તો કહેવતોમાંથી આપણે તે પ્રજાનો તે સમયનો ઇતિહાસ ને તેનું સામાજિક ચિત્રદર્શન જરૂર મેળવી શકીએ.

'આ પુસ્તકમાં ગુજરાતી ભાષાના કહેવતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રથમ તો બધી સમાન અર્થવાળી કહેવતોને સાથે લેવામાં આવી છે. આવી અનેક સમાન અર્થવાળી કહેવતોના ૬૧૮ ગુચ્છ પહેલાં આપવામાં આવ્યા છે. પછી તેમાં ન આવેલી એવી ૩૭૮ કહેવતો કક્કાવારી પ્રમાણે ગોઠવીને આપવામાં આવેલી છે. આમ કુલ આશરે અઢીહજાર કહેવતો આ સંગ્રહમાં આપવામાં આવી છે.

'આમાં સંગ્રહાયેલી કહેવતોની સામાન્ય વપરાશ, તેમની પાછળની રસિક આખ્યાયિકા, કથા અથવા વાતો, અમુક જાતિ કે કોમની ખાસિયત બતાવવાની શક્તિ, વેધકતા અને ઐતિહાસિક મૂલ્યવત્તા અથવા સામાજિક ચિત્રદર્શન કરાવવાનું તેમનું સામર્થ્ય; આવાં અનેક તત્ત્વો ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે. આ રીતે કહેવતોનો અભ્યાસ એક પ્રકારના સાહિત્યવિષયક અભ્યાસ તરીકે બહુ ઉપયોગી છે.'

આશા છે કે આ કહેવતસંગ્રહ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઇતિહાસવિદો, ભાષાશાસ્ત્રીઓ, વિચારકો અને નાનામોટા સામાન્ય વાચકોને પણ ઉપયોગી નીવડશે.

વલ્લભવિદ્યાનગર, ૧૯-૯-'૬૦

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
એચ. એમ. પટેલ (પ્રમુખ)

# કહેવતો

૧. અક્કલ બડી કે ભેંસ?

કળથી થાય તે બળથી ન થાય.

અક્કલવિનાનો આંધળો, પૈસાવિનાનો પાંગળો.

૨. શેઠની શિખામણ ઝાંપા સુધી.

[ એક શેઠે પોતાના મુનીમને ઝવેરાત તથા જરીનો માલ લેવા માટે દિલ્હી મોકલ્યો. જતાં જતાં શેઠે મુનીમને પાનાં, માણેક, રત્ન વગેરેનાં લક્ષણો વર્ણવી બતાવ્યાં અને માલ કેમ ખરીદવો તેની સમજણ પાડી. મુનીમે જવાબ આપ્યો: 'શેઠની શિખામણ ઝાંપા સુધી.'

મુનીમના છેલ્લા બેઅદબીભર્યા વાક્યથી શેઠને ઘણો ગુસ્સો ચડ્યો. એટલે તેમણે ગામના ધાંયજાની દુકાનો પાસેથી નકામા ફેંકી દીધેલા વાળ એકઠા કર્યા અને તે ગાંસડીને કિનખાબમાં વીંટી ચારેતરફ સુંદર ઝાલર અને ફૂમતાં મુકાવ્યાં; અને પોતાના માણસ સાથે તે પેલા મુનીમને દિલ્હી મોકલી આપી. કાગળમાં સૂચના આપી: 'જહાંપનાહ બાદશાહસલામતને આ બીંદડી ભેટ આપવી.'

મુનીમ આડતિયા પાસે તે ગાંસડી ઉચકાવી દરબારમાં ગયો. બાદશાહને સલામ કરી, તે ગાંસડી તેમની પાસે મૂકી બોલ્યો: 'જહાંપનાહ, અમારા શેઠસાહેબે આપને માટે આ ભેટ મોકલી છે.' કુતૂહલથી બાદશાહે તે ગાંસડી છોડવાનું પોતાના નોકરને ફરમાન કર્યું. ગાંસડી છોડતાં આખા દરબારમાં વાળ વાળ થઈ ગયા. ક્રોધે ભરાઈને બાદશાહે હુકમ કર્યો: 'જાઓ, આ મુનીમને લઈ જઈ ગરદન મારો.'

મુનીમ બુદ્ધિશાળી હતો. સમયસૂચકતા વાપરી તે બોલ્યો : 'જહાંપનાહ, પરવરદિગાર, એ વાળ મને પાછા આપો. મરતી વખતે તે વાળ હું મારી છાતી પર રાખીશ. મારા મુડદા સાથે તે વાળ બળશે. તેમાંથી થોડાક વાળ આપ મને મારા છોકરાને મોકલી આપવાની રજા આપો, મને મરવામાં કંઈ હરકત નથી.'

બાદશાહે વિચાર કર્યો કે, નક્કી એ વાળમાં કંઈ ભેદ હોવો જોઈએ; એટલે એણે મુનીમને તે ખુલાસો કરવા કહ્યું. મુનીમ બોલ્યો : 'જહાંપનાહ, આપની પાસે સોનું, હીરા, માણેક, રત્ન, પરવાળાં– બધું જ છે. આપને શાની ખોટ છે? એટલે મારા નેકદિલ શેઠે ગિરનારની યાત્રામાં તેમને ફકીર–ઓલિયાઓએ પોતાની જટામાંથી પ્રસાદી તરીકે આપેલ વાળ આપને ભેટ તરીકે મોકલી આપ્યા. તે વાળ આવ્યા પછી તો તેમને ઘેર લક્ષ્મીની આપટી રેલમછેલ થઈ છે.'

એટલે રાજા ખુશ થઈ ગયો. તેણે તે બધા વાળ ભેગા કરી, રત્નજડિત દાબડીમાં મૂકી, ખજાનામાં સાચવી મૂકવા આજ્ઞા કરી. શેઠના માલ પર સઘળી જકાત માફ કરી મુનીમને હજાર રૂપિયા શિરપાવ આપ્યો અને પોતાને ગામ પાછા જતાં વીસ ઘોડાની પાયગા અંગરક્ષક તરીકે આપી.

ગામ પાછા આવતાં શેઠને બધી વાતની ખબર પડી. જકાત માફ થતાં, પોતાને દર વર્ષે પચાસ હજારનો ફાયદો થયો. મુનીમને તે સામા લેવા ગયા અને ધન્યવાદ આપતાં બોલ્યા : 'તમારા જેવા મુનીમ માટે 'શેઠની શિખામણ ઝાંપા સુધી' એ વાત અપવાદ છે. મહાન કામમાં પોતાની અક્કલ જ ખપમાં આવે છે.' ]

૩. અક્કલ કોઈના બાપની છે?

અક્કલનો ઓથમીર. સંઘાળી બાળ ને ડાગો કાશ્મીર.
ઉછી મત અને માગી લાવ્યું કેટલા દિવસ ચાલે ?

૧ દૃ.બુ–૨૮૮.

અક્કલનો બારદાન.[1]

૪. બિલાડીને કહ્યે શીકું તૂટતું નથી.
રાંડીરાંડના શાપ લાગતા નથી.
સતી શાપ દે નહિ અને શંખણીના શાપ લાગે નહિ.

૫. પેટ ચોળીને શૂળ પેદા કર્યું. હાથે કરીને હોળી રમ્યાં.
હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. ઢીંચણ મારીને આંખ ફોડી.
દીવો લઈ કૂવામાં પડ્યાં. ઊઠ પહાણા, પગ ઉપર પડ.
દેખતે ડોળે છેતરાયા. આવ બલા, પકડ ગલા.
કોણે કહ્યું હતું કે બેટા, બાવળિયે ચઢજે?

[મૂર્ખ છોકરો બાવળિયે ચઢ્યો અને તેને કાંટા વાગ્યા, ત્યારે તેણે 'બાપા, બાપા' કહી બૂમ પાડી. તેનો બાપ આવીને આ વાક્ય બોલે છે.]

૬. ઘરનાં ઊઠ્યાં વનમાં ગયાં, વનમાં લાગી લાહ્ય.[2]
ઊલમાંથી નીકળી ચૂલમાં પડ્યાં.
અલા ગઈ ને બલા આવી. ભૂત મરે ત્યાં પલીત જાગે.
સાત સાંધે ત્યાં તેર તૂટે.
કફનડાકુ ગયો ને મેખમારુ આવ્યો.

૭. ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે.
ચાકરી કરતાં ભાખરી મળે.
કરે સેવા તો મળે મીઠા મેવા.
હિંમતે મરદા તો મદદે ખુદા.

---

૧ બારદાન—જેમાંથી દાણા ઠાલવી દેવામાં આવ્યા છે તેવો કોથળો; અર્થાત્ જેના મગજમાંથી અક્કલ ઠાલવી લેવામાં આવી છે તેવો મૂર્ખ માણસ.

૨ અર્થાત એક દુઃખમાંથી છૂટવા જતાં બીજું દુઃખ આવ્યું.

૮. નસીબ બે ડગલાં આગળનું આગળ.
હું જાઉં રેલમાં તો નસીબ જાય તારમાં.
કરવા ગયા કંસાર અને થઈ ગઈ થૂલી.
કરમનાં કસ્યાં,[1] જાન જોડી ત્યાં કૂતરાં ભસ્યાં.
કોડિયા જેટલું કપાળ અને વચ્ચે ભમરો.

૯. અકર્મીનો પડિયો કાણો. દુકાળમાં અધિક માસ.[2]
દૂબળા ઢોરને બગાઈઓ ઘણી. ઠંઠ ઉપર ડામ.
દૂબળો જેઠ દિયરમાં લેખાય.
બકરાની માનતા સૌ કરે, વાઘની માનતા કોઈ ન કરે.

૧૦. ખાવાના સાંસા ત્યારે પરોણાના વાસા.
ભરતામાં ભરાય. ભાગ્યશાળીને ઘેર ભૂત રળે.
એકાદશીને ઘેર શિવરાત્રીબાઈ પરોણામાં.

૧૧. ગરીબનો બેલી પરમેશ્વર. નહિ બેલીનો રામ બેલી.

૧૨. અબી બોલ્યા અબી ફોક.
ગાડાનું પૈડું ફરે તેમ બોલીને ફરે.
કુછ તો પનો પંદરવાર પરણશે.[3]
ગાંડી માથે બેડું.[4]

૧૩. બોલ્યા અબોલ્યા થાય નહિ.
જબાન હાર્યો તે જનમ હાર્યો.
હાથીના દંતુશળ નીકળ્યા તે નીકળ્યા.
સાકરના હીરા ગળ્યા તે ગળ્યા.
જે મોઢે પાન ચાવ્યાં તે મોઢે કોયલા ચવાય નહિ.
જે બોલ્યા તે ધ્રુવના અક્ષર.[1]

૧૪. પ્રાણ ને પ્રકૃતિ સાથે જવાનાં.[2]
દોરડી બળે પણ વળ ન મૂકે. સ્વભાવનું ઓસડ નહિ.
કૂતરાની પૂછડી ભોંયમાં દાટો પણ વાંકી ને વાંકી.
અખણ ગયા, દખણ ગયા પણ લખણ ન ગયાં.
દાદર જાય ચૂવે[3] ને ટેવ જાય મૂએ.
ઝોડ[4] જાય ભૂવે,[5] ટેવ જાય મૂએ.
કડવી વેલડી કડવી તૂંબડિયાં, અડસઠ તીર્થ ફીરકે આઈ;
ગંગા નાહી, ગોમતી નાહી, તોભી ન મીટી કડવાઈ.

૧૫. નહિ બોલ્યામાં નવગુણ, સબસે ભલી ચૂપ.
બોલે તે બે ખાય, અબોલે ત્રણ ખાય.

[ બે બ્રાહ્મણોએ પોતાને જમવા માટે રસોઈમાં પાંચ લાડુ કર્યા હતા. પછી ઠરાવ કર્યો કે, જે બોલે તે બે લાડુ ખાય અને જે વધારે વખત મૌન રાખી શકે તેને ત્રણ લાડુ મળે. તેમાંથી જે ઉતાવળિયો

---

૧ ધ્રુવનો તારો અવિચળ છે.
૨ સ્વભાવ કોઈ દિવસ બદલાય નહિ.
૩ ચૂવો–કાચલી વગેરેનો અર્ક.
૪ ઝોડ–ભૂત–પ્રેતનો વળગાડ. ૫ ભૂવો–ડાકલાં વગાડી માણસને ધુણાવી વળગાડ કાઢનાર.

બ્રાહ્મણ હતો તે ધીરજ ન રાખી શક્યો અને બોલી ઊઠ્યો : 'ચાલ ખાઈ લઈએ. ક્યાં સુધી ભૂખે મરીશું ?' એટલે ઠરાવ પ્રમાણે તેને બે લાડુ મળ્યા અને પેલા મૌન રાખનાર બ્રાહ્મણને ત્રણ મળ્યા.]

मौनं सर्वार्थसाधनम् ।

૧૬. રાંડ્યા પછી ડહાપણ ને ગરથ ગયા પછી જ્ઞાન.
કાર્તિક મહિને કણબી ડાહ્યો.
અવસર ગયે બુધ ક્યા કરની ?
લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવું.
નાણું મળે પણ ટાણું ન મળે.
પીલુ ટાણે ચાંચ પાકી.
સસલો શિકારે આવ્યો ત્યારે કૂતરો મુતરાણો થયો.
અગલે દિન પીછે ગયે, હરસે કિયા ન હેત;
અબ પિછતાકે ક્યા કરે, જબ ચિડિયા ચુગ ગઈ ખેત.

૧૭. દાવ આવ્યે સોગટી મારવી. લાગે લાકડું બાંગે.
વા જોઈને વહાણ હંકારવું. વજ જોઈને ટાંકણું મારવું.

૧૮. દીકરા, મોટો થા, પરણાવશું.
(ખોટા વાયદા કરવા.)
રાણાજીનાં આંબાં.[૧] અગસ્ત્યના વાયદા.

તેમણે ત્યાં જ પોતાનું શરીર છોડી દીધું. એટલે વિંધ્ય પણ પોતાની નમેલી સ્થિતિમાં જ રહ્યો અને પરિણામે લોકોને તેના પર અવર-જવર કરવી સહેલી થઈ પડી. ]

સોમવતી અમાસ અને શુક્રવાર.
વાયદા ઉપર વાયદો, એમાં કોણ કાઢે ફાયદો ?
મુલતવી રાખ્યાનાં માઠાં ફળ.
તાળવે ગોળ ચોંટાડવો.
સઈની સાંજ ને મોચીનું વહાણું.
ઘાંયજાની બાયડી કહે: હું શું જાણું ?

૧૯. કામ કર્યાં તેણે કામણ કર્યાં.
કર્યું તે કામ, વીંધ્યું તે મોતી.

૨૦. મુફતકા ચંદન ઘસબે લાલિયા.
મુફતકે લડ્ડુ ખાઓ મેરે લાલ.

૨૧. ભાવતું હતું ને વૈદે કહ્યું.
રોતી હતી ને પિયરિયાં મળ્યાં.
ગાડું દેખી લાગે થાક, ઘોડા દેખી થાકે પાગ.

૨૨. દગા કિસીકા સગા નહિ. કિયા ન હોય તો કર દેખો.
એના ટાંટિયા એના ગળામાં. દાનત તેવી બરકત.
કપટ ત્યાં ચપટ. કૂડ ત્યાં ધૂળ.
જિસકી દાનત બૂરી, ઉસકે ગલે છૂરી.

૨૩. કરણી તેવી પાર ઊતરણી. વાવ્યાં તેવાં લણવાં.
હાથે તે સાથે. દીધવાન ફળ ભોગવવાં.
કલજુગ[1] નહિ કરજુગ[2] હે, એક હાથસેં લે, દૂસરે હાથસેં દે.

27597

૧ કલજુગ–કલિયુગ. ૨ કરજુગ–બે હાથ.

૨૪. વર વરો, કન્યા વરો, ગોરનું તરભાણું ભરો.

કિસીકા ઘર જલો, કિસીકા પૂત મરો, બંદા ખાવે ઓર તાપે.

આરતી ઉતારું ને મંગળ ગાઉં, બીજાને આપું ત્યારે હું શું ખાઉં?

મુડદાં બેહસ્ત[1] જાય કે દોજખ[2] જાય, આપણે તો છનાછની.[3]

ઘરનાં છોકરાં ઘંટી ચાટે, ઉપાધ્યાયને આટો.

૨૫. સૂંઠને ગાંગડે ગાંધી થવાય નહિ.

અધીં સોપારી ને હીરો દલાલ વેપારી.

બારા સુધી ભણી પંડિત થવાય નહિ.

૨૬. દોઢ વાંક વગર કજિયો થાય નહિ.

એક હાથે તાળી પડે નહિ.

રંગમાં ને પોતમાં બંનેમાં વાંક.

ગાળ દઈને ગાળ સાંભળવી.

૨૭. લીધાં લાડ અને ખાધાં ખાસડાં ફરીફરીને આવે નહિ.

આડી રાત તેની શી વાત? કોણે દીઠી કાલ?

૨૮. સૂરજ સામી ધૂળ નાખીએ તો આંખમાં પડે.

પથ્થરને બચકું ભરીએ તો પોતાના દાંત પડે.

હાથી પાછળ કૂતરાં ઘણાં ભસે છે.

મોટાની વાત કરીએ તો વાયુમોતે મરીએ.

૨૯. ગોળે મરે તેને વિષથી મારીએ નહિ.

ચીડી જ્ઞન, સર્વ કાર્ય સિદ્ધ.

જબાં શીરીં તો મુલકગીરી.

૩૦. પોથીમાંનાં રીંગણાં.

[એક પંડિતે કથામાં કહેલું: 'રીંગણાં ન ખાવ.' પણ એક ડોશી બીજે દિવસે ભાગવત પર ભેટ મૂકવા રીંગણાં લઈ આવ્યાં, તે તેમણે સ્વીકાર્યાં. ડોશી પૂછે છેઃ 'કાલે તો તમે ના કહેતા હતા અને આજે આ રીંગણાં કેમ સ્વીકાર્યાં?' ત્યારે પંડિતે જવાબ આપ્યો: 'એ તો પોથીમાંનાં રીંગણાં;' અર્થાત્ કહેણી જુદી અને રહેણી જુદી.]

ડાહી સાસરે ન જાય ને ઘેલીને શિખામણ દે.
ઘેલી સાસરે ન જાય અને ડાહીને શિખામણ દે.

૩૧. હૈયે તેવું હોઠે.[1]
પતકાળું[2] ચોરેલું તે મોં પર આવી ગયું.
કોણ કહે છે રાંપીનો ઘા?[3]
મારો રૂપિયો શું ખાય છે?[4]

૩૨. સાચને આંચ નહિ. સાચ તરે ને જૂઠ બૂડે.
સાચે રાચે જગપતિ. સત્યકી જિકર, ખુદાકું ફિકર.
દાનત પાક તેને શાનીધાક? સત્યકા બેલી રામ.
ખરાને ખેરસલ્લા, ખોટાને ખલ્લાં.[5]

---

૧ મનમાં જે વાત રમતી હોય તે બોલાઈ જવાય.

૨ પતકાળું–તણખલું.

૩ રાંપી એક જાતનું હથિયાર છે. જે માણસે રાંપીથી ઘા કરેલો તે જ આવીને બોલી ઊઠ્યો. તે પરથી સાબિત થઈ ગયું કે તેણે જ ઘા કર્યો છે.

૪ ખોટા રૂપિયાવાળો પોતે જ બોલી ગયો.

૫ ખલ્લાં–ખાસડાં.

૩૩. ભરમ ભારી ને ખિસ્સાં ખાલી.[1]
મૂછે ચોપડવા તેલ નહિ ને કહેલીએ દીવા કરે.
નામ રાખ્યું ધનાશા ને ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે.
ઢમઢોલ ને માંહે પોલ. નામ મોટાં ને દર્શન ખોટાં.
શેખાઈ શાહજાદાની ને કસબ ભાટભૂંજાનો.
ક્યા કરે નર ફાંકડા કે થેલીકા મેં સાંકડા.
ઘરમાં આડીશેરીની[2] ઊટે ને બહાર મૂછો મરડે.
ઉપર વાગા ને માંહે નાગા.
તમાચો મારી મોં લાલ રાખવું.
પાસે ન મળે કોડી ને ઊભી બજાર દોડી.
પેટમાં પૂમડું પાણી નહિ ને નામ મારું દરિયાવખાં.
અધૂરો ઘડો છલકાય.

૩૪. ખપ તેની છોક નહિ. આરત તેની આભડછેટ નહિ.
માથે ઓઢી ચાદર એટલે જ્યાં બેઠા ત્યાં પાદર.
વહાલામાં વટાળ નહિ.

૩૫. સંગ તેવો રંગ. વાન ન આવે પણ સાન આવે.
ગધેડા સાથે ઘોડું બાંધે, તો ભૂકતાં ન શીખે
પણ આળોટતાં શીખે.
દાળની સોબતથી ચોખો નર મટી નારી થયો.[3]
જેને જેવો વાસ તેને તેવો પાસ.
પડોશીનું કરમ ન આવે પણ સાંઝ[4] તો આવે.

૩૬. વા વાત લઈ જાય. માઠા ખબર વીજળીવેગે જાય.

૩૭. નબળો સબળાને ગુણ કરે તે આટાલૂણમાં જાય.[1]

સમુદ્ર આગળ લૂણ[2]ની ભેટ.

મોટાની ગાં–માં પેસીએ તો ચગદાઈ મરીએ.

[એક હાથી તળાવમાં નાહવા ગયો, તે ત્યાં જ મરી ગયો. તેના શબનું માંસ બહુ દિવસ સુધી ખાવા મળશે એમ ધારીને એક શિયાળ તેની પૂંઠ વાટે પેસી ગયું. તે વખતે તળાવના પાણીથી તેની પૂંઠ નરમ અને પહોળી બની ગઈ હતી. બહુ દિવસ સુધી તે હાથીનું માંસ ખાતું અને પૂંઠમાંથી મોં બહાર કાઢી તળાવનું પાણી પીતું. એમ કરતાં કરતાં ઉનાળો આવ્યો. તળાવનું પાણી સુકાયું. પરિણામે હાથીની પૂંઠનું ચામડું પણ સુકાયું અને કઠણ થયું; એટલે શિયાળ તેના પેટમાંથી બહાર નીકળી શક્યું નહિ. એટલામાં ત્યાં થઈને ઊડતાં ચકલાંને તેણે તળાવનું રહ્યુંસહ્યું પાણી હાથીની પૂંઠ પર નાખવાની વિનતિ કરી. ચકલાંએ ઘણા દિવસ સુધી તે પ્રમાણે કર્યું, ત્યારે પૂંઠનું ચામડું પલળ્યું અને શિયાળ જોર કરી બહાર નીકળી આવ્યું. ચકલાંએ જ્યારે શિયાળની દુર્દશાનું કારણ પૂછ્યું ત્યારે તે ઉપરનું વાક્ય બોલ્યું.]

૩૮. બોલ બોલ્યા તે મોંમાં પાછો પેસે નહિ.

સો ગળણે ગળીને વાત કરીએ.

થૂંક્યું પાછું ગળાય નહિ.

૩૯. ટૂટીની બુટ્ટી નહિ.[3]

મરતાં માટીને બાપ કહે તોપણ જીવે નહિ.

નવ્વાણું ઓસડ, સોમું ઓસડ નહિ.

---

૧ તે કંઈ ગણતરીમાં નહિ, વિસાતમાં નહિ.

૨ લૂણ–મીઠું.

૩ મરવાનું આવે તેમાંથી કોઈ બચી શકે નહિ.

કોઠીમાં ઘાલ્યાં જીવે નહિ.

૪૦. દામ કરે કામ, લોંડી કરે સલામ.

લક્ષ્મીના સાળા ઘણા.

દાદા મામા ગાવાના, પાસે હોય તે ખાવાના.

લીલા વનના સૂડા ઘણા. હાથ પોલો તો જગ ગોલો.

અનેના[1] ત્યાં સુધી તનેનાં.

જર બસિયાર, મદદ હોશિયાર.

ખિસ્સાં તર તો ચાહે સો કર.

જર કરે દરિયામાં ઘર.

ગાંઠે હોય ધન, સૌ હાજર જન.

૪૧. વસુ વિના નર પશુ. લક્ષ્મી વિનાનો લપોડ.

[એક શેઠ હતા. તે બહુ શ્રીમંત હતા. તેમનો પુત્ર બહુ લાડકોડમાં ઉછર્યો હતો. બધા તેને રમાડતા અને ભાઈ, ભાઈ કરતાં આઘા થઈ જતા. શેઠ ગુજરી ગયા. છોકરો ગાદી ઉપર બેઠો. દુર્ભાગ્યે તેમની લક્ષ્મી વેપારમાં જતી રહી એટલે જે બીજા વેપારીઓ, મુનીમો, વાણોતરો તેને માન આપતા હતા, તે તેને 'લપોડ જેવો છે' એમ કહી તેનો તિરસ્કાર કરવા લાગ્યા. વેપાર કર્યે ફરી પાછી તેના પર ભાગ્યદેવીની કૃપા ઊતરી. તેનાં વિદેશ પ્રદેશમાં વહાણ અઢળક ધન કમાઈ પાછાં વળ્યાં. ફરી પાછા આગળના લોકો અને વેપારીઓ તેને સારા શબ્દોથી માનપૂર્વક સંબોધી 'જે જે' કરવા લાગ્યા, ત્યારે તે કહેતો: 'હે લક્ષ્મીમાતા, આ બધા તમને 'જે જે' કરે છે. બધા તમારા પ્રતાપ છે હું તો માત્ર સાક્ષીરૂપ છું.']

ગરથ વિનાનો ગાંગલો. ગરીબનું નસીબ ગરીબ.

૪૨. કેડમાં છોકરું ને ગામમાં ઢંઢેરો.

---

૧ અનેના—કોઠીમાં અન્ન.

બેટા બગલમેં, ઢૂંઢ જંગલમેં.

પગ તળે બળે તે જુએ નહિ ને લંકા હોલવવા જાય.[1]

ભલભલા કુંવારા ને વાંઢા કહે મારે બે.

મોંને મરચું મળે નહિ ને ગાં–ને ગુંદરપાક.

પીડા પતી, તો કહે પગે જ વળગી છે.

[ એક માણસને ત્યાં મહેમાન આવ્યો. તેને ટાળવા તે માંદો હોવાનો ઢોંગ કરી સૂતો. તેની સ્ત્રી તેના પગ દાબવા બેઠી. મહેમાન બહારના ખંડમાં મૂંગોમૂંગો બેઠો હતો. થોડીક વારે કામ હોવાથી સ્ત્રી રસોડામાં ગઈ તે ન જાણતાં ઘરધણીએ કહ્યું : 'પેલી પીડા પતી ? અર્થાત્ પેલો મહેમાન ગયો ?' ત્યારે મહેમાન બોલ્યો : 'પગે જ વળગી છે.' તેનો અવાજ ઓળખી ઘરધણી ઝંખવાણો પડી ગયો અને મનેકમને પણ તેણે પરોણાની ખાતરબરદાસ્ત કરી. ]

૪૩. ડહાપણ કોઈના બાપનું નથી.[2]

ગુણવાનના હજાર ઘરાક.

રીતભાત જાણે તેને સૌ વખાણે.

૪૪. વીતી હોય તે જાણે, એ દરદીની બલા જાણે.

જેના પેટ પર સાપ પડ્યો હોય તે ઉછાળે.

બિલાડીને રમત, ઉંદરનો જીવ જાય.

હાડિયાને રમત, દેડકાનો જીવ જાય.

૪૫. પથ્થર ઉપર પાણી.[3]

સો મણ સાબુએ ધુઓ, પણ સીદીભાઈ કાળા ને કાળા.

૪૬. ફાંસ કાઢતાં પેસે સાલ. કડી લેતાં પાટણ ગયું.

---

૧ પાસેની વાતોને વિચારે નહિ અને દૂરદૂરની વાતો કરે.

૨ અર્થાત્ ઈશ્વરે જેને જે આપ્યું છે તે તેનું છે.

૩ જડબુદ્ધિનો માણસ સમજે જ નહિ.

હાથમેં દંડા બગલમેં મોઈ, હવેલી[1] લેતાં ગુજરાત ખોઈ.
આણુ લેતાં જાંબુ[2] ગયું.
લેને ગઈ પૂત, તો ખો આઈ ખસમ.[3]

૪૭. બોલે તેનાં બોર વેચાય. ગાજે તેનું વાજે.
માગ્યા વગર મા પણ ન પીરસે.
રોયા વગર છોકરાંને મા ધવડાવે નહિ.

૪૮. આજ રાજા, કાલે રાંક. આજ અમીર, કાલે ફકીર.
તડકા છાંયડા ચાલ્યા જાય છે. વેળાવેળાની છાંયડી.

૪૯. વૈદ્ય વૈદ્યનો વેરી. જાત જાતનું ખોદે.
બિલ્લાં, બ્રાહ્મણ ને કૂતરાં એ જાતને અણુરાગ.
પાડાખાર પડ્યા છે.[4]

૫૦. જેનાં કામ તે તેથી થાય, બીજા કરે તે ખત્તા ખાય.
આવડે નહિ ઘેંસ ને રાંધવા પેસ.
અજાણ્યો ઉપાધ્યાય બગાડું ઘી ઢોળે.
નરેણીથી નખ ઊતરે, માથું ખોદાય નહિ.

૫૧. દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી.
એક પંથ દો કાજ.
માનીએ ત્યાં સુધી શાલિગ્રામ નીકર ઉપરવટણું.[5]
ગાજરની પિપૂડી વાગી તો વાગી નીકર કરડી ખાધી.

---

૧ હવેલી ગામનું નામ છે.
૨ જાંબુ ઊમરી રાજ્યમાંના એક ગામનું નામ છે.
૩ ખસમ-ધણી.
૪ પાડા પાડાને [illegible] છે.
૫ ઉપરવટણું-[illegible].

૫૨. બે ઘોડે ચઢાય નહિ. બે ઘરનો પરોણો ભૂખે મરે.
બે ગોળીનો ચૈડવો. અદ્ધકદ્ધકિયો કોઈનો નહિ.
દહીંમાં ને દૂધમાં પગ ન રખાય.
હસવું ને ભસવું સાથે બને નહિ.
નાતો[1] ને નાણું બે રખાય નહિ.

૫૩. સહિયારી સાસુ ને ઉકરડે મોકાણ.
બારૈયાનું બારે વાટે. સહિયારાથી સિંહ હાર્યો છે.

૫૪. દીવા પાછળ અંધારું.
મોર કળા કરે પણ પાછળથી નાગો દેખાય.

૫૫. બહુ તાંતણુ બળિયું.

[ એક વાણિયાના ઘરમાં ચોર પેઠો. વાણિયો જાગતો હતો. ચોર થાંભલાને ઓઠે સંતાયો. વાણિયાએ યુક્તિ કરી. પોતાની સ્ત્રીને જગાડી તેણે કહ્યું : 'મને સ્વપ્ન આવ્યું છે. કાલે સૂતરના ભાવ તેજ થશે માટે સૂતર કાઢ. જોઈએ કેટલું છે?' સ્ત્રીએ સૂતર કાઢ્યું. વાણિયાએ આંટી ઉપર આંટી થાંભલાની આસપાસ વીંટવા માંડી. ચોરના મનમાં કે 'કાચું સૂતર તોડતાં કેટલી વાર? હમણાં વાણિયો ઊંઘી જશે એટલે સૂતર તોડી નાસી જઈશ.' વાણિયો તો સૂતરની આંટીઓ થાંભલે વીંટતો જાય અને કહેતો જાવ: 'બહુ તાંતણુ બળિયું.' (અર્થાત્ બહુ તાંતણા ભેગા થાય તો તે બળવાન બને છે, તેને તોડવા અઘરા પડે છે.) ચોર પૂરો જકડાઈ ગયો એટલે વાણિયે બૂમ પાડી પોલીસને બોલાવી તેને હવાલે કર્યો.]

પંચકી લાકડી એકકા બોજ.[2]

---

૧ નાતો–મહોબતનો સંબંધ.

૨ પંચ મળીને થોડું થોડું ખર્ચ ઉપાડી લે તો કોઈને ભારરૂપ ન લાગે, જ્યારે એક માણસને માથે પડે તો તે બોજારૂપ લાગે.

ઝાઝી કીડીઓ સાપને તાણે. જૂથ ત્યાં સૂધ.[1]
પાંચ આંગળીએ પોંચો સણદો.[2]
મોર પીંછે રળિયામણો. ઝાઝા હાથ રળિયામણા.

૫૬. સાસ ત્યાં સુધી શોષ. જીવે ત્યાં સુધી જંજાળ.
દમ ત્યાં લગી દવા.

૫૭. આશા અમર છે.

૫૮. વિનાશકાળે વિપરીત બુદ્ધિ.
અલ્લા રૂઠ્યા ક્યા કરે, અવળી મતિયાં દેત.

૫૯. રંડીકા જી હુંડીમેં. સુતારનું મન બાવળિયે.
બમ્મનકા જી લાડુ મેં, ઊંટનું મન આંખરાંમાં.
જોગીને વહાલાં તુંબડાં ને ભોગીને વહાલા ભોગ.

૬૦. સોડ પ્રમાણે સાથરો કરવો.
ગજા પ્રમાણે ગાતર કરવી. ઘર પ્રમાણે બારસાખ.
પાથરણું જોઈ પગ તાણવા.
ઘંટી પ્રમાણે ઓરણું ને ચૂલા પ્રમાણે ખોયણું.
લાંબાની સાથે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.

૬૧. વિવાહમાં પોળ[3] ને કંસારમાં ગોળ.
ઊલળે ગાડે આ ગણેશ?[4]
વખતનાં વાજાં વખતે વાગે.
મરણમાં રાજિયા અને વિવાહમાં પોળ.

---

૧ સૂધ—ન્યાયાની.
૨ સણદો—મજબૂત.
૩ પોળ—[illegible]
૪ [illegible] 'ગણેશ' [illegible]

૬૨. બેસીએ જોઈ તો ઉઠાડે નહિ કોઈ.

૬૩. સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ.
ઘોડે જારણાજરી, ઘોડે નાર પાધરી;
ઘોડે ડોબું દોહવા દે, ઘોડે છોકરું છાનું રહે.

૬૪. પાણી વલોવે માખણ ન નીકળે.
હાથ ચાટવાથી ભૂખ ન ભાંગે.
વેળુ પીલે તેલ ન નીકળે.[1]
ગધેડાનાં લીંડાંના પાપડ ન થાય.
કુશકા ખાંડે ચોખા ન મળે.
દાતણ વેચે દળદર ન જાય. થૂંકે પડા[2] ન વળાય.

૬૫. લીલી ડાળ જેમ વાળીએ તેમ વળે.
પાકે ઘડે કાંઠા ન ચઢે.
કૂણું ઝાડ જેમ વાળીએ તેમ વળે.
બારે બુદ્ધિ, સોળે સાન, નહિ તો પથ્થર પહાણ.

૬૬. એકને પાપે વહાણ ડૂબે.
એક ચિનગારી વન બાળે.

૬૭. ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે?
ભેંસના મોં આગળ ભાગવત.
હીરાની પરીક્ષા ઝવેરી જાણે.
અંધા આગળ આરસી ને બહેરા આગળ શંખ.
શેખ શું જાણે સાબુનો ભાવ?
મૂંડો શું જાણે મજીઠનો ભાવ?

---

૧ વેળુ–રેતી.
૨ પડા–તમાકુના પડા.

૬૮. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
આંધળામાં કાણો રાજિયો.
નહિ મામા કરતાં કહેણો મામો સારો.

૬૯. નગારખાનામાં તૂતીનો અવાજ શો સંભળાય?
તોપના ભડકામાં તાળીનો શો આશરો?
ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી?
દરિયા આગળ ખાબોચિયું. હાથીની ગાં–માં કુરટે.
ક્યાં કીડી ને ક્યાં કુંજર? કનક આગળ કથીર.

૭૦. જાગતાની પાડી ને ઊંઘતાનો પાડો.[1]
ઊંઘતી બિલાડી ઉંદર પકડે નહિ.
જાગેગા સો પાવેગા, સોવેગા સો ખોવેગા.

૭૧. ધણીને સૂઝે ઢાંકણીમાં, પરાયાને અરીસામાં પણ ન સૂઝે.[2]
સો વરસનો સુતાર ને પાંચ વરસનો ઘરધણી.

૭૨. આંખે દીઠાનું ઝેર. દેખીએ તો દાઝવાનું.
ઉંબરેથી ઊતર્યો કે દેરેથી વિસર્યો.
આંખથી અદીઠ તે મનથી અદીઠ.
જોવું નહિ ને રોવું નહિ. દેખવું નહિ ને દાઝવું નહિ.

૭૩. સંઘર્યો સાપ પણ કામ આવે છે.
ભૂતનો ગે અપ ઘટે છે.

૭૪. રોગ, આગ ને ઋણ ઊગતાં ડાંભવાં.[3]

૭૫. ધરમના કામમાં ઢીલ નહિ. જાતે ઘાલે મજમજો.

1 [illegible]
2 [illegible]
3 ડાંભવાં–દાબી દેવાં.

૭૬. ભસતા કુત્તા કાટે નહિ. ગાજ્યા મેઘ વરસે નહિ.
૭૭. થૂંક ઉડાડે તે થોથાં. બહુ બોલે તે વાયડા.
વડાને વિકાર નહિ.
મોટા તે મોટા કે જેનાં પેટ મોટાં.
૭૮. માથું મૂંડાવે તે જતિ નહિ ને ઘૂંઘટો તાણે તે સતી નહિ.
પાઘડી પહેરવાથી ભાયડા થવાય નહિ.
૭૯. મન ચંગા[1] તો કથરોટમાં ગંગા.
મન શશી તો શું કરે ગયા-કાશી?
યકીન[2] બડા કે દેવ?
મન મથુરા, ચિત્ત કાશી, હૈડે શાલિગ્રામ.
૮૦. તરત દાન મહાપુણ્ય. કૂડાં કામને મુહૂર્ત શું?
દેવું ત્યારે વાયદો શો?
૮૧. દલાલે દેવાળું નહિ ને મસીદે ખાતર નહિ.
અરો હાથ, પરો હાથ, રક્ષા કરે ગુરુ ગોરખનાથ.
મફતનું ખાવું ને મસીદે સૂવું.
નાગો નહાય શું ને નીચોવે શું?
હાથમાં સુશળ, જ્યાં પડ્યા ત્યાં ખેમ ને કુશળ.
લે લોટી ને માર લંગોટી.
આગળ બેઠે ધરાળ નહિ ને પાછળ બેઠે ઉલાળ નહિ.
૮૨. નાંગો માણસ સૌથી આઘો. નાગે ફૂલે ફતેહખાં.
જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ.
છત્રપતિ કે પત્રપતિ.[3] નાગો ઘૂમે કે જાગો[4] ઘૂમે.

---

૧ ચંગા—પવિત્ર
૨ યકીન—શ્રદ્ધા.
૩ પત્ર—રામપાત્ર, શકોરું.
૪ જાગો—પૈસાવાળો.

નાગાને કૂલે બાવળિયો ઊગ્યો, તો કહે છાંયડો થયો.
ન કરું વરો, જમું ખરો ને મને શેઠ કરો.
માથે નાખ્યો છેડો, પછી ગમે તેમ ખેડો.
સવાલ: કિસ કારન એ નાચત ગદ્ધા?
જવાબ: આગે નાથ[1] ન પીછે બંધા,[2] ઈસ કારન એ નાચત ગદ્ધા.

૮૩. ખાળે ડૂચા ને બારણું ઉઘાડાં.
છાશનો લોભ ને ઘીની મોકળ.[3]
કોડી કોડીમાં કૃપણ ને રૂપિયે દાતાર.
અધશેર સારુ ડોઈ[4]એ જાય, દોઢ શેર ઘરમાં ઉંદર ખાય. નેફ્રું[5] તાણું.

૮૪. નાદાનની દોસ્તી જીવનું જોખમ.

૮૫. બળિયાના બે ભાગ. જોરાવર જીતે.
હમારા બી લગતા હૈ. જબરાની પાંચશેરી બારે.
જિસકી તેગ[6] ઉસકી દેગ.
મારતા મિયાંની દુનિયા.

૮૬. માગ્યું આપે તે મિત્ર.
દુઃખ પડે ત્યારે દોસ્તની પરીક્ષા.
સજ્જન વનવેલી ભલી, કરે આદરું પ્રીત;
સૂકે પણ મૂકે નહિ, એ સજ્જનની રીત.

૮૭. જાન વિના જાન પડે નહિ.[7]

---

૧ નાથ—નાકમાં નાખેલી જનાવરની દોરી. ૨ બંધા—બંધન
૩ મોકળ—છૂટ. ૪ ડોઈ—કડછાથી.
૫ નેફ્રું—ચડ્ડિયાંની દોરી. ૬ તેગ—તલવાર.
૭ [illegible]

ભીંત વગર ભાર ઝીલે નહિ.
ખાનદાન વગર ખેર ઝવાહી નહિ.

૮૮. ગા કહેતાં ગાય ને ભણ કહેતાં ભણે,
એવા દીકરા તો કોક મા જણે.

૮૯. નાચવું નહિ ત્યારે આંગણું વાંકું.[1]
લખવું નહિ ત્યારે લેખણનો વાંક.

૯૦. બેની લડાઈમાં ત્રીજાને લાભ.
તરડ પડે ત્યારે આંગળી ખોસાય.
ઘર ફૂટયે ઘર જાય.
બે બિલાડી ને વાંદરાવાળી વાત.

[બે બિલાડીઓ રોટલી લઈ આવી. માંહોમાંહે ભાગ વહેંચતાં તકરાર પડી. ન્યાય કરાવવા તે વાંદરા પાસે ગઈ. વાંદરે ત્રાજવામાં રોટલીના બે ટુકડા કરીને મૂક્યા. મોટો ટુકડો હોય તેમાંથી તે બટકું ભરે, એમ કરતાં કરતાં બધી રોટલી તે ખાઈ ગયો ને બિલાડીઓના ભાગે કંઈ જ ન રહ્યું.]

૯૧. ભસતા કૂતરાને રોટલો નાખવો.[2]
દુશ્મનના ડાચામાં નાખવાથી દબાય.
ચાડિયાનું મોં ચાંપવું.
મૃદંગનું ચામડું લોટ લગાવી કૂટે તો મધુરું બોલે.

૯૨. સમાણુસ[3] વળે વાતે, કમાણુસ વળે લાતે.
બેવકૂફી કોઈના બાપની નથી.[4]
મૂરખનાં ગામ જુદાં નથી વસતાં.

---

૧ નહિ કરવાનાં હજાર બહાનાં. ૨ તેથી તે ચૂપ રહે.
૩ સમાસણ–સારો માણસ. ૪ જે કરે તેની છે.

મૂરખને માથે શિંગડાં ન હોય.
આકીલકુ[1] ઇશારા, ગધ્ધેકુ ચાબુક.

૯૩. નવરો બેઠો નખોદ વાળે.
નવરો હાથ ઉતરડ ફોડે.
નવરો બ્રાહ્મણ નિત્ય[2] કરે કે નિંદા કરે.
નવરા બેઠા કામ કરો, વાણુ[3] ઉકેલી ખાટલો ભરો.

૯૪. પેટમાં તે પેટીમાં ને હોઠ બહાર તે કોટ બહાર.
વાડ સાંભળે, વાડનો કાંટો સાંભળે.
ભીંતને પણ કાન હોય છે.
વાત ન કરીએ વાટે, વાત ન કરીએ ઘાટે ને વાત ન
કરીએ રાતે.
આબરૂ રાખવી જોઈને, વાત ન કરીએ કોઈને.
પેટ દેવું જોઈને, નહિ તો કહેવું ન કોઈને.

૯૫. ધીરજનાં ફળ મીઠાં છે.
સબૂરીનો બદલો સાહેબ આપે.
તેલ જુઓ, તેલની ધાર જુઓ.

૯૬. ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.
બહુ ભૂખ્યા બે હાથે ખવાય નહિ.
પગથિયે પગથિયે ચઢાય. ઉતાવળે આંબા પાકે નહિ.
ઉતાવળે દોડે તે અથડાઈ પડે.
ઉતાવળમાં કાચું કપાય.
આવતી ધાડે ઝેર ખવાય?

૧ આકીલ—અક્કલવાળો. ૨ નિત્ય—નિત્યકર્મ.
૩ વાણુ—ખાટલો ભરવાની દોરી.

૯૭. બિલાડીને દૂધ ભળાવવું.[1]
દાણીને ઘેર છાંટ[2] ઉતારવી.
વાંઢાને વેવિશાળ કરવા મોકલ્યો, તે પોતાનું કરી આવ્યો.

૯૮. છાણનો કીડો ઘીમાં મરે.
વનચરને વસ્તી સાથે વેર.
સાકર ગળી પણ ગધેડાને ઝેર.
વિષ્ટાનો કીડો કમળમાં મરે.
ખારા જળનું માછલું તે મીઠા જળમાં મરે.

૯૯. ચોરની ગત ચોર જાણે.
ચોરનાં પગલાં ચોર ઓળખે.

૧૦૦. વોળાવિયા ને વાટપાડુ.
માંહેના માંહે ને બહારના બહાર.
મોઢે જી, જી ને અંતરમાં બીજી.
ધણીને કહેશે ધા ને ચોરને કહેશે નાસ.

૧૦૧. લેણું હજો લાખ, દેણું ન હજો દોકડો.
જેના ઉપર ઋણ ગાજે તેનું કંઈ ન છાજે.
કરજદાર આખર ખુવારી. કરજિયું તે દરદિયું.

૧૦૨. બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.
ઠામ તેવી ઠીકરી, મા તેવી દીકરી.
ખેતર તેવાં વેતર, ઝાડ તેવાં ફળ.
ગાંડાનું ગોતર ગાંડું, વીસ વસા મોસાળ.
હુલાવી ખીચડી ને મહુલાવી[3] દીકરી.

---

૧ એટલે તે પી જ જાય. ૨ છાંટ–દાણાની ગુણ.
૩ મહુલાવી–લાડ લડાવેલી.

બે ગોળા મોકમચંદને વેચ્યા હતા તેની જુબાની પૂરી. જે જે શેઠને તે જાતના ગોળા કુંભારે આપેલા તેમને સૌને તે ગોળા દરબારમાં રજૂ કરવા બાદશાહે હુકમ કર્યો. બધાએ ગોળા રજૂ કર્યા. મોકમચંદ એક જ ગોળો લઈ આવ્યો. બીજા ગોળા માટે સવાલ કરતાં, તેણે 'પાણી ભરનાર બાઈએ ફોડી નાખ્યો' એવું કહ્યું. બાઈને બોલાવી તેણે કહ્યું: 'ખોટી વાત છે. કાલ સુધી તેના ઘરમાં બે ગોળા હતા.' દાબ દેતાં મોકમચંદે પોતાનો બધો ગુનો કબૂલ કર્યો. બાદશાહે તેને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. પોતાના દીવાનને કહ્યું: 'તમને પણ તેજ શિક્ષા થશે. તમે કહેલું: તુખમે તાસીર–કુળ પ્રમાણે ગુણ હોય. વાણિયાનો દીકરો ખૂન કરે નહિ.' દીવાને કહ્યું: 'જહાંપનાહ, બરાબર તપાસ કરો કે આ કોનો છોકરો છે.' બાદશાહે મોકમચંદની માને બોલાવી. તેણે એકાંતમાં બધી કસાઈની વાત કહી. બાદશાહે કસાઈને યોગ્ય સજા કરી. મોકમચંદની માને દીકરી ગણી યોગ્ય કરિયાવર કર્યું. મોકમચંદને ગરદન માર્યો અને બાદશાહે દીવાનને કહ્યું: 'શાબાશ વજીરજી, તમારી વાત ખરી છે. તુખમે તાસીર.']

૧૦૩. લોકવાણી તે દેવવાણી.
પંચ બોલ્યા તે પરમેશ્વર બોલ્યા.
ખલકકી જબાન, ખુદાકા નગારા.
પંચ બોલ્યા તે પ્રમાણ.

૧૦૪. પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં બારણાંમાંથી.
સપરમું પર્વ સવારમાંથી જણાય.
રોતો જાય તે મૂઆની ખબર લાવે.
જેસલો રાજા ને આવતી વહુનો બાર પડ્યો તે પડ્યો.

૧૦૫. બાપ ગયા ને ત્રિશોટા રહ્યા.
રાજમહેલ ગયા ને ચોતાં રહ્યાં.

રજ ગયે, રજપૂત ગયે, તાબૂત રહે.
ઠાકોર ગયા ને ઠગ રહ્યા.

૧૦૬. માંડ અસવાર ને મોડો ચડે.
માંડ કમાઉ ને મોડો ઊઠે.
જેને હગતાં વાર, જેને જમતાં વાર;
તેના કામમાં શો ભલીવાર?
મોતની આળસે જીવે છે.
શેક્યો પાપડ ભાંગે તેમ નથી.
મોં પરથી માંખ ઊડતી નથી.

૧૦૭. ચોરનો ભાઈ ઘંટીચોર.
જેસી ફૂના ફકીરકી, વેસા સાંઈ નખ્ખોદ.
જેવો જાલીઓ જોગી, તેવી મકવાણી પાલી.
આવો ભાઈ હરખા, આપણ સૌ સરખા.
આંધળાને હૈયાફૂટા મળે.
જેવી લુચ્ચી લાલબાઈ તેવો ભડવો ભીમ.
સવાલ: મા, મેં ભલા કે મેરા ભાઈ?
જવાબ: તું મૂઆ ઢેડ, ઓર વો કસાઈ.
જેસેકુ તેસા મિલા, મિલા બમનકુ નાઈ;
એકને દીખાઈ આરસી, એકે ઘંટ બજાઈ.

૧૦૮. વાંઢાને ઘેર વલોણું, વાંઝિયાને ઘેર પારણું.
ઉપવાસીને ઘેર ઢોકળાં. બ્રાહ્મણવાડે ક્ષાતિયા.[1]

૧૦૯. મસાણ ગયાં મુડદાં પાછાં આવે નહિ.
ઊંટે ગળ્યાં તે લીંડાં.

---
૧ અશક્ય બાબતો.

ગાંગે ગળ્યાં ગટ, તેના નહિ કાગળ કે ખત.
મૂએલાં માથું ઊંચકે નહિ.
ભાંગ્યું ઠામ ઠંસારે જાય.

૧૧૦. હણતાને હણીએ, તેનો પાપદોષ ન ગણીએ.
વીંછીના મોંને ખાસડું.
લાત સાટે લાત, તેમાં કોણ ગણે ઘાત?

૧૧૧. ઉપકારને બદલે અપકાર. ગુણનો બાઈ દોષ.
દયા ડાકણ થઈને ખાય. ખાઈને ખાસડાં મારે.
જશને બદલે જૂતિયાં. દૂધ પાઈને સાપ ઉછેરવો.

૧૧૨. મોટાનું દુઃખ મોટું. સંપત તેવી વિપત.
વળીની ગાં–માં એક ખીલો, મોભની ગાં–માં સો ખીલા.

૧૧૩. લોભે લક્ષણ જાય.
લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે.
અતિ લોભ તે પાપનું મૂળ. પાપનો બાપ લોભ.

૧૧૪. મુખમેં રામ, બગલમેં છુરી, ભગત ભયા પણ દાનત બૂરી.
બોલવાનું મીઠું, આપવાનું ઠોઠું ને ન પટે દીઠું.[1]
હરિગુણ ગાતી ને હૈયામાં કાતી.[2]
મોંના મીઠા ને હૈયાના મેલા.
હાથમાં માળા ને પેટમાં લાળા
જાહેર રહેમાનકા, બાતીન[3] શયતાનકા.
બગભગત[4] ને ઠગભગત.

આપવા–લેવાનાં કાટલાં જુદાં.

બાવો બેઠો જપે ને જે આવે તે ખપે.

રામનામ જપના, પરાયા માલ અપના.

લીટેલીટે ચાલો મારા ભાઈલા, ખાડામાં છે ગદબદિયાં.[1]

[બે કોળી અનેક તીર્થસ્થાનોએ જાત્રા કરી ઘેર આવ્યા. પોતાના ગામને પાદરે એક ખાડામાં ખૂબ માછલાં જોયાં, પણ પાસે કંઈ સાધન ન હોવાથી પોતાની લાકડીથી લીટા દોરતા દોરતા ઘેર ગયા. ઘેર જઈ પોતાનાં કુટુંબીઓને તેઓ આ વાક્ય કહે છે. પછી બધા કોળી લોકો તે લીટલીટે તે ખાડા પાસે જઈ, ખૂબ માછલાં મારી લાવ્યા; અર્થાત્ તીર્થયાત્રા કર્યા છતાં તે કોળીનું મન તો માછલાંમાં જ હતું.]

વાઘના ઉપવાસમાં પણ ભેદ સમજવો.

[એક વાઘે પોતે ઘરડો અને અશક્ત હોવાથી ઉપવાસ કર્યો છે એમ વનમાં જાહેર કર્યું. ઘણાં નાનાં પ્રાણીઓ તેની પાસે આવ્યાં. તેમને તેણે જવા દીધાં. વાત વનમાં ફેલાઈ અને અનેક પશુઓ હવે તેની પાસે નિર્ભયતાથી જવા લાગ્યાં. આખરે એક મોટો ગોધો તેની પાસે આવ્યો, ત્યારે તેને તેણે ફાડી ખાધો અને તેનું માંસ તેને બહુ દિવસ સુધી ચાલ્યું.]

૧૧૫. પાડાને દરદ ને પખાલીને ડામ.

કરે કોક ને ભોગવે બીજો.

દુખે પેટ ને કૂટે માથું.

જમવામાં જગલો ને કૂટવામાં ભગલો.

કરડે માંકણ ને માર ખાય ખાટલો.

ખાયપીએ ખાંડણી ને કુટાઈ મરે સૂપડું.

૧ ગદબદિયાં–માછલાં.

ખાઈ જાય ખોડી[૧] ને માર પડે કુરેડીને.[૨]

૧૧૬. રાજાને ગમી તે રાણી, છાણાં વીણતી આણી.
દિલ લગા વો સગા.
ઈશક લગા મેંડકીસે,[૩] પદમણી ક્યા ચીજ હૈ?
વ્યભિચાર કરે ખુવાર.
હુગાણું ને કામી બાર ગાઉ ઉજ્જડ દેખે.
ઈશ્ક આંધળો છે.

૧૧૭. ગમે તેની ગાં–ગમે, ન ગમે તેનું મોંય ન ગમે.
માથાના વાળ પગે લોહીએ, તોય કહેશે ખૂંચે છે.
માથું કાપી ઓશીકે મૂકીએ, તોપણ કહેશે ખૂંચે છે.

૧૧૮. ટટ્ટુને મારે ને તેજી કાંપે.
કહેવું સાસુને ને સમજાવવું વહુને.
ગધેડાને ડફણાં, ઘોડાને ઈશારત.
શાણા સાનમાં સમજે.
સુપાત્ર સમજે વાતે, કુપાત્ર સમજે લાતે.
ચતુરની ચાર ઘડી, મૂરખનો જન્મારો.

૧૧૯. ચેતતા નર સદા સુખી. પાણી પહેલાં પાળ બાંધવી.
આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય.
દૂરંદેશીથી દુઃખ દૂર.
શિયાળાની ખેડ ઉનાળે દોહળે.[૪]

૧૨૦. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.

[એક ભરવાડણ દૂધમાં પાણી ભેળવી વેચી આવી. પાછા વળતાં નદીમાં તેના થોડાક પૈસા પડી ગયા. પાણીના ઊપજેલા પૈસા પાણીમાં જ પડ્યા !]

ચોરને પોટલે ધૂળની ધૂળ.
બચકારે[1] આવે ને ડચકારે જાય.
જ્યું લિયા ત્યું દિયા, નફેમેં જૂતિયાં.
આમણની પૂંજી દામણમાં.
હક્કનું ખાય તે અભરે[2] ભરાય.
ધર્મે જય ને પાપે ક્ષય.
ચોરીનું ચંડાળે જાય, પાપીનું ધન પ્રલય થાય.

૧૨૧. ઊલટો ચોર કોટવાળને દંડે. ચોરી ઉપર શિરજોરી.
ધોલૈયા[3] જમવું ને પાંચ પતરાળાં.
અણકમાઉને ઊનાં પાની.
સામી ઘોડી સાલવી,[4] ને દાઝે ડુભાણા.
ખૂણી ઉપર ખાસડું, નેકી પર પેંજાર.[5]

૧૨૨. પારકે રોટલે જાડી કોર. પારકે ભાણે મોટો લાડવો.
પારકી ભૂલ તરત દેખાય, આપણી ભૂલ અજાણમાં જાય.

૧૨૩. પડોશીનાં પિત્તળનાં ને ગામનાં છોકરાં ગારાનાં.
વરને કોણ વખાણે? વરની મા.
પોતાનાં ગીત સૌ ગાય.
બીજાને ઘેર રાંડ ભાંડ, મારે ઘેર સતી.

---

૧ બચકારો—જાનવરને બોલાવવા કરાતો અવાજ.
૨ અભરે—પુષ્કળ, ખૂબ. ૩ ધોલૈયો—વણનોતર્યો જમવા બેસનાર.
૪ સાલવી—દબાવી રાખવી. ૫ પેંજાર—જોડા.

મિયાંકી ભેંસકું ડોળા કહ્યા.
પોતાનો વાંસો ને ભૂલ કોઈ દેખે નહિ.
પોતાની માને કોઈ ડાકણ ન કહે.
આપણી તે રૂડી ને બીજાની બાપૂડી.
આપકી સો લાપસી, પરાઈ સો કુશકી.

૧૨૪. સૌ સૌને મન ડાહ્યા.
આપ આપકે તાનમેં ગદ્ધા ભી મસ્તાન.
સૌ સૌને મન સવાશેર.

૧૨૫. ડૂબતો માણસ તરણું ઝાલે.
વિપત પડે સૌ વલખાં મારે.

૧૨૬. ચાલતા બળદને આર મારવી નહિ.
દાટ્યાં મરદાં ઉખેળવાં નહિ.
વેચાતો કજિયો વહોરવો નહિ.
સૂતો સિંહ જગાડવો નહિ.

૧૨૭. ચડે દરબાર કે જાય ઘરબાર.
કરવો દાવો ને થવું બાવો.
જેને ઘેર મોટી દોલત, તેના બાગિયા કોરટ.

૧૨૮. ઝાઝી સુયાણીએ વેતર વંઠે.
ઝાઝુ તેખળ ને દુરમેળાપ.
ઝાઝા મળ્યા તે ખાવા ટળ્યા.
એકડે એક, બગડે બે ને તગડે ત્રણ.
ઝાઝાં ખોરડાં. ઝાઝાં ઢોરડાં. ઝાઝાં છોરડાં.
એ બધાં દુઃખનાં કારણ.

૧૨૯. મૂઈ ભેંસના મોટા ડોળા, મૂઈ ભેંસનું ઘી ઘણું.
જીવતા લાખના ને મૂઆ સવાલાખના.
મૂઆ પછી સૌ વખણાય.
જીવતાં ફૂમડું પાણી નહિ ને મૂએ મસાણમાં ગાય.
જીવતાં શેક્યાં કાળજાં ને મૂએ છાજિયાંનો શોર.

૧૩૦. ગધેડાનું પૂછડું પકડ્યું તે પકડ્યું.
હાથમાં ડાંગ ને ફેરવે ફૂલો, લીધી વાત ન મૂકે લૂલો.
મૂળ સમૂળાં જાય પણ ખેતશી ખોટ ન ખાય.
મિયાંભાઈનું નાડું ઝાલ્યું તે મૂકે જ નહિ.

[એક મિયાં ગાડામાં બેઠા. ગાડું હાંકનારે કહ્યું: 'રસ્તામાં જમીન ઊંચીનીચી છે, માટે નાડું પકડીને બેસજો. પડી ન જાઓ.' મિયાંભાઈએ પોતાની ઇજારનું નાડું ઝાલ્યું. આંચકો આવતાં તે ગાડામાંથી ઊછળી નીચે પડ્યા. હાંકનારે કહ્યું: 'મેં કહ્યું હતું, છતાં તમે નાડું કેમ ન ઝાલ્યું?' મિયાંભાઈએ પોતાનો હાથ અને ઇજાર બતાવતાં કહ્યું: 'જુઓને, હજી પણ પકડી રાખ્યું છે!' ગાડાવાળો બોલ્યો: 'મેં તમને તે નાડું પકડવાનું કહ્યું ન હતું, પણ આ ગાડામાં ઘાસ બાંધ્યું છે તેનું દોરડું પકડવાનું કહ્યું હતું!']

સો તારી રામદુહાઈ ને એક મારું ઊંહું.[1]

૧૩૧. લખાણું તે વંચાણું. એક લખ્યું ને સૌ ભખ્યું.
દાટ્યા ભૂલે પણ લખ્યા ન ભૂલે.

૧૩૨. કરકસર તે બીજો ભાઈ. ત્રેવડ ત્રીજો ભાઈ.
એક કસર ને સો સફર. કણકણ કરતાં મણ થાય.
ગોળ ગાંગડી ને ઘી આંગળી.

---

૧ ઊંહું—ના.

કોડી કોડી સંચતાં રૂપિયો થાય.
કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય.

૧૩૩. ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં.
અણકસણી હુન્નરને અગ્રા ઘણા.
હાલો ઠોઠ ને ઠમકો ભારી.

૧૩૪. કામ કામને શીખવે. કોઈ શીખીને અવતરતું નથી.

૧૩૫. ખાંડણીમાં માથું ને ધમકારાથી બીવું.
માથા સાટે માલ. હિંમતે મર્દા તો મદદે ખુદા.
આ પાર કે પેલે પાર. ગાદીતકિયો કે દોરીલોટો.
શિર જાઓ કે પુલાવ ખાઓ.
अर्थं साधयामि वा देहं पातयामि।
માથું કાપે તે માલ કાઢે.

૧૩૬. જશ જાનગરો[2] છે.
આંગળી કાપીએ ત્યારે લોહી નીકળે. ખમે તે જમે.

૧૩૭. આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.
હૈયું બાળ્યા કરતાં હાથ બાળ્યા સારા.
પારકી આશ સદા નિરાશ.
આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય.
ધણી વિનાનાં ઢોર સૂનાં.
જણનારીમાં જોર નહિ. ત્યાં સુયાણી શું કરે?

૧૩૮. રાજા કબજ, તો મુલક ટેટે.
કોઠીમાંનો દાદે, મૂઠીમાંનો ઉતે.

ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે.

હાથે તે સાથે, પૂંઠે, તે જૂઠે.

૧૩૯. બહુ ડાહ્યો તે બહુ ખરડાય.

ડાહ્યા ભૂલે ત્યારે ભીંત ભૂલે.

દૂધમાંથી પોરા કાઢે તેવો ડાહ્યો.

ડહાપણમાંથી હાથ કાઢતો નથી.

ડાહીબાને તેડાવો ને ખીરમાં મીઠું નંખાવો.

ડાહ્યો કાગડો બે પગે બંધાય.

લાખ મત લડબડી, હજાર મત હડબડી, સો મત સડબડી, પણ એક મત બાપડી, તે ઊભી વાટ તાપડી.[1]

[એક વનમાં કાચબો, સર્પ, નોળિયો અને શિયાળ રહેતાં હતાં. અચાનક તે વનમાં દવ લાગ્યો. ત્યારે શું કરવું તે બાબત તે ચારેય વિચાર કરવા લાગ્યાં. કાચબો કહે: 'દવમાંથી બચવાના હું લાખ રસ્તા જાણું છું.' સાપ કહે: 'હું હજાર રસ્તા જાણું છું.' નોળિયો કહે: 'હું સો જાણું છું.' શિયાળ કહે: 'હું તો એક જ રસ્તો જાણું છું અને તે એ કે દવ આવે ત્યારે ભાગી જવું.' દવ પાસે આવ્યો, ત્યારે કાચબો પાણીમાં પડ્યો, સાપ પાણીના ઝરાની એક ભેખડ નીચે સંતાયો. નોળિયો પોતાના નાના દરમાં પેઠો. દવથી પાણી બહુ ગરમ થઈ ગયું, ત્યારે કાચબો બફાઈને મરી ગયો. સાપ પણ ભેખડ તપી જવાથી પાણીમાં પડ્યો અને તે ત્યાં બફાઈને મરી ગયો. નોળિયો દરને મોઢે આવતાં ઝાડનાં બળતાં થડ પડવાથી તેમાં સડબડ્યો. પણ શિયાળ નાસી ગયું ને બચી ગયું.]

૧૪૦. ઓડનું ચોડ. અલ્લાને સાટે મુલ્લા પરણ્યા.

હરખાને ઠેકાણે પરખો. આલી સાટે માલી.

---

૧ તાપડી=ઊભે રસ્તે નાઠો.

રાજલી સાટે પૂંજલી.

૧૪૧. મનકી મનમેં રહી, હો ગઈ ઓર.
ધાર્યું મનુષ્યનું કે કર્યું હરિનું.
ધાર્યું કોઈનું થતું નથી, ધાર્યું ધણીનું થાય.
મરણ પ્રમાણે થતું હોય તો સઘળા પાલખીએ બેસે.

૧૪૨. ચાર દિવસનું ચાંદરણું ને રાત અંધારી ઘોર.
બહુ ફૂલ્યા તે વહેલા ડૂલ્યા.
ઢેઢડીના પગ ચાર દિવસ રાતા.
ખેડુ મરડાય ખળાં સુધી. વરનાં લાડ ચાર દિવસ.
ઓઢી જાઉં, બેઠી જાઉં, લાગ આવે તો નાસી જાઉં.
દર્શનના મોટા એટલા અંદરથી ખોટા.

૧૪૩. ભૂખ્યાને શું લૂખું? ભૂખી કૂતરી લોટીલાં ખાય.
ઊંઘ ન જુએ સાથરો ને ભૂખ ન જુએ બાખરો.
કામમાં કાદરા ભાવે.

૧૪૪. સોના કરતાં ઘડામણ મોંઘું.
ત્રાંબિયાની ડોશી, ઢીંગલો મૂંડામણ.
પાઈની ભાજી ને બે ટકાનો વઘાર.
એવું શું દળીએ કે દીવા મૂકી દળીએ?

૧૪૫. ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં.
ગોળ ને ખોળ સરખાં.
ભેંસ કાળી ને બકરી પણ કાળી.
સળી સાટે બારા ટકે.

૧૪૬. સૂંઢી ગંગા નહાય પણ ધોળી ન થાય.
પીળી માટી, વળું ન પડે.

સીદીભાઈ સો મણ સાબુએ ધુએ પણ કાળા ને કાળા.

૧૪૭. ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ.[1]

રળે રામપરું ને ખાય ખોડું.

[ રામપરું ને ખોડું બંને વઢવાણ રાજ્યનાં ગામ છે, રામપરાની પેદાશ વધારે હતી તે ખોટવાળા ખોડા ગામમાં વપરાઈ જતી.]

મારે મિયાં ને ફુલાય પીંજારો.

રાંધે કોક ને જમે લોક.

શાળ[2]વહે ગધેડાં પણ ખાય ફોતરાં.

૧૪૮. સાપનો કરડ્યો સીંદરી[3]થી ડરે.

દૂધનો દાઝ્યો છાશ ફૂંકી પીએ.

ભડકાવ્યો છાંયડાથી ડરે.

૧૪૯. પારકી પૂંજીએ તહેવાર, ઊઠ જમીએ બેવાર.

પારકે પૈસે દિવાળી.

પારકા પેટ ઉપર પાટુ ને દૂધપાકનું સાટું.

પારકે ઘેર પરોણા ત્યારે આભામંડળ,

પોતાને ઘેર પરોણા ત્યારે બાઘામંડળ.

ઘોડાઘર આપણાં, મારે રાબ ને તારે લાકડાં.

[ એક ચારણ ઘોડા પર બેસી પોતાના યજમાનને ઘેર ગયો. ત્યાં બધે જ તેને લાપસી-ચૂરમાં જમવાનાં મળતાં ને તેના ઘોડાને સારી ચંદી મળતી. પોતાને ઘેર પાછો આવતાં તે પોતાના ઘોડાને આ વાક્ય કહે છે; અર્થાત્ હવે તો આપણે પહેલાંની પેઠે રહેવું પડશે.

---

૧ ભોરિંગ-સાપ. સાપ ઉંદરે કરેલા દરમાં રહે છે.

૨ શાળ-ડાંગર. ગધેડાં ડાંગરની ગૂણો લઈ જવા-લાવવા માટે ભારવાહક તરીકે વપરાય છે.

૩ સીંદરી-કાથીની દોરડી.

મારે ઘરની ઉકાળેલી રાબ ખાવી પડશે, અને તારે આકડા જેવું સૂકું ઘાસ ખાઈ ચલાવવું પડશે. ]

પારકો કાગળ, પારકી લેખણ, પારકી શાહી, મતું કરે મારા માવજીભાઈ.
પારકાં છોકરાંને જતિ કરવાં.
પારકે ઘેર પડતાલ,[1] પોતાને ઘેર હડતાલ.
હમ સળકા ખાવે, હમારા ખાવે સો મર જાવે.

૧૫૦. પોચું દેખી સૌ દબાવે.
ભોળી બ્રાહ્મણીનું ખેતર સૌ લૂંટે.
ગરાસિયાની જાનને જાવા દે, વાણિયાની જાનને સૌ લૂંટે.
આકડે મધ ને માખીઓ વગરનું.[2]

૧૫૧. મોરનાં ઈંડાં ચીતરવાં પડે નહિ.
કાગડો કુરાંટમાં આવે નહિ.

* [ એક કાબરીએ પોતાના બચ્ચાને શિખામણ આપી: 'કોઈ માણસ કાંકરો લેવા નીચો નમે કે તરત ઉડી જવું.' ત્યારે બચ્ચાએ જવાબ આપ્યો: 'હા મા, માણસે કાંકરો કેડીએ ખોસ્યો હોય, તો તેને નીચા પણ નમવું ન પડે; માટે માણસના અંગની ચપળતા પરથી ચેતી જવું જોઈએ.' ત્યારે કાબરીને સંતોષ થયો: 'હા, મારા બચ્ચાને કંઈ શીખવવું પડે તેમ નથી!']

૧૫૨. ધરમની ગાયના દાંત શા જોવા?[3]
દાન ઉપર દક્ષિણા માગવી.
મફત ખાનારને મરડ ઘણો.

જમણુ ઉપર સીધું ને પેટ ઉપર પાટલો,
લાદ દે, લદામન[1] દે, લાદનવાલા સંગ દે;
બેઠનેકું ટટ્ટુ દે. ઓર ઓઢનેકું પટ્ટુ[2] દે.

૧૫૩. સસરા સુખ વાસરા, દો દિનકા આસરા.

૧૫૪. જે ગયા મરી તેની ખબર ન આવી ફરી.
જીવતાના સૌ સગા, મૂઆ એટલે તાંતો તૂટ્યો.
આપ મૂએ પીછે ડૂબ ગઈ દુનિયા.
સાંઈ ગયા સાથે સાંઈની શરમ પણ ગઈ.

૧૫૫. આંધળા સાથે બહેરું કુટાય.
આંધળો કહે ભીંત તો બહેરો કહે મસીદ.
મંગાવે સાવરણી તો લાવે સૂંથિયું.[3]
બહેરો કહે બૂમ પડી, આંધળો કહે આવ્યા,
નાગો કહે લૂંટ્યા. દળી ઊઠી તો કહે દિલ્લી લૂંટી.
પંડ્યાજી, પગે લાગું, તો કહે કપાસિયા.[4]
કાલાંની કચ ને બહેરાંનો ઝઘડો પાર ન આવે.

૧૫૬. મેહ ને મહેમાન કેટલા દહાડા ?
પહેલે દિવસ ઝબોળી, બીજે દિવસ ચોપડી, ત્રીજે દિવસ સુખતળી.

[મહેમાનને પહેલે દિવસે રોટલી ઘીમાં ઝબોળીને મૂકે, બીજે દિવસે સાદી અમથી ચોપડીને રોટલી મૂકે અને ત્રીજે દિવસે જોડામાં સુખતળી–ચામડાનો ટુકડો હોય છે તેવી; અર્થાત્ કોરીકટ ચોપડ્યા વગર રોટલી મૂકે. મહેમાન બહુ રહે તેમ તેનું માન ઘટતું જાય.]

---

૧ લદામન–લાદવાનું ખર્ચ. ૨ પટ્ટુ–ઓઢવાની બનાત.
૩ સૂંથિયું–ઘાસની મોટી ઇંઢોણી.
૪ પંડ્યાજી કપાસિયા લઈને જતા હતા.

૧૫૭. કળ્યો કોયડો કોડીનો.
આઘેનાને તેડતેડ, પાસેનાને છેડછેડ.
ઘરકા પીરને તેલનો મલીદો.
ઘરકી મુરઘી દાલ બરાબર.
ઘરકા બમ્મન બેલ બરાબર. ગોલાંને દરબાર ઢીંચણ સમો.[1]
રોજ કરે આવજાવ, તેનો કોઈ ન પૂછે ભાવ.
ઘરનો માણસ, ઘરનો ગોર ને ગામનું તીર્થ; એ ત્રણેના
સરે ના અર્થ.
૧૫૮. એની આંખમાં શનૈશ્ચર છે.[2]
પારકે દુઃખે સુખિયા, પારકે સુખે દુખિયા.
૧૫૯. ટીપેથી બગડ્યું તે તળાવથી સુધરે નહિ.
લુટાયા પછી શો ભો?
આથમ્યા પછી આગરું શું?
કાળુકમાં પાણી પડ્યું તે પડ્યું.
વર્તુ કરાવીને વાર પૂછવો.
બૂંદકી બિગડી હોજસે સુધરે નહિ.

૧૬૦. મોવાળાનો શેરડો ન જાણે ને મારું નામ પગી.
અલ્પજ્ઞાન, અતિશય ડહાપણ.
ઊંટવૈદું કરી જાણે ને વૈદ્ય કહેવાયા.

[એક ઊંટને ઘાસનો ડૂચો મોંમાં ભરાઈ રહેલો, તેથી તે મરવા પડ્યું. એક સમજુ માણસે ખરું કારણ સમજી ઊંટના ગળા પર પાટુ મારી. ઘાસ નીકળી ગયું અને ઊંટને સારું થઈ ગયું. એક મૂર્ખ માણસે આ જોયેલું. તેની પડોશણ ડોસીના ગળામાં કફ ભરાઈ ગયેલો. તે મૂર્ખ માણસે તેને સાજી કરવા ડોસીના ગળા પર લાત મારી. ડોસી મરી ગઈ. ઊંટનો દાખલો લઈ તે વૈદ બન્યો માટે ઊંટવૈદ કહેવાયો.]

૧૬૧. જાગ્યા ત્યાંથી સવાર. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો.
ખેપ હાર્યા, કાંઈ ભવ નથી હાર્યા!
એક સ્વપ્ને કંઈ રાત વહી ગઈ છે?

૧૬૨. પીળું એટલું સોનું નહિ. ઊજળું એટલું દૂધ નહિ.
કાળા એટલા ભૂત નહિ. જનોઈ એટલા બ્રાહ્મણ નહિ.

૧૬૩. કીડી સોનેયે ચઢી તે સોનું દેખે. વણજારાની મા ટાંડા દેખે.
ખાટચો ચોર પહાણા ઉપાડે.[1]

૧૬૪. કૂવામાં હોય તો હવાડામાં આવે.
પરણ્યે પાનેતર નહિ ને અઘરણીમાં ચીર જોઈએ.
ખાટલે મોટી ખોડ કે પ્રથમ પાયો જ નહિ.

૧૬૫. દેશ તેવો વેષ. ગામરીતે દિવાળી. મિયાંને ચાંદે ચાંદ.

૧૬૬. શેર માથે સવાશેર. એકએકની ચોટલી મંતરે એવા છે.

૧૬૭. આંખ મારે તે માણસ મારે. કોડીચોર તે પાડીચોર.

---

૧ એકવાર સફળ થયેલો ચોર પથ્થર પણ લે.

૧૬૮. શરીરે સુખી તે સુખી સર્વ વાતે.
હજાર ન્યામત એક તંદુરસ્તી.
તાજા ને કળંદર રાજા.

૧૬૯. પહોંચો મૂકીને હાથ ચાટવો.
માને મૂકીને મીનીને કોણ ધાવે?
સસને[1] પાની રહા, 'આબ આબ'[2] કરતે મર ગયા.
હાથ મૂકીને કોણી ચાટવી.

૧૭૦. ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો.
વાંદરો ને વળી વીંછી કરડ્યો. ઢેડને હવાલદારી મળી.
નકટીને સળેખમ થયું. ગધેડી ને ફૂલેકે ચઢી.
વાંદરાને નિસરણી મળી.
કારેલાંનો વેલો ને લીમડે ચઢ્યો.

૧૭૧. સોનું ને તેમાં સુગંધ.
મોસાળમાં વિવાહ ને મા પીરસનારી.
શંખ ને ફૂંકે ભર્યો. સિંહ ને પાંખાળો.
દૂધમાં સાકર ભળી.

૧૭૨. મારું મારું આગવું, તારું મારું સહિયારું.
પોતાનું રાખે ને પારકું તાકે.
પારકો માલ લુટાય ને બંદાનું દિલ દરિયાવ.
તું મારા મોંમાં આંગળી ઘાલ, હું તારી આંખમાં.

૧૭૩. લાખના સવા કરતાં ઝાંખેરો રોકડો સારો.
આજ ખાઉં કે બારણ ખાઉં! ઊંઘ લઉં કે ભૂખ લઉં!

---

૧ સસાને-સસલાને. ૨. આબ-પાણી.

બહુ કરે તે થોડા માટે.

૧૭૪. ભલા કર ભલા હોયગા, સોદા કર નફા હોયગા.
અંતે ભલાનું ભલું થાય.
આંગળી ચીંધ્યાનું પણ પુણ્ય છે.

૧૭૫. રંગનાં કૂંડાં ન હોય, ચટકાં હોય.
અતિશે વલોવ્યે ઝેર નીકળે. અતિશે તાણ્યે તૂટી જાય.

૧૭૬. માથું કાપીને પાઘડી બંધાવવી.
મોંમાં કોળિયો ને માથે ટૂંબો.

૧૭૭. અજવાળી તો યે રાત. છાશ મીઠી પણ કાંઈ દૂધ જેવી?
ડહાપણ તો યે બાયડીનું. ડાહ્યું તોપણ પશુ.

૧૭૮. આડે રસ્તે જાય તે નક્કી ખત્તા ખાય.
અજાણ્યું ફળ ખાવું નહિ.
ભાંગે ધરી કે ઊલળે ગાડી.

૧૭૯. અજાણ્યું ને આંધળું બરાબર.
સો હોશિયાર ને એક વાકેફદાર.
– સો જોષી ને એક ડોશી.

૧૮૦. રાંકને મળ્યો રૂવો, તે વાવ ખોદાવું કે કૂવો?
અણદીઠાનું દીઠું, તે માર મૂળા ને મીઠું.
અનાજ પારકું પણ પેટ કાંઈ પારકું?

૧૮૧. લાડી ને પાડી નીવડ્યે વખાણ.
અણવીંધ્યું મોતી નીવડ્યે વખાણ.
ચાક ઉપર પિંડો, તોલો ઊતરે કે તોલી?

૧૮૨. સોનાની કટારી કેડમાં બંધાય, કંઈ પેટમાં ખોસાય?
લાડકાં છોકરાં ગાંડિયાં.

જણી જાણ્યું પણ વણી જાણ્યું નહિ.
લૂખાં લાડ ને બોચીએ ખાડ.
મોંએ ચઢાવ્યું છોકરું મોંમાં મૂતરે.

૧૮૩. અન્ન તેવા ઓડકાર.
અન્ન તેવું મન ને પાણી તેવી વાણી.
દેવતાના છોકરા કોયલા ને છોકરી રાખોડી.
દીવો અંધારું ખાય તેનું છોકરું કાજળ.

૧૮૪. અન્નને ને દાંતને વેર છે.[1]
હનુમાન હડીઓ કાઢે ને ભૂત ભુસકા મારે.
બાયડી શું રળે કે શંડ દળે?
ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે છે.
ઘરમાં ઘંટીને ઉપવાસ પડે છે.
મારવાડની માંડી.[2]
એ તલમાં તેલ નથી. ઝૂંપડામાં રહેનારને ઝૂમણું[3] કેવું?
ચાર ખૂણે ચાર અગિયારશ ને વચ્ચે જન્માષ્ટમી
રાસડા લે છે.

૧૮૫. એક નૂર આદમી, હજાર નૂર કપડાં;
લાખ નૂર જેવર,[4] કરોડ નૂર નખરાં.
લીંપ્યુંગૂંપ્યું આંગણું ને પહેરીઓઢી નાર.[5]

---

૧ [illegible]
૨ મારવાડમાં વારંવાર દુકાળ પડવાથી, ત્યાંના લોકો ગુજરાન માટે ગુજરાતમાં [illegible] આવતા. તેઓને માંડી કહે છે.
૩ ઝૂંમણું—[illegible]
૪ જેવર—ઘરેણું. ૫ '[illegible]' [illegible] છે.

૧૮૬. ઊલટ આઈ દોડી, તો ક્યા મલાર ક્યા ગોડી?[1]

૧૮૭. બોખડી બેય ચૂકી. ન રહ્યા ઘરના કે ન રહ્યા ઘાટના.
ન રહ્યા આ તડના કે ન રહ્યા પેલા તડના.
ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો.
વંઠ્યું[2] દૂધ ઉકરડે નંખાય.
હગાણું નહિ ને ઘર રખાણું નહિ.

[ એક હોશિયાર સુથારે એક સુંદર પલંગ બનાવ્યો. તેમાં કિનારની પૂતળીઓમાં એવાં યંત્ર ગોઠવેલાં કે રાતના ચાર પ્રહરને સમયે તે તે સમયને યોગ્ય રાગના સૂર તેમાંથી નીકળે. તે પલંગ તેણે રાજાને ભેટ આપ્યો. પ્રસન્ન થઈને રાજાએ તેને એક ગામ બક્ષિસમાં આપ્યું.

સુથારની આવી ચઢતી જોઈ ગામના દરજીઓ ઈર્ષ્યાથી બળી ગયા. તેમણે બધાએ ભેગા થઈ એક વરસ મહેનત કરી રેશમી વસ્ત્રના કિનખાબના—મખમલના સુંદર તંબૂ—શમિયાણા બનાવ્યા અને તેને જરીની ઝાલર મૂકી તેમાં વેલ, ઝાડ, ફૂલ વગેરેની ભાત ભરી. પછી તંબૂ રાજાને ભેટ આપ્યા. રાજા ખુશ થઈ ગયો અને બોલ્યો : ‘ તમે માગો તે આપું ’ એટલે મુખ્ય દરજી બોલ્યો : ‘ સુથારે બનાવેલા પલંગ પર બેસી અમારે હગવું છે. ’ વચનથી બંધાયેલા રાજાને તે કબૂલ રાખવું પડ્યું.

સુથારની આખી કોમને આથી અપમાન લાગ્યું. એટલે જ્યારે દરજી લોકો પલંગ પર બેસી મળત્યાગ કરતા હતા, ત્યારે તેમણે એકઠા મળી દરજીવાડમાં દરજીલોકોનાં ઘર સળગાવ્યાં. રડતી—કકળતી દરજણો દરબારમાં આવી પહોંચી. અધોપડધો મળત્યાગ કરેલા દરજી પોતાનાં ઘર હોલવવા દોડ્યા, પણ ઘણાંખરાં ઘર તો બળી ગયેલાં હતાં. તે ઉપરથી ઉપરની આ કહેવત પ્રચલિત થઈ છે. ]

૧ ગોડી—એક રાગનું નામ. ૨ વંઠ્યું—બગડેલું.

૧૮૮. બહુ ફૂલે તે કરમાવા. બહુ બહેકે તે મરવાને.
સંનિપાતમાં તેજ દેખાય, તે મરણનો ઇશારો.
દીવો ઘેર જવાનો થાય ત્યારે વધારે તેજ કરે.

૧૮૯. પ્રભુ પાધરા તો વેરી આંધળા.
ભાગ્યશાળીને જંગલમાં મંગળ,નિર્ભાગીને વસ્તીમાં કડાકા.
જેને રામ રાખે તેને કોણ ચાખે?
ખુદા મહેરબાન તો ગધ્ધા પહેલવાન.
સીધા હે રબ, તો જબ મારે સબ.
અલ્લા યાર હે તો બેડા પાર હે.
જિસકુ રાખે સાંઈઆં, માર શકે ના કોઈ.
ભાગ્યશાળીને ભૂત રળે.
જેને સહાય દીનાનાથ. તેની કોણ ઝાલે બાથ?

૧૯૦. બુઠ્ઠા જોગી ચલોને જતિ. આંધળું દળે કે ગાય.
ગમા દીલા થયા એટલે બંદા નેકબખ્ત.બુઢ્ઢા નારી પતિવ્રતા.
ન મળી નારી એટલે સહેજે બાવા બ્રહ્મચારી.
દીઠા એટલા લીધા.
જે થાય માવડિયું, તેને ન મળે શાપડિયું.*

૧૯૧. ભર્યો ચરૂમાંથી દાણો ચાંપી લેવાય.
અંગુઠા પ્રમાણે રાવણ.
દાદા દીઠે કુટુંબ દીઠું ને મામા દીઠે મોસાળ દીઠું.

૧૯૨. સંઝની આંખ કહી દે. બોલી મિજલસ કહી આપે છે.

૧૯૩. ઘરે બળિયો ને ગામે ગળિયો.

---

* શાપડિયું-[illegible] [illegible] હતી, માટે તેનું નામ આપેલું.

વાઢી આંગળી ઉપર મૂતરે નહિ તેવો છે.
લાકડાની તલવારે ખાવું. મોતીએ ચોક પૂરવા.
આખુનજી લાકડાં તોડશો, તો કહે વો કાફરકા કામ.
આખુનજી ખીચડી ખાશો, તો કહે બિસ્મિલ્લાહ.
સવાલ : કમાડ પૂંઠે કોણ?
જવાબ : વહુ બિચારાં.
સવાલ : શું ખાય?
જવાબ : તો કહે ત્રણ તગારાં, કામ કરવાને
'ના' બિચારાં, શેખાઈ કરવા 'હા' બિચારાં.

૧૯૪. ઘાંચીનો બળદ આખો દહાડો ફર્યો, પણ ઠેરનો ઠેર.
કાકા પરણ્યા ને કોઈ રાંડ્યાં. કાંત્યું પીંજ્યું રૂ ને રૂ.
આખી રાત દળીદળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું.[1]
આડાઅવળા ને આશીર્વાદ.
આખી રાત રોઈ ને એક ડોસી મૂઈ.
હરિભાઈ વડોદરિયું. હીરો ઘોઘે જઈ આવ્યો.
સાસુ મૂઆં ને વહુએ જણ્યું, ઘરમાં ત્રણનાં ત્રણ.
લીમડે ચઢ્યા ને પીપળે ચઢ્યા, પણ ઠેરના ઠેર.
મહેનત બરબાદ, ગુનાહ લાજમ.
વહેલા ઊઠ્યા ને ભૂલા પડ્યા.

૧૯૫. દળતાં ફાક્યું તે લાભ. બળતામાંથી બૂક્યું તે લાભ.
મરતાં રહ્યું તે ઘરડું ને ખાતાં રહ્યું તે બીજ.
આગ લગતે ઝૂંપડે, જે નીકળ્યું તે લાભ.

૧૯૬. પાણી પહેલાં મોજાં ઉતારવાં. મૂઆ પહેલાં પોક.

૧ ઉઘરાવ્યું—એકઠું કર્યું.

મૂળમાં માટી નહિ ને સાસરે સંદેશો.
વિવાહ પહેલાં માંડવો.
ભેંશ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ.
ઘઉં ખેતમેં, બચ્ચા પેટમેં ને વસંતપાંચમનાં લગન લીધાં. પરણ્યા પહેલાં અઘરણી.

૧૯૭. સૂડી વચ્ચે સોપારી. ગળે ગાંઠ ને મોઢે ડૂચો.
બેધારું ખડ્ગ.
કાશીનું કરવત જતાંય વહેરે ને આવતાંય વહેરે.
સાપે છછુંદર ગળી, મૂકે તો આંધળો થાય ને ગળે તો મરી જાય. આગળ સાપ ને પાછળ વાઘ.
બે પાંતીનું દુઃખ.
એક તરફ અર્ણવનાં નીર, એક તરફ ઝાડી ગંભીર.

૧૯૮. જોગી, ભોગી, વૈદ, રોગી, પૂંછે ઘા.
ધાતરવાદી ભીખ માગે, એ ચાર ગોળા ઘા.

૧૯૯. મહેતાજી મારે નહિ ને ભણાવે નહિ.
ચાબડ ચાબડ ભણ્યાં, ચાર માસે ફાટ્યાં.
પટેલિયાનું પંચ.
પાપડિયા પીર રીઝ્યો નહિ ને ખીજ્યો નહિ.[1]

૨૦૦. સમયને માન છે, પુરુષને નહિ.
આવતો દિવસ ઓળખવો.
સમે સમે બળવાન હૈ, નહિ પુરુષ બળવાન;
કાબે ગોપી લૂંટિયું. વહી ધનુષ વહી બાણ.

---

૧ [illegible]

ક્યા કરે કિસ્મતકી બાત ? મુરખી ઉઠકે મારે લાત;
પઢ્યા ફારસી બેચે તેલ, દેખો યે કિસ્મતકા ખેલ.

૨૦૧. લાલા, લાખ ત્યારે સવા લાખ.
ગાડા ઉપર ગાંસડી, લાદ્દી ઉપર પૂળો.
સાપના ભેળા વીંછીના પણ જાણવા. (મંત્ર)
નવ્વાણું ત્યારે પૂરા સો.
ઘા ભેગો ઘસરકો ને લીંટી ભેગો લસરકો.
સો મણ સૂંઠનું થશે ત્યારે અચ્છેર આદુંનું પણ થશે.
પાંચના ગોવાળ ત્યારે પચાસના યે ગોવાળ.
બહુ દુખિયાને દુઃખ નહિ ને બહુ ઋણિયાને ઋણ નહિ.
ખજૂરાનો એક પગ ભાગ્યો તો યે શું ને સાજો તો યે શું ?
છડિયા પાછળ છોકરું.[1]
રા, ઘા ને રીડિયો.[2]
આમે ત્યારે એટલું તો ઘાંયજો જમે કેટલું ?

[એક ઘરમાં બે જણ સાસુ ને વહુ બંને ખરાબ ચાલનાં હતાં. સાસુ સાથે એક છીપો હળેલો હતો અને વહુ સાથે ઘાંયજો. પ્રસંગ આવ્યો, ત્યારે સાસુ બોલ્યાં: 'ઊઠો વહુ લીંપો, બે બ્રાહ્મણ ને એક છીપો.' ત્યારે વહુએ જવાબ આપ્યો: 'આમે ત્યારે એટલું તો ઘાંયજો જમે કેટલું ?' અર્થાત્ આટલું વાપરીએ છીએ, ત્યારે થોડુંક વધારે. ઘાંયજો જમીજમીને કેટલું જમવાનો છે? સાસુ સમજી ગયાં અને છીપો ને ઘાંયજો બંને જમ્યા.]

૨૦૨. ભૂખી નોતરી ને કાખમાં ભાણું.

---

૧ ગાડાનું ભાડું એક છડિયાનું કર્યું હોય, તો પાછળ છોકરું મફત બેસે. ૨ રીડિયો–બૂમ.

આટા તોલ કે ઠીકરી જલતી હૈ.

મીની, મીની, દૂધ પીશો, તો કે ચસણી રહી છું.

શેખમિયાં શિરાવશો, તો કે સાનક બગલમાં છે.

ડોશી, ડોશી નાતરે જશો, તો કે રેંટિયો ઉલાળીને જ બેઠી છું.

મહેમાન, માગણ ને મહીપતિ, ચોથી ઘરની નાર;
એ આપ્યા વિણ ખસે નહિ, કહે: 'લાવ ને લાવ.'

૨૦૩. ખીલા માટે ભીંત પાડવી. વાઘરી સારુ ભેંસ મારવી.
આગ લગાડી તાપણી કરવી.

૨૦૪. આટો વેચી ગાજર ખાવાં.
ઝાંઝર વેચી ઘોડાણી કહેવડાવવું.
કંકણ વેચીને કાકી કહેવડાવવું. ટકો લે ને મહેતો કહે.[1]
કોળીનો વર હોંગીલો ને માથે પીછાં ખોસેલાં.[2]

૨૦૫. ગઈ ગુજરી સંભારવી નહિ.
આજની ઘડી ને કાલનો દહાડો.
ગુજર ગઈ ગુજરાન, ક્યા ઝૂંપડી ક્યા મેદાન!
ગઈ તિથિ જોશી યે ન વાંચે.

૨૦૬. મિયાં સુકાઈને સાઉ થઈ ગયા છે.
આદાની સૂંઠ થઈ ગઈ છે.
[illegible] થઈ ગયો છે.
[illegible] છે.

૧ મહેતો એટલે દફતરી અધિકારી. ગામડાંમાં [illegible] બહુ પડે.
૨ ઉત્સવમાં પહેર્યાં.

૨૦૭. આન ફરસે, ભાઈ આન ફરસે.
આવી ભરાણા, ભાઈ આવી ભરાણા.
નવડે પાંચડે પંચાણું, હેઠે આવ્યા તે કંચાણું.[૧]
લોંકડી ખપેડી પડી છે.[૨]
ચૂં કરો કે ચાં કરો, હવે તોલમાં આવ્યા છો.
હવે લાકડું લાગે ચડ્યું છે.

૨૦૮. એ તો રેતીમાં નાવ ચલાવે છે. પહેલે પાને વેપાર.
ગાયના ભેંસ હેઠ ને ભેંસના બકરી હેઠ.
પૂંજી વગર પેઢી માંડવી.
ફોઈનું પલ્લું માસીને ને માસીનું પલ્લું ફોઈને.
આકાડોકાનો માંડવો રચવો.[૩]
આકાડોકાની ગાલ્લી હાંકવી.

૨૦૯. પીરની માનતા મુજાવર વધારે.
શેઠનું માહાત્મ્ય ગુમાસ્તા વધારે.
દેવનું માહાત્મ્ય પૂજારી વધારે.

૨૧૦. દેશ ચાકરી ને પરદેશ ભીખ. ગાજે ત્યાં ગરાસ.
ખભે કોથળો ને દેશ મોકળો.
જ્યાં રોજગાર, ત્યાં ઘરબાર.

૨૧૧. આંખમાં કમળો હોય તે બધું પીળું દેખે. આપ તેવું જગ.
ગાંડાને મન દુનિયા ગાંડી.

---

૧ કંચાણું—દબાણમાં આવ્યા.

૨ નાસી છુટાય તેવું રહ્યું નથી.

૩ આકાડોકા—જારના સાંઠાની છાલ ઉતારી, અંદરના ગર્ભના કકડા કરી, તેમાં છાલની સળીઓ ખોસવી તે.

૨૧૨. આપ ભલા તો જગ ભલા. રાખપત તો રખાપત.
આપણે વેંત નમીએ, તો સામો હાથ નમે.
ઘરનો રોટલો બહાર ખાવો છે.

૨૧૩. આંખ મિચાણી કે નગરી લૂંટાણી.
મરનારને ઉચકનારની શી ફિકર?
મૂઆ પછવાડે માલ, ગોલણ મર[1] ગાડાં ભરે.

૨૧૪. ધીરીને માગે તેની અક્કલ જાય આઘે. જર કરાવે વેર.
ધનકા ધન ગયા, ઓર દોસ્તકા દોસ્ત ગયા.

૨૧૫. આપીશું, કંઈ ઘાલ્યા તો નથી.[2]
સોટે ફિરે સાઠ, આધા ગયા નાઠ, દસ દેઓંગે,
દસ દિલાઓંગે, દસકા દેના ક્યા, દસકા લેના ક્યા?

૨૧૬. આભ ફાટયું ત્યાં ક્યાં થીંગડું દેવું?
પેટ ફાટયું, ત્યાં પાટો ક્યાં બાંધવો?
ગધેડિયે બેઠી[3], ઊગર્યાનો આરો નહિ.

૨૧૭. ટાઢા પહોરની ટિંગ મારવી. ખરે બપોરે તારા બતાવવા.
બાર મણનું હોણું ને તેર મણનું ઘી. ભીંડો મારવો.
ઓઠ પૂણી પડી, તેમાં બાર ગામ દબાઈ ગયાં.
બાર હાથનો માંડવો ને તેર હાથનો વાંસ.
આંધળા ઘેરે ચાંદરડું દીઠું.
સુરેણીમાં પરમેશ્વર દેખાડવા.

૨૧૮. રોયેથી કંઈ દહાડો વળે? રોવે કંઈ રાજ મળે?
આગે લોટો ને આગે તોટો, પાછે રાંડ શી ને રોટો.

આમે દેવાળું ને આમે દેવાળું, ત્યારે શું ચોળાનું વાળું.

૨૧૯. રાત અંધારી ને તલ કાળા, લે વાણિયા તારા ને તારા.
અંધારાની ખાધી બે.
રાતે સાડલે રાંડ ને પાશેર લઈ ગઈ ખાંડ.
સો મણ તેલે અંધારું.[1]
વળતાં વળી, તે લઈ ગઈ તેલની પળી.

૨૨૦. અંધેકી ગાવડી ને અલ્લા રખવાળ.
ચોરને ઉછેરવો પડે નહિ.
ઉઘાડે બારણે ધાડ નહિ ને ઉજ્જડ ગામે શાડ નહિ.
ખોટો રૂપિયો ખોવાય નહિ. ઉકરડાને વધતાં વાર નહિ.
ઢેડની છોડીનો કોઈ ધણી નહિ.

૨૨૧. મનમાં આવે તેમ બોલવું નહિ ને ભાવે તેટલું ખાવું નહિ.
અન્ન પારકું છે, કંઈ પેટ પારકું નથી.

૨૨૨. જ્યાં જાય ઊકો, ત્યાં સમુદર સૂકો.
આવ મારી કાણી તું ક્યાંય ન સમાણી.
નામ લીધે પાપ જાય, કાળ પડચે જીવ જાય.
એનાં પગલાં જ એવાં છે કે જ્યાં જાય ત્યાં પાવન પટ.

૨૨૩. ભાભાજીની જાનમાં ને ખાવુંપીવું કાનમાં.
લીલાલહેર ખાવાનાં ઘેર.
સાપેસાપ મળ્યા ને જીભના લબકારા.
ખાવાને ખોખાં ને પહેરવાનાં ચોખાં.
ખાનાપીના ખેરસલ્લા, ધિંગાણાં બહોત.

૨૨૪. સાઠી બુદ્ધિ નાઠી. ઘરડાં ને ઘેલાં.

---

૧ 'કોઈ તેલ પૂરનાર નહિ.

પળિયેટ ને ચળિયેટ. (ચળેલ.)
ઘડપણમાં લઘુ,[1] લાળ ને લવરી વધે.

૨૨૫. એહાની ડાળ કાપવી નહિ. ખારા દરિયામાં મીઠી વીરડી!
આંખ કાણી કરવી, પણ દિશા કાણી કરવી નહિ.[2]
ખાવું તેનું ખોદવું નહિ. લૂણનો સાચો તેનો પ્રભુ સાચો.

૨૨૬. નાક વાઢીને અપશુકન કરવા. હું મરું પણ તને રાંડ કરું.

૨૨૭. પેટથી સૌ હેઠ. પહેલી પૂજા પેટની, પછી દેવની.
પેટ ભર્યું એટલે પાટણ ભર્યું.
આપ જમ્યા એટલે જગત જમ્યું.
આંગળીથી નખ વેગળા એટલા વેગળા.
સૌનો હાથ મોં ભણી વળે.
પેટ આગળ પેડુ તો જમવા કોને તેડું?
પહેલું પેટ ને પછી વેઠ.

૨૨૮. ગાં—તળે રેલો વાત પડતી મેલો.[3]

૨૨૯. આંખના પાટા જેવો અણખામણો.

૨૩૦. પેટ કરાવે વેઠ. પેટ માટે લંકામાં જવું પડે.
સો મણની કોઠી સમાય, પણ સવાશેરની કોઠીનું પૂરું
થાય નહિ. પેટ પાપની ખાણ છે.

૨૩૧. આંગળી આપીએ તો પહોંચો પકડે.
બેસ કહેતાં સૂઈ જાય.
બાવાજી, નમો નારાયણ, તો કહે: 'તેરે ઘેર ખાના.'
હાથ આપીએ તો ગળું પકડે.

કડિયો ને કોળ[1] ઘરમાં પેસે તે નીકળે નહિ.[2]

૨૩૨. ઇશ્કની આંખ કહી આપે. પ્રેમ આંખમાં ઝળકે.

૨૩૩. મોં જોઈ ને ટીલું કરવું. છાણના દેવને કપાસિયાની આંખો.
મોં જોઈ ને તમાચો મારવો. વેવાઈ તેવો વિવાહ.
મોચીના દેવને ખાસડાંનો હાર. ઊંટના મોંને ઝાંખરાં.
નકટીનો વર જોગી. હનુમાનને આકડો ને શંકરને બીલી.

૨૩૪. તનના રોગની દવા છે, મનના રોગની દવા નથી.
ઇશ્કના દરદીને ઓસડ નહિ.
બંધન તો પ્રેમનું ને બાણ તો કામનું.
ઇશ્કમાં ઘાયલ થઈ ફરે, તેને એકે મલમ કાર ન કરે.

૨૩૫. માંહેલા ગુણ મહાદેવજી જાણે! ઊજળે લૂગડે લખેસરી.
ઉપર હીરા ચકચકે, માંહે કીડા કચકચે.
ઉપરથી ઇંદરવરણાં, માંહે કડવું ઝેર.
ઉપરકી તો અચ્છી બની, ભીતરકી તો રામજી જાણે.
દેખનમેં ઢબુ, ચલનમેં સિરવાઈ.[3]

૨૩૬. સડેલાને ચાંદું નહિ. ઘાંચીને લૂગડે ડાઘ નહિ.
કાળામાં મેશનો ડાઘ જણાય નહિ.
કુલિન લજવ્યો લાજે.

૨૩૭. સૌ ઊગતાને પૂજે. ઊભો શેઠિયો લાખનો. બેઠો કાખનો.
શેઠ બોલે તે સવાવીશ.
બાળો રાજા સેવીએ ને વળતી લીજે છાંય.

---

૧ કોળ–ઉંદર. ૨ કડિયો પણ ઘરમાં એક બારી કઢાવવા બોલાવ્યો હોય, તે કંઈ ને કંઈ નવું કામ કરવાનું કાઢે.

૩ સિરવાઈ–તદ્દન હલકો સિક્કો.

ચમત્કાર વગર નમસ્કાર નહિ.

૨૩૮. ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે.
જાગતો મૂતરે તેનો શો ઉપાય ?
તુમ બકતે હો, હમ સૂનતે હૈં.
એક કાને સાંભળું ને બીજે કાને કાઢી નાખું.
આંખ આડા કાન કરવા.

૨૩૯. કાકા મટી ભત્રીજા થવું.
ઘરધણી મટી પડોશી થવું. શેઠ મટી વાણોતર થવું.
ઘરધણી શિયાળિયાં.[1]

૨૪૦. ઊંટનાં અઢારે વાંકાં. એના સાંધા એટલા વાંધા.
શેઠ, વાળ ને દાંતરડાં એ ત્રણે ય વાંકાં.

૨૪૧. દૂબળું ભૂત દુશટે રખિયાત.[2] કંગાલ કાઠડીએ રાજી.
ભૂંડ કાદવે રાજી. કીડીને કોગળે પૂર.
ભૂત બાકળે રાજી. ઢેડ ઢેખાળે રાજી.
કૂતરીનું ગો ઢેફે.[3]

૨૪૨. ઊંટે કર્યા ઢેકા, તો માણસે કર્યાં કાઠાં.
ખુદાએ બનાવ્યા ઊંટ, તો માણસે બનાવ્યાં પેંગડાં.
હરાઢી[4] બેંસને ગળે ઢેરા.[5]

૨૪૩. નાદાન પાસે છાની વાત. તે ધજા બાંધે.[6]
ફૂટેલા કુલ્લામાં ઘી ભરવું. ચારણીમાં પાણી ભરવું.
રાફે માણો[7] ભરવું.

૧ [illegible]. ૨ રખિયાત—[illegible]. ૩ ઢેકામાં રાજી.
૪ [illegible]. ૫ ઢેરા—[illegible].
૬ બધે જાહેર કરે.
૭ માણો [illegible] માટે [illegible].

૨૪૪. મિયાં મહાદેવનો જોગ ન ખાય.
ઉંદર-બિલાડીનો મેળ. બારમો ચંદ્રમા.[1]
મોં દીઠું ગમે નહિ. આંખો વઢે.

૨૪૫. એકડાવગરનાં મીડાં. વરવગરની જાન.
મીઠાવગરનો. સરદારવગરની ફોજ.

૨૪૬. એકથી બે ભલા. એકનું ઓસડ બે.
ચાર મળ્યા એટલે ચોરનો ભય ટળ્યો.

૨૪૭ કોઠી ધોઈને કાદવ કાઢવો.
છાણમાં ઢેખાળો નાખીએ તો છંટાઈ મરીએ.
એઠને છેડીને ઉતાર જેવું થવું.
ભાંડે તે ભંડાય, નિંદે તે નિંદાય.

૨૪૮. વાત કરતાં ગળે પડવું. પરોણીને નાતરે દેવી.
બેઠાં બાઈ, તો કરો સગાઈ.
વાત કરનારીને વહેલમાં બેસાડવી.[2]

૨૪૯. હાટડી નાની ને હરકત ઘણી.
પૂંજીબાઈનો પરિવાર. ચકલી નાની ને ફડકો મોટો.
ખાનાપીના ખેરસલ્લા, ધિંગાણાં બહોતેરાં.
ઘડીની નવરાશ નહિ ને પૈસાની પેદાશ નહિ.
વૈકુંઠ નાનું ને ભગતડાં બહુ.
ધંધો થોડો ને ધાંધલ ઘણી.

૧ જન્મકુંડળીમાં બારમે ખાને ચંદ્ર હોય, તો હાડોહાડ વેર કરાવે.

૨ કોઈ એક સ્ત્રી બીજી એક સ્ત્રીના વેવિશાળની વાત કરવા આવે તેને જ પોતાની સ્ત્રી-પત્ની કરી લેવી.

ટામમાં ને ટામમાં, હડીઓ કાઢે ગામમાં.

૨૫૦. જેણે મૂકી લાજ, તેને નાનું સરખું રાજ.
જેણે રાખી લાજ, તેનું બગડ્યું કાજ.
સનસમાં[1] લેવાણો તે મૂઓ.
જેણે રાખી શરમ, તેનાં ફૂટ્યાં કરમ.

૨૫૧. આખું કોળું શાકમાં ન જાય.
એકદમ લાડવો ખવાય નહિ.
એક ઘાએ કૂવો ન ખોદાય.
કોળિયે કોળિયે આખું જમાય.

૨૫૨. એક દહાડે બે પર્વ, સાત વાર ને નવ તહેવાર.
દિવસના કલાક ચોવીસ ને કામ ચાળીસ કલાકનું.
એક રાંડ ને સો સાંઢ. ભાઠા ગામમાં બે બારશ.

૨૫૩. દિવાળીનું દારૂખાનું ને પૈસામાં પલીતો.
એક દહાડાની શોભા ને જનમારાની ઓભા.[2]
કરે વરો ને ઉતરે ખરો. શોભા એટલી ઓભા.

૨૫૪. નાને ભડકે દિવાળી ને મોટે ભડકે હોળી.
એક દીવે દીવો, ઘણે દીવે દિવાળી.
નાને જમણે જમણવાર, મોટે જમણે સાંભુમેળો.

૨૫૫. વટલ્યો વટલાવે, બગડ્યો બગાડે.
જેવી વજર, ત્યાં તુંબડું રંડે.
એક નકટો, સો નકટા કરે.

૨૫૬. એક નન્નો સો દુઃખને હરે.

૧ સનસ-શરમ, લાજ.
૨ ઓભા-મૂંઝવણ, ફિકર.

ભગનું નામ મરી ન પાડીએ.

नरो वा कुंजरो वा ।

[દ્રોણે યુધિષ્ઠિરને પૂછ્યું: 'મારો પુત્ર અશ્વત્થામા મરાયો તે વાત સાચી?' ત્યારે તેમણે જવાબ આપ્યો: 'હા.' અને પછી ધીમેથી ઉમેર્યું: 'नरो वा कुंजरो वा–માણુસ કે હાથી, તે નક્કી નહિ.' એટલે બેવડું બોલવું કે સંદિગ્ધ ભાષા વાપરવી.]

ફેરવી બાંધવામાં માલ છે.

[એક જમાદાર પોતાનો ખોવાયેલો ઘોડો શોધવા નીકળ્યા. રસ્તામાં બે વાણિયા મળ્યા. તેમને પૂછતાં, એક બિન અનુભવી વાણિયો બોલ્યો: 'હા અમે જોયો. થોડેક દૂર નાસીને જાય છે.' એટલે જમાદાર આજ્ઞા કરતો હોય તેમ બોલ્યો: 'ચાલ બતાવ.' અનુભવી વાણિયાએ ધીરે રહી કહ્યું: 'ફેરવી બાંધવામાં માલ છે' અર્થાત્ ફાળિયું કાઢી નાખીને ફરીથી જુદી રીતે બાંધવામાં ફાયદો છે. પેલો સમજી ગયો ને બોલ્યો: 'હા, હા, પેલો દોડ્યો જાય, માથે મોટાં શિંગડાં છે.' એટલે જમાદારે કહ્યું: 'કંઈ અક્કલ છે કે નહિ? ઘોડાને તે શિંગડાં હોય? એ તો ગાય કે ભેંસ હશે.' એમ બોલી તે પોતાના ઘોડાની શોધમાં ચાલ્યો ગયો અને પેલા વાણિયાને સાથે દોડી જવાની મહેનત બચી ગઈ.]

૨૫૭. મિયાં બી નયા, ઓર કાયદા બી નયા.

૨૫૮. એક મ્યાન બે તલવાર.

શિયાળ તાણે સીમ ભણી ને કૂતરું તાણે ગામ ભણી.

જણુજણુનો જુદો મત, તેમાં જાય ઘરની પત.[1]

૨૫૯. બિલાડી એકવાર લાડવો લઈ જાય.

લુટાણા તે રસ્તે જવું નહિ.

---

૧ પત–આબરૂ.

એકવાર ખત્તા, બેવાર ખત્તા,[1] ત્રીજીવાર માદરણખતા.

૨૬૦. કાજીજી દૂબળે કયું, તો કહે સારે શહેરકી ફિકર.
પંચાતિયાનાં છોકરાં ભૂખે મરે.
દેશનું ડહોળે, તે ઘરનું બોળે.

૨૬૧. કાચા કાનનું, તે નહિ સાનનું.

૨૬૨. એની માએ સવાશેર સૂંઠ[2] ખાધી છે.
એની માએ શીશો ખાઈ હીરો જણ્યો છે.
એ તો ઊડતાં પંખી પાડે તેવો છે.
આભને થોભ દે તેવો છે.

૨૬૩. મિયાં કયું રોતે હો, તો કહે, બંદેકી શિકલ ઐસી જ હૈ.
જબસેં આયે બાલ, તબસેં ચલી હુવાલ.
એરંડો ઉગે ત્યાંથી જ પોલો.
એ તો કોઈ દિવસ બેપાંદડે[3] થયા જ નથી.
શ્રાવણ ઊતરે નહિ ને ભાદરવો બેસે નહિ.

૨૬૪. એ તો પાનફૂલમાં ઊછર્યો છે. ગર્ભશ્રીમંત છે.
અસલ રેશમ છે.

૨૬૫. એ અંગાળે[4] મેશ વળવા દે તેવા નથી.
એ કોઈનું ગજહર કીરે તેવા નથી.
એના પગમાં ભમરો છે.
મંગળવારે માંદે ને આદિતવારે સાંડે.

એ સોમે સાજા ને મંગળે માંદા છે.

૨૬૬. શિયાવિયા થઈ ગયો છે. જાણે તેલમાં માંખ ડૂબી.
પોતિયાં બગડી જાય છે. છાશબાકળા થઈ ગયા છે.
જીવ મૂઠીમાં આવી ગયો છે. મોં ઉપર લોટ ઊડે છે.

૨૬૭. ગામ ભાંગીને[1] ચોરાસી[2] કરવી.
એરણ ચોરીને સોયનું દાન કરવું.
ભેંસ ચોરીને ખીલાનું દાન કરવું.

૨૬૮. એવો ભોળો કે મૂકી જાય ગાગર ને લઈ જાય ગોળો.
બોર આપીને કલ્લીઓ કાઢી જાય.
સોય આપીને કોશ લઈ જાય.
લંગોટ દઈને પાઘડી લઈ લે.
કાલો થઈને કાંચળીમાં હાથ ઘાલે.

૨૬૯. ભૂંડામાં ભૂંડી ચાકરી. પરાધીન સ્વપ્ને સુખ નહિ.
ખેતી સદા સુખ દેતી. ચાકરી સબસેં આકરી.
નોકર ખાય ઠોકર. દાસ તે સદા ઉદાસ.
ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર ને કનિષ્ઠ ચાકરી.

૨૭૦. એની લાકડી ને એનો બરડો. એનું મોં ને એનું ખાસડું.
એની મોઈ ને એનો દાવ.

૨૭૧. કાળા દાંત ને કથીરનો ચૂડો, તું કરતાં મારે રંડાપો રૂડો.
ધણી રે ધણી, તારી ધમકી ઘણી, લાવ્યો ત્યારે મૂળાની પણી.

૨૭૨. પાપનો ઘડો ફૂટ્યા વગર રહે નહિ.
પાપ પીપળે ચઢીને પોકારે.

---

૧ ભાંગીને–લૂંટીને. ૨ ચોરાસી–ચોરાસી નાતના બ્રાહ્મણોને જમાડવા.

### બહુચરાજીનો કૂકડો પેટમાં બોલે.

[ એકવાર મુસલમાન બાદશાહની ફોજ ગુજરાતમાં બહુચરાજી પાસે આવી ચડી. ત્યાં માતાજીના મંદિરમાં કૂકડા રમતા હતા. ફોજના માણસોએ તે ગામના લોકોએ ના પાડવા છતાં તેમનાં દિલની લાગણી દુભવીને પણ માતાજીના કૂકડાને રસોઈમાં ખાધા. માતાજીનો કોપ થયો એટલે ખાધા પછી ઘણીવાર કલાકે તે કૂકડા તે સૈનિકોના પેટમાં સજીવન થયા અને 'કૂકડેકૂક' બોલવા લાગ્યા. આથી કેટલાક બીન્યા, ઘણા માંદા પડ્યા અને કેટલાક મરી ગયા; અર્થાત્ પાપ નડ્યા વગર રહે નહિ. ]

૨૭૩. કમજોર ને ગુસ્સા બહોત.
ખેંચ પકડ, મુજે જોર આતા હે.
મિયાં પડ્યા પણ ટંગડી* ઊંચી.
ઉડમાં પગ ને મૂછે તાલ.

૨૭૪. મૂડીએ ખસનું તો આવે હસનું.
સીધા રહી દૂધ ન પીએ, આડા રહી મૂતર પીએ.
થાકે ત્યારે પાકે. વાર્યું ન કરે, હાર્યું કરે.

૨૭૫. કમોસમનાં કેરાં સ્વાદ આપે નહિ.
હાથી રાજદરબારે શોભે.
નાતરામાં ભોજ નહિ ને ખીચડીમાં ગોળ નહિ.
વિવાહનાં ગીત વિવાહમાં ગવાય.

૨૭૬. કર્યું તેટલું કરવું ગરજું.
કુકડમૂકડ કેટલો ભાર, તો કે એક ઉનાર.
કામ ક્યાં તેનું કામણ ક્યાં.

૨૭૭. ખીંકતાં છીંકું પડે. તેવી એકે તેવી બીજી પાડી.

---

* ટંગડી—ટાંગો, પગ.

કરવી ખેતી તો જોડ ગાડું, કરવી વઢવાડ તો બોલ આડું.

૨૭૮. ઊતર્યાં અમલ કોડીના. ખીલાને જોરે વાછડું કૂદે.

૨૭૯. ભલાની દુનિયા નથી. નમે તેને સૌ નમે.
મીઠા ઝાડનાં મૂળ સૌ ખોદે.

૨૮૦. કસાઈને ઘેર કુશળ, ધરમીને ઘેર ધાડ.
ગાંડાને ગામ, ડાહ્યાને ડામ.
હલાલમાં હરકત, હરામમાં બરકત.[1]
જિસકી દાનત પાક, ઉસકે ઘરમેં ખાખ.
જિસકી દાનત ખોટી, ઉસકે ઘરમેં રોટી.
સતીને સાડી નહિ ને વેશ્યા પટકૂળ પહેરે.

૨૮૧. કહેતા બી દીવાના, સૂનતા બી દીવાના.
વાત સાંભળી તોલ કરવો.
વાત કાને આવ્યા ભેગી હડી[2] કરવી તે મૂર્ખાઈ.

૨૮૨. વાતે પાપડ, વાતે વડી, વાતે વહુ ગધેડે ચઢી.
વાતે પાડા ગાભણા કરવા. વાતનાં વડાં કરવાં.
વીસાશ્રીમાળીના વિચાર. બે મણ ઘી તાવડામાં બળી ગયું.[3]

૨૮૩. માંડવો બાંધવા સૌ આવે. છોડવા કોઈ ન આવે.

૨૮૪. કંકાસથી ગોળીનું પાણી ન્રાસે. કજિયાનું મોં કાળું.

૨૮૫. કાગડાની કોટે રતન, કાગડો દહીંથરું લઈ ગયો.[4]
ઉકરડે રતન.

---

૧ બરકત—સારું, ફાયદો. ૨. હડી કરવી—દોડવું.

૩ છતાં 'નાતમાં ખાજાં તળવાં છે' તેનો નિર્ણય ન કરી શક્યા.

૪ ખરાબ વર સારી અથવા રૂપાળી કન્યા લઈ જાય ત્યારે વપરાય છે.

૨૮૬. બિલાડીના પેટમાં ખીર રહે, તો એના પેટમાં વાત રહે.
કાગડાની કોટે ઠ' કોતરી. ચાડિયો ચોરે જઈ ચાડી કરે.
ઘાંયજાને વાત કરી હોય તો તુરત ચંદરવો બાંધે.
એના પેટમાં તાંદળજો ઉગતો નથી.

૨૮૭. પાસો પડે તે દાવ ને રાજા બોલે તે ન્યાય.
ફાવ્યો વખણાય.
પડે પાસા ને જીતે ગમાર. ડાહ્યાની મારી હુશિયાર.

૨૮૮. ઊપજ્યું તેવું નીપજ્યું. તલ ખાધા ને ગાંજીકસી થઈ.
લાવ ઘોડા ને ચડાવ વરઘોડા. ચડ ચૂલા, ખાડ'.

૨૮૯. ઘર વ્યાજમાં ખોયું. વાછડી વરતમાં ડૂબી.

૨૯૦. કાગનું બેસવું ને ડાળનું પડવું. કાકતાલીય ન્યાય.
આંખ ફૂટનારી ને કાંટા વાગનાર.
લાગનાર થાય ત્યારે ગેબની ગોળી લાગે.
આંધળાના માથી કોડું પડ્યું.
નાખે અવળા ને પડે સવળા.
આંધળાનો ઘા પાધરો આવ્યો.

તાવડી પર ટપકારા તો તેર થયા હતા ને તમે મને નવ જ રોટલા કેમ પીરસ્યાં? સાસુ બોલ્યાં: 'ચૂપ, ચાર છાશમાં.' અર્થાત્ ચાર રોટલા પછી છાશમાં ખાવા આપીશ. હમણાં મૌન રહો.

જ્યારે તેનો પતિ ઘેર આવ્યો, ત્યારે તેણે તેને વાત કરી. 'માનો ન માનો પણ જમાઈ પાસે જ્યોતિષવિદ્યાનું સારું જ્ઞાન છે.' સસરાએ ટીડાને પૂછ્યું: 'મારો બળદ ક્યાં જડશે? ખોવાઈ ગયો છે.' થોડીક ગણતરી કરતો હોય તેવો ડોળ કરી ટીડો બોલ્યો: 'જાઓ, ગામને પાદર ઝાડે બાંધેલો છે.' બળદ તે પ્રમાણે જડ્યો. જોષીની ખ્યાતિ ગામમાં બહુ ફેલાઈ.

તે જ તાકડે તે ગામના રાજાનો હાર ખોવાયો હતો, એટલે તેણે ટીડા જોષીને બોલાવ્યા અને તે સંબંધી પ્રશ્ન પૂછ્યો. ટીડો કહે: 'તેના જવાબ માટે વખત જોઈશે.' જોષીને રાતે રાજમહેલમાં સુવાડ્યા. 'હવે મારું શું થશે' તે ચિંતામાં ને ચિંતામાં ટીડાને ઊંઘ ન આવી. મધરાત વીતી ગઈ, ત્યારે તે કંટાળીને બોલ્યો: 'નિંદરડી આવ, નિંદરડી આવ, નિંદરડી આવ.' હવે અકસ્માત એવો બન્યો કે નિંદરડી નામની દાસીએ તે હાર ચોર્યો હતો, તે ગભરાઈ ગઈ અને છાનીમાની જોષીની પાસે આવી હાર મૂકી ગઈ. સવારે જોષીએ રાજાને હાર આપ્યો. રાજાએ જોષીને સારું ઇનામ આપ્યું.

હવે રાજાને થયું કે ટીડા જોષીની વધારે પરીક્ષા કરવી જોઈએ. એટલે તેણે ટીડાને રોક્યો. અને પોતાના હાથમાં ટીડને રાખીને જોષીને પૂછ્યું: 'બોલો, મારા હાથમાં શું હશે?' જોષી અકળાઈને બોલ્યા:

'ટપ ટપ કરતાં ગણી પોળી, ડુંગર ચાલતાં દીઠો ડોળી;
નિંદરડીએ આપ્યો હાર, મૂક રાજા ટીડાનો ખ્યાલ.'

અર્થાત્ તેણે જે રીતે પોળી (રોટલા), ડોળી (બળદ) અને હાર મેળવ્યાં હતાં તેની વિગત જણાવી, ટીડાનો (પોતાનો) ખ્યાલ–છાલ છોડવા કહ્યું. ભાગ્ય પાંસરું તે રાજા એવું સમજ્યો: '

હાથમાં જે ટીક મેં રાખ્યું છે, તેને છોડી મૂકવાનું જોશી કહે છે.' રાજાએ જોશીને ખુશી થઈને ફરીથી ભારે ઇનામ આપ્યું. આ રીતે ટીકાજોષીનો-આંધળાનો ઘા બધો વખત પાધરો પડ્યો.]

૨૯૧. લાગ્યું તો તીર નીકર તુક્કો.
માર તોપ, ખુદા સચ્ચા હે.
દરિયામેં દોટ, રખનેવાલા રામ હે.
સૂરદાસકી ટીકી, લગી તો લગી, નહિ તો રામધૂન મચાઈ હે.
ભાલે બીળી, માર ભૂસકો, બજાવ શિક્કો, બનતાં બને તે ખરી.
બેટા, ચડ જા શૂળીએ.

કરતાં દુકાને આવી બેઠા. શેઠે ગુપ્ત રીતે પોલીસને ચોરની ખબર આપેલી. થોડો વખત થયો ને જમાદાર આવ્યા. જમાદારે શેઠને બધી વાત પૂછી. શેઠે તેજ પ્રમાણે જવાબ આપ્યો. જમાદારે પેલા શેઠના દીકરાને લાકડીનો ગોદો માર્યો. શેઠ કહેઃ 'જમાદાર સાહેબ, એવું શું કરો છો ? ભાઈસા'બ, દીકરો છે. એને ગોદા શું કામ મારો છો ?'

જમાદાર બન્નેને લઈ આવ્યો, પહેલાં પ્રમાણેજ જવાબ આપ્યો, એટલે ફોજદારે શેઠને મારવા લીધા. શેઠ કહેઃ 'સાહેબ, મને શું કરવા મારો છો ? દીકરો છે, આપને ચાહે સો કરો.' ફોજદાર સમજ્યા. ચોરને શૂળીની સજા ફરમાવી. શેઠે તેને પોતાનું પ્રથમનું ધોતિયું પહેરવા આપ્યું અને પોતે આપેલાં બધાં કપડાં તથા ઘરેણાં લઈ લીધાં અને કહ્યુંઃ 'એમાં ગભરાય છે શું ? પરમેશ્વરનું નામ લઈને બેટા, ચડ જા શૂળીએ.']

૨૯૨. કાગનો વાઘ કરવો,[૧] રજનું ગજ કરવું.
વાતનું વતેસર કરવું. રામમાંથી રામકહાણી કરવી.

૨૯૩. રાંકમાંથી રાજા કરવો. કીડીનો કુંજર કરવો.
પપ્પામાંથી પીરમહમ્મદ બનાવવો.

૨૯૪. કાગળની હાંડી ચૂલે ચઢે નહિ.
તૂંબડાં બાંધી દરિયો તરાય નહિ.
કાગળની કોથળીમાં ઢબુ ભરાય નહિ.
કાગળની હોડીથી તરાય નહિ.

૨૯૫. ઘેલી સૌ પહેલી. ગામ કરતાં ઘાંચજી ઉતાવળી.
હોળીનું નાળિયેર.

૨૯૬. સો કપૂતે બાપ વાંઝિયો. દી વાળે તે દીકરા.

---

૧ અતિશયોક્તિભરી વાત કે વર્ણન કરવું.

છો વાળે તે છોકરા. એકે[1] ઊજળા, છત્રીસે ખેંગાર.[2]
એકે હજારાં, સોએ બચારાં.
બાકર[3] બચ્ચાં લાખ, લાખે બિચારાં.
સિંહણ બચ્ચું એક, એકે હજારાં.

૨૯૭. એવો સાચો કે જ્યાં બોલે ત્યાં ખાય તમાચો.
સાચાબોલા સાસરે ન સમાય.
ડાકણને મોંએ ડાકણ ન કહેવાય.
'હે બાઈ બાડી, છાશ દેજે જાડી;'
'જેવી તારી વાણી, તેવું છાશમાં પાણી.'

૨૯૮. કાજીની કૂતરી મરી ગઈ ત્યારે આખું ગામ આભડ્યું.
કાજી મરી ગયા ત્યારે કોઈ નહિ. બે આંખની શરમ.
આંખની શરમ મટી એટલે યારી તૂટી.

૨૯૯. માણસ જોઈએ વસીને,[4] સોનું જોઈએ કસીને.

૩૦૦. ગૂમડું ફૂટ્યું ને વૈદ વેરી.
ગરજ સરી અમારી, શી પરવા તમારી ?
કામ વખત કાકી, નીકર મૂકે હાંકી.
ગરજ સરી વેરી કે મા ફાડ તેરી.
વૈદ, ભૂવા ને ડાકલાંવાળા, આવે ચડતા ને જાય પાળા.
જમતો પરોણો બેંશ માને.

ગરજ કે વાસ્તે ખુદાકુ ફુસલાતી થી?

[ એક ડોશીનો એકનો એક દીકરો માંદો પડ્યો. ઓસડથી આરામ ન થતાં, તેણે માનતા માની: 'ખુદા મેરે બેટેકું આરામ કરે, તો આભ જિતની બડી રોટી ખુદાકું ચઢાઉંગી.' દીકરાને આરામ થયો. દીકરાએ કહ્યું: 'આભ જિતની બડી રોટી માની હૈ, લેકિન રોટી પકાનેકું ઇત્તા બડા તવા કહાંસે લાયગી?' ડોશીએ કહ્યું: 'ગરજકે વાસ્તે મેં ખુદાકો ફુસલાતી થી.' ]

૩૦૧. ગરજે ગધેડાને કાકો કહેવો પડે.
ગરજુ ગામનો ઓશિયાળો.
ગરજ બિચારી બાપડી ગરજે ગોથાં ખાય.
ગરજુ કુશકાથી સોંઘો. ગરજિયું ને દરદિયું.
ગરજવાનની અક્કલ જાય ને દરવાનની શિકલ જાય.
કણકિયાની[1] બાયડી સૌની ઓશિયાળી.

૩૦૨. કાળા અક્ષરને કૂટી મારે એવો છે. કાળા કાળા મંકોડા.
પાટી ઉપર ધૂળ નાખી હોય ત્યારે ને?[2]
રાતી એટલી ઘિમેલો.[3]

૩૦૩. મરીને માળવો ન લેવાય. કંઈ ચૂલા ઉપર ચડાય છે?
કંઈ ચાર હાથ થાય છે? આભને બાથ ભરાતી નથી.
કંઈ બે હાથે લાડવો ખવાય?[4]

૩૦૪. મારવો ઉંદર ને ખોદવો ડુંગર.
મારવી આંખ ને ચઢાવવી તોપ.

૩૦૩. કીડીને કણ, હાથીને હારો, હંસને મોતી ને દેડકાંને ગારો.

---

૧ કણકિયો—કણક (લોટ) માગનાર બ્રાહ્મણ.
૨ અર્થાત્ અભણ છે. ૩ ઘિમેલો—એક જાતનાં જીવડાં છે.
૪ અર્થાત્ થતી હોય એટલી ઉતાવળ થાય.

પરમેશ્વર આપી જ રહે છે.
કીડીને કણ ને હાથીને મણ.

૩૦૬. મોંમાં આવ્યો કોળિયો પાછો જાય.
કાંઠે આવેલું વહાણ ડૂબ્યું. હાથ આવેલી બાજી ગઈ.
ઘડ્યું સોનું ધૂળ મળ્યું. કરી કમાણી ખોઈ બેઠા.
છેડો સુધર્યો તેનું બધું સુધર્યું.

૩૦૭. સૌ કીસબ[1]ચોર.
ટામણ શીખવે, પણ વારણ[2] પોતાની પાસે રાખે.
તાળું બતાવે, પણ કૂંચી કરસનજીને હાથ.

૩૦૮. કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં. શેઠ કરતાં વાણોતર વધ્યા.
ભણીભણીને ઊતર્યા, ગુરુજીના મોંમાં મૂતર્યા.

૩૦૯. ગામડે ભેંસ ને ઘેર ઝરડકા.
પેટમાં છોકરું ને નામ પાડો 'હીરો.'
ભેંસ ભાગોળે ને છાશ છાગોળે.

૩૧૦. કન્યા અને ઓઠું ધાન વાસી[3] ન રખાય.
દીકરીના બાપને ઊંઘ ન આવે.
પેટી રખાય પણ બેટી ન રખાય.

૩૧૧. કુંવારી કન્યાના સો વર ને સો ઘર.
વરને ટીકાવ્યો[4] ન હોય. ત્યાં સુધી કાન કુંવારો.

૩૧૨. લક્કડ કે લાડુ ખાયગા વો પસ્તાયગા, નહિ ખાયગા વો ભી પસ્તાયગા.

કુંવારો કોડે મરે ને પરણ્યો પીડાએ મરે.

૩૧૩. ગામને મોંએ ગરણું ન બંધાય.
કૂવાને મોઢે ઢાંકણું દેવાય, પણ ગામને મોઢે ઢાંકણું ન દેવાય. જગત જિતાયું નથી.
ખલકકી હલક, કિસીને બંધ કિયા હે ?
મારનારનો હાથ ઝલાય, પણ બોલનારની જીભ ન ઝલાય.

૩૧૪. મનમાં પરણ્યા ને મનમાં રાંડ્યા.
કૂવાની છાયા કૂવામાં જ રહે.
ઘડાનું અજવાળું ઘડામાં જ રહે.
દરની માટી દરમાં સમાય.

૩૧૫. કેળામાં ખાંડ ને મૂળામાં મીઠું. દુકાળમાં અધિક માસ.
દૂબળા ઘરમાં સુવાવડ સાંઢ.

૩૧૬. રોટી ત્યાં ચોટી[1] નહિ, ચોટી ત્યાં રોટી નહિ.
ધાનાં ત્યાં પાનાં નહિ ને પાનાં ત્યાં ધાનાં નહિ.
દૂધ ને દીકરા સાથે ક્યાંક હોય.

૩૧૭. ઘી વિના લૂખો કંસાર, દીકરા વગર સૂનો સંસાર.
પૂતહીન કા ઘર સૂના, વિદ્યાહીનકા હૃદય સૂના.
દરિદ્રી કા સબ સૂના. બાળા તેના શા દુકાળા ?
જેને ઘેર પારણું તેનું શોભે બારણું.

૩૧૮. કોઈના પેટ ઉપર પગ મૂકવો નહિ.[2]
પીઠ ઉપર મારીએ, પણ પેટ ઉપર ન મારીએ.
વહેતી ગંગામાં પગ મૂકવો નહિ.

---

૧ ચોટી—ચોટીવાળા છોકરા.

૨ રોજી ન છીનવી લેવી.

ચઢતી દેરડી[1] પાડવી નહિ.

૩૧૯. કુંભાર રીસે બળે ત્યારે ગધેડીના કાન ઉમેળે.
અકમી[2] માટી રાંડ પર શૂરો.
આઈનો ખાર બાઈ ઉપર કાઢવો.
શોકના ખારે ધણીનો ખાટલો હગી ભરવો.
દીવાની દાઝે કોડિયાને બચકાં ભરે.
નબળો સિપાઈ ઢેડવાડે શૂરો.

૩૨૦. કોઈની હવેલી જોઈ આપણું ઝૂંપડું ન તોડી પડાય.

૩૨૧. ઉકરડામાં સાંઢ મૂતર્યો, તે શું જણાય?
ટોગળે દવ હોલવાય નહિ, ફૂંકે વાદળું ખસે નહિ.
મોવાળા તોડે મડાં હળવાં થાય નહિ.
ઘોડે ગયું તે ગધેડે પાછું વળે નહિ. લાઠી ઉપર ચચટો.[3]
મણનાં તૂટ્યાં શેરે સંધાય નહિ.
ચૂંટીઓ ખણ્યે વેર વળે નહિ.
ખાલખોઆના[4] ધાણી દુશ્મન ગાંજે નહિ.

૩૨૨. એ તો કાળો નાગ છંછેડવાનું કામ છે.
બાથીને ઘેર ખાતું છે. બારગાનું વેર છે.
હાથી આગળ પૂણો છે.
દાંત ખાટા થાય તેવું કામ છે. વાઘને કૂદે મય છે.
એ કંઈ મૂઆનો માર નથી.

૩૨૩. મોં ખાય ને આંખ લાજે.

પેટમાં જેનું અન્ન પડ્યું, તે કોક કાળે ફળદાયકા.
કોળિયાનું માથું નીચું જુએ, ડાંગનું માથું ઊંચું જુએ.

૩૨૪. ખાધે રાજાના ભંડાર ખૂટી જાય. બેઠાથી બેગાર[1] ભલી.

૩૨૫. અનેનાં તો તનેનાં.
પેટમાં ન મળે રોટીઆં, સબ ખાતાં ખોટીઆં.

૩૨૬. છાશ લેવા જવું ને દોણી સંતાડવી.
નાચવા જવું ને ઘૂમટો તાણવો.
માગણ ને મોંનો મોળો.
શોભને અને શરમને બને નહિ.

૩૨૭. મરતો નથી ને માંચો મૂકતો નથી.
મેલડીનો ચેપ. ચીકણો ગુંદ જેવો.

૩૨૮. ઘોડી પાછળ વછેરું.
ખિસકોલી હાલે, ત્યારે પૂછડી પણ હાલે.
બાવો નાચ્યો, એટલે બાવલી પણ નાચી.
મિયાં બોલ્યા ત્યારે દાઢી પણ હાલી.
સોય પાછળ દોરો.

૩૨૯. ખોટો તોપણ ગાંઠનો રૂપિયો. ભાગ્યું તો યે ભરૂચ.
ઘેલો તોપણ પેટનો દીકરો. બાંકો પણ માંકો.[2]

[ એક મારવાડી પોતાની મૂછનો વાળ ઘરેણે મૂકી રૂપિયા વ્યાજે લેવા ગયો. શાહુકાર કહે: 'આ વાળ વાંકો છે.' ત્યારે મારવાડી ઉપરની કહેવત બોલે છે; અર્થાત્ વાંકો વાળ છે, પણ મારી મૂછનો વાળ છે. તેવું તેનું અભિમાન જોઈ શાહુકારે લાખો રૂપિયા આપ્યા અને તે થોડા જ વખતમાં વ્યાજ સાથે પાછા પણ આવી ગયા. ]

૧ બેગાર–મજૂરી. ૨ માંકો–મારો.

૩૩૦. જેને કોઈ ન પરણે તેને ખેતરપાળ પરણે.
નકટીનો વર જોગી.
તલનું ઘરાક ઘાંચી. લાકડે માંકડું વળગાડવું.
ખુદાને બનાઈ જોડી, એક અંધા ઓર દૂસરી ખોડી.

૩૩૧. મણનું માથું જજો, પણ નવટાંકનું નાક ન જશો.
કાળ જાય પણ કલંક ન જાય.
કાળ જાય ને કહેણી રહી જાય.
વે પાણી મુલતાન ગયાં.[1]

૩૩૨. ગોપાભાઈની ગોપવણી ને પાગ બાંધે ઉપરણી.
વાહ વાહ રે! મિયાં બાંકે, ટગલીમેં સો સો ટાંકે.
ઈધર મત આઇયો, ભાઈ, ઓઝતકી બીબિયાં ઘાસ
કાટતી હૈ.
'આજ એવો ખાધી છે' કહી દિવેટ ચાવી ગયા.

[ એક ઘસાઈ ગયેલા મહાશય પાસે મૂછે ચોપડવાનું તેલ પણ નહિ. એટલે દીવામાંથી દિવેલ લઈ મૂછે લગાવ્યું. ત્યાં દિવેટ આવી તે મૂછમાં ચોંટી રહી. બહાર નીકળ્યા ત્યારે સામા મળનાર માણસે પૂછ્યું: 'આ શું ચોટ્યું છે?' ત્યારે ઉપર પ્રમાણે જવાબ આપી, વટ રાખવા માટે દિવેટને પણ સોનાનો તાંતણો કહ્યો, ભાઈ જતી પડી. ]

૩૩૩. ગધેડા પર અંબાડી, પીંડાર[2] ઉપર ટીપણું.
ખૂધ ઉપર લીંપણ.

૩૩૪. ગાય દોહીને કૂતરીને પાવું. કુપાત્રે દાન કરવું.
ગધેડા આગળ ઘી ઢોળાવવાં. ભેંશને પાવવું.[3]

૩૩૫. ગમે તેમ સૂઓ, ગાં–ખાટલા વચ્ચે.
નાચીખૂંદી પગ સામે જોવું.
ગાયનાં શિંગડાં ગાયને ભારે.
હરીફરીને હડફે[1] હાથ.
તાણ્યો વેલો થડે જાય.

૩૩૬. દેખાય છે ગરીબ પણ બહાર છે એટલો ભોંયમાં છે.
દેખાય છે દેડકો પણ માંહેથી કાળો નાગ.
ગરીબને ગાં–માં દાંત હોય.
ટૂંકી ગરદન, કમ પેશાની, હરામજાદેકી યે નિશાની.

૩૩૭. ગરીબનું ખાય તેનું સત્યાનાશ જાય.
ગરીબના પૈસા તે લોહીના ઘૂંટડા.
ગરીબને મારે તેનું જાય આડે બારે.

૩૩૮. ઢોરના ચાવ્યામાં કૂચો રહે, પણ લોકના ચાવ્યામાં કૂચો પણ ન રહે.
ઘંટીના ગાળામાં બચે, પણ લોકના ચાવ્યામાં ન બચે.
કંચાયા સારા પણ વંચાયા ખોટા.

૩૩૯. ગરીબ ગમારમાં ખપે. પૈસાદારની શરમ પડે.
ગરીબ બોલે તે ટપલા પડે ને મોટા બોલે ત્યારે તાળીઓ પડે. મોટાંની પાંચશેરી ભારે.
સારાને સાગમટે[2] નોતરાં, ગરીબને કોઈ ગણે નહિ.
મોટા કહે મોવાળાની ભાજી, શ્રોતા કહે સૌ–
હાજી હાજી.

---

૧ હડફો–પૈસાનો ગલ્લો. ૨ સાગમટે–સહકુટુંબ.

૩૪૦. ફાટેલે લુગડે ને ઘરડાં માબાપે લાજ શી?
ગરીબી કંઈ ગુનો નથી.

૩૪૧. મનવિનાનું મળવું ને ભીતે ભીંતે બટકાવું.
મન હોય તો માળવે જવાય.

૩૪૨. લગ્ને લગ્ને કુંવારો.
તળાવે તરસ્યો ને વેળાએ ભૂખ્યો.

૩૪૩. ગામ હોય ત્યાં ઢેડવાડો હોય.
ગામ હોય ત્યાં ઉકરડો હોય. રંધાય ત્યાં ગંધાય.

૩૪૪. જાનમાં કોઈ જાણે નહિ ને હું વરની ફોઈ.
નહિ ત્રણમાં, નહિ તેરમાં ને નહિ છપ્પનના મેળમાં.
પાદર સૂકું ને સિગફાસ શા?
ગાડા તળે કૂતરું, તે જાણે બધો ભાર હું તાણું છું.
ટિટોડી પગ ઊંચા રાખીને સૂએ, તે એમ ધારે છે કે આકાશ મારા પગ પર અદ્ધર રહ્યું છે.
દાતણ કરતાં ડોકું હલાવ્યું, તે જાણે મને માનીતી ગણી.

૩૪૫. મરદની મીંદડ[1] સારી, નામર્દનો ફાંકડો ખોટો.
ધણી ધારવો તો મીંગો ધારવો.
હાથી વગર દરવાજો તૂટે નહિ.
પારો ભોંયમાં દાટો પણ ફૂટીને નીકળે.

૩૪૬. હાથીશીંગું[2] ઘર ખાયે ને પાળનારનો બાપ ખાયે.

૩૪૭. ગાય–ભેંસોનાં ધાડાં હોય, સિંહના નહિ.

---

૧ મીંદડ–મીંદડી–મંજાર, [illegible].

૨ હાથીશીંગું–[illegible], [illegible].

સિંહને સંગાથ નહિ, મહાત્માને મઠ નહિ.
ખરા સંત તે રમતારામ.

૩૪૮. રામની રક્ષા ને ભીમનો દોરો. સદકે જાઉં.[૧]
ચાંદો–સૂરજ તપે ત્યાં લગી તપો. જુગજુગ જીવો.
ના મા, તારી સો બલા જા.

૩૪૯. ગાંઠનું ખાવું અને ગાંડા સાથે જવું.
ખાવાનાં ગોખરું ને માંહે કાંટા.
ગાંઠનું ગોપીચંદન ગુમાવવું.

૩૫૦. હાથીએ હાથી લડે ને વચ્ચે ઝાડનો ખો.
પાડે પાડા લડે ને ઝાડનો ખો.
મોટા લડે ને રાંકની ખરાબી.
તાંબા–પિત્તળનાં ઠામ અથડાય ત્યારે ગોબો પડે.
માટીનાં અથડાય તે ફૂટી જાય.

૩૫૧. ગોળ નાખે તેવું ગળ્યું થાય.
હાથ મીઠો કે હાટ મીઠું ?
જેવી તારી ઢોલકી, તેવો મારો તંબૂરો.
જેવાં ભાઈનાં મોસાળાં, તેવાં બેનનાં ગીત.
જેવા મિયાંના કોદરા, તેવો બૂનો વઘાર.
પસલી ભાઈની ને આશિષ બાઈની.

૩૫૨. સ્ત્રી વગર સૂનો સંસાર. સૂનું ઘર શ્યામા વિના.
ઘરનું ઢાંકણ નાર.

૩૫૩. દરિયામાં રહેવું ને મગરમચ્છથી વેર

૧ મીઠડાં કે ઓવારણાં લઉં.

ગામમાં રહેવું ને પટેલથી વેર.
બત્રીસ દાંત વચ્ચે જીભને દાંતથી વેર.

૩૫૪. છતે પૈસે ભિખારી. કુંભાર સાજે હાંલ્લે રાંધે નહિ.
કૂકડી માતી[1] થાય તેમ પૂંઠ સાંકડી થાય.
ઘેર ઘોડો ને પાળો જાય.
ઘેર દૂઝણું ને લૂખું ખાય.

૩૫૫. ટંટિયાનું મૂળ હાંસી, રોગનું મૂળ ખાંસી.
હસવામાંથી ખસવું થાય. મશ્કરીની ખસકરી.
મશ્કરીના ટકા થાય.

૩૫૬. બીકણ બિલાડી.

૩૫૭. ઘર માંડ્યું કે ટટ્ટાની તોલડી તેર વાનાં માગે.
સાંધાની સુવાવડ, હજાર ચીજ જોઈએ.
ઘર ઉખેળી જુઓ ને વિવાહ માંડી જુઓ.

૩૫૮. ટાઢે પાણીએ ખસ ગઈ.
ઢેડ મૂઓ ને આભડછેટ ટળી.
વાએ ટમાટ દેવાઈ ગયાં.
એક કાગડો મરે ને સો ગાયોનાં શિંગ ઠરે.
બૂઢો મૂઓ ને બાવટ[2] ગઈ.

૩૫૯ ઘર દેખી પગ જોરમાં છિપડે. ઘર મર્યાનો છેડો છે.
ઘર ગયાનો છેડો છે.[3]

---

૧ માતી—મદી. ૨ બાવટ—ચિંતા, દુઃખ.
૩ ત્રણે ઉલટો અર્થ ગ્રાહ્ય છે.

ઊંટ મરે ત્યારે મારવાડ સામું જુએ.
પાંચ કોસે પાળો વસે, દસ કોસે અસવાર.
કાં તો નાર કુભારજા, કાં તો કંથ ગમાર.

૩૬૦. ઘરમાં ટકાના ત્રણ શેર ને બહાર તિરમારખાં.
મુલ્લાંની દોડ મસ્જિદ સુધી. પાણિયારાના મુનશી.
ઘરમાં કંઈ ચાલે નહિ, બહાર બબ્બે તલવાર બાંધે.
પટેલની ઘોડી પાદર સુધી.

૩૬૧. ઘરડાં વિના ગાડાં ન વળે.
જેના ઘરમાં ઘરડું નહિ, તેનું ઘર ગધેડે ચડે.

૩૬૨. ગોર પરણાવી આપે, કાંઈ ઘર ન માંડી આપે.

૩૬૩. ઘરડી ગાય ગોરને આપો. બળતું ઘર કૃષ્ણાર્પણ.

૩૬૪. ઘરડો થાય પણ ચસકો ન જાય.
હાલ જાય, હવાલ જાય, બંદેકા ખ્યાલ ન જાય.
જીવ કંઈ ઘરડો થયો છે?
બુઢ્ઢી ઘોડી લાલ લગામ, ચઢનેવાલા મેં જવાન.

૩૬૫. ઘી ક્યાં ઢળ્યું, તો ખીચડીમાં.
લપસ્યા તો યે ગંગામાં. ઢોર ગયું તે ધણીને ઘેર.

૩૬૬. એક તરફ રામ, એક તરફ ગામ.
અરધમાં રામ ને અરધમાં ગામ.
સો દહાડાની પાવસ,[1] એક દહાડાની વાવસ.[2]
હાથીને હૈયાને સમું, તે ગધેડાને ગળાબોળ.

---

૧ પાવસ–પ્રાવૃટ્, વરસાદ. ૨ વાવસ–વા વાય તે, ઉઘાડ; અર્થાત્ સો દહાડા સુધી વરસેલા વરસાદનો ભેજ જમીનમાંથી એક દહાડો ઉઘાડ નીકળે તો જતો રહે.

મિયાં ચોરે મૂઠે ને અલ્લા ચોરે ઊંટે.
શ્રીમાનનો કચરો તે ગરીબનો પેટવરો.[1]

૩૬૭. ધણી–ધણિયાણી રાજી, તો ક્યા કરે મિયાં કાજી?
ઘી–ખીચડી એકનાં એક, પાપડ બેઠા દેખ.
દહાડે આવે ડાંગે ને રાતે એકનાં એક.
બીબી લડતી હૈ, ઝઘડતી હૈ;
લેકિન ઘરકી ખબર રખતી હૈ. વૈદગાંધીનું સહિયારું.

૩૬૮. ઘેરઘેર માટીના ચૂલા. બધાંનાં ઘર ગારે લીંપેલાં છે.

૩૬૯. ઉંદર ઘરઘરના પરોણા. ઘેલીનાં ઘેરઘેર સાસરાં.

૩૭૦. મખ્ખીચૂસ. તેલમાં માખ પડી હોય તે નીચોવે.
પાઈને માટે મક્કે જાય. દમડી માટે દમણ જાય.
પાઈ માટે નિવાડે આગ મૂકે.
ચમડી તૂટે પણ દમડી ન છૂટે.

૩૭૧. બાપરો કોડિયો બે બાઈ.[2]
ચંદુમંદુની જોડી. ચોરનો ભાઈ ગંઠી છોડ.
સિદ્ધ ને સાધક થઈ મુલક મૂંડ્યો.
વાડીમાં પેસી નાગવે નીકળે તેવા છે.
એકબીજાને પગે બાંધી ઊડે એવા છે.

૩૭૨. અણબોલાવ્યો બોલે તે તણખલાની તોલે.
સોબત જોઈ ને સાસરે ગઈ ને નેવાં ઝાલી ઊભી રહી.[3]
સોનાની ઝાલ[4] પાણીમાં ન નાખવી.

શેઠ આવ્યા, તો કહે નાખો વખારે.
સલામ બજાવી, તો કહે ઘર દો છપ્પર પર.

૩૭૩. આગ જલે તો જલકું કહું,
જલ જલે તો કિસકું કહું?
વાડ ચીભડાં ગળે, તો ધણીને શું પાકે?
રાજા થઈ લૂંટી લે, તો રૈયત કોની આગળ જઈ કહે?
રક્ષક થઈને ભક્ષક થાય,
તે દુઃખ કોના આગળ કહેવાય?
હેતુ શત્રુ થયો, બાપ ઊઠીને વેરી થયો.
સાંઠીમાંથી સાપ થયો.[1]

૩૭૪. મનસા ભૂત ને શંકા ડાકણ. વહેમનું ઓસડ નહિ.

૩૭૫. (સ્વાભાવિક વેરવાળી જોડીઓ)
આદિ વેર જોગી ને જતિ, આદિ વેર વેશ્યા ને સતી.
જોગીને ને ભોગીને વેર. ભગત–જગતને વેર.
રૂડાને ને ભૂંડાને વેર.
આદિ વેર ઘંટી ને ઘઉં, આદિ વેર સાસુ ને વહુ.
સાચને ને જૂઠને વેર. 'હા' ને 'ના'ને વેર.
ચોર ને શાહુકારને વેર, ઉંદર–બિલાડીને વેર.
સૂમ ને દાતારને વેર. ચોર ને ચંદ્રમાને વેર.

૩૭૬. પહેલે કોળિયે મક્ષિકા. ચોરીમાંથી દાંત કચડવા.[2]
જવું જગન્નાથ ને થાક્યા પાદરમાંથી.
આ સંઘ કાશીએ ન પહોંચે.

---

૧ હેતુ–હિતૈષી. આ ત્રણ પ્રકારનાં દુઃખ કોની આગળ જઈને કહેવાં? ૨ અપશુકન થાય.

'શ્રીગણેશાય નમઃ'માં જ ડબકો.

૩૭૭. બ્રહ્મા આગળ વેદ ભણવા.
ચૌદ જાણે, તેને ચાર જાણનારો શું શીખવે ?[૧]

૩૭૮. છછૂંદરનાં છ યે સરખાં. રાંડે જણ્યાં બધાં બરાબર.
ટંકશાળી રૂપિયા બધા બરાબર.
કોઈ કોઈનામાં વિશ્રામણ માગે તેમ નથી.
એક પાળાના ત્રણ કટકા, તેમાં કાળો ને ગોરો કયો ?
એકેયમાં મણા નથી. એક નિંભાડાનાં ઠામ.
એક ખાડાનાં ગઝૂડિયાં. એક નિશાળે ભણેલા.

૩૭૯. અવળચંડી રાંડ જેવો.
છાનોમાનો આવજે, તો કહે ઊંટે ચડીને આવીશ.
ઊંધી ઈંટો ચંપાવનારો.

૩૮૦. છાસમાં માખણ જાય ને વહુ ફૂવડ કહેવાય.
આંટેથી ગરજ જાય ને લોકમાં હાંસી થાય.

૩૮૧. ઓળખ્યા પછી નવ ગજના નમસ્કાર.
ઓળખીતો સિપાઈ બે ધપ્પા વધારે મારે.
કેમ ભુલાણા, તો કે ઓળખીતા ગણ્યા.
ગોરજી વંદું છું, તો કહે તારા ગુણ જાણું છું.

૩૮૨. (ત્રણ વસ્તુઓનો સમૂહ)
જમીન, જોરૂ ને જર, એ ત્રણ કજિયાનાં ઘર.
શિંગ, રોટી ને પોપટી, એ ત્રણ જાતનાં અનાજ.
ઢૂંઢ, સાર ને ઘઘરડો, એ ત્રણ જાતનાં વાજિંત્ર.
ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય, એ ત્રણ જગતના અંત.

---

૧ ચૌદ વિદ્યા, ચાર વેદ.

થાન[1] એટલાંને કાન, મીડાં તેને ઈંડાં.
ઘા, વા ને ઘસરકો, એ ત્રણ જાતનાં વાજાં.
ફરતું, ચરતું ને તરતું, એ ત્રણ જાતનાં વાહન.
ધાર, અણી ને ધુબાકો, એ ત્રણ પ્રકારનાં હથિયાર.

૩૮૩. જિસકે તડમેં લહુ, ઉસકે તડમેં હમ.
જ્યાં મળી રોટી, ત્યાં પડ્યા આળોટી.
જ્યાં ચાવલકા દાણા, વહાં બંદેકું જાના.
જિસે જમણવાર તીસે વાલીડો તૈયાર.

૩૮૪. સવાયા[2]ના સો સમ. શેર મગદળના શાહેદી.
ચોરની 'ના' ને છિનાળવાની 'મા' એ બંને બરાબર.
સમ ને સુખડું ખાવા જ કર્યાં છે.
જુગારીનાં સોગન જૂઠા.[3]

૩૮૫. મમ્મમનું કામ છે, ટપટપનું શું કામ ?
પાડાપાડીથી શું કામ ? બળી[4] ખાધાથી કામ.
કરતા હો તે કરો ને છાસથી દોણી ભરો.

૩૮૬. કોઠી હશે તો ઢાંકણાં ઘણાં યે મળશે.
જીવતો નર ભદ્રા પામે.
શિર સલામત તો પઘડી બહોત.
જિયેગા નર, તો ફિર બસવે ઘર.

૩૮૭. જીભને વારજે, નીકર જીભ દાંત પડાવશે.[5]
જીભ કરે છે આળપંપાળ ને ખાસડાં ખાય શિરકપાળ.

---

૧ થાન–સ્તન. ૨ સવાયા–પૈસા. ૩ એમ જૂઠા સમજે છે.
૪ બળી–મલાઈ. ૫ માર ખવડાવશે.

૩૮૮. જે કોદરે કાળ જીતર્યો, તે કોદરે બીજા ચઢ્યા.[1]
છતના ચાળા. ભણતર વગર ગણતર નહિ.
છત છાની ન રહે. બકરકુદીઓ બધી ભણતરની.
ભણતર પતરાજની મા.

૩૮૯. જેને ગાડે બેસીએ તેનાં ગીત ગાઈએ.
ઘંટી ઓનાં ગીત.
શેઠ કહે પથ્થરની ભાજી, તોપણ કહીએ 'હાજી, હાજી.'
'ઊંટ બિલ્લી લે ચલી' તો બી 'હાજી, હાજી' કીજિયે.
જેનો ખાઈએ કોળિયો, તેનો વાળીએ ઘોળીઓ.[2]
રહેવું ત્યાં વહેવું.[3]

૩૯૦. ધાન ખાવું ધણીનું ને ગીત ગાવાં વીરાનાં.
રહેવું કૌરવમાં ને જય વાંચવી પાંડવની.

૩૯૧. જા બિલ્લી કુત્તેકુ માર. પરોણા પાસે સાપ મરાવવો.
જા બિલાડી મોભામોભ. પારકાં કામ ગીળાં.
આગ વગર ડાંગ લાગે નહિ. પેટ વગર ટેસ નહિ.

૩૯૨. ચપટીમાં ઉડાવવું. ઊઠાં ભણાવવાં.
પાણીમાં બાચકા ભરાવવા. ચીસલાને માર્ગે ચઢાવવું.[4]

૩૯૩. જેના દીકા ન મૂઆ, તેના માર્યા શું મરશે?
ગોદા ઉપરથી આંખ ઊઠતી નથી. આંચીનો આંકણ.

---

૧ બીજું અરધું 'અનાજ ભણવાથી હવે કાદરાને બદલે સણગા' થયું છે. ૨ ઘોળકો વાળીએ—કહ્યું કરવું. ૩ વહેવું—વેતરું કરવું. ૪ ચીસલો—તજ. ગંધ વગેરે ચેતીનો ભાંગી. ચીસલાને માગે આંખો ન હોય તેથી ગાળું આગે નહિ; અર્થાત્ ચોરે મારે પાણી મારકી કરવી.

શેક્યો પાપડ ભાંગે તેમ નથી.
દાંતે દહીં ચાવે તેવા છે.
તણખલું તોડીને બે કરી શકે તેવા નથી.

૩૯૪. રોગ આવે ઘોડાવેગે ને જાય કીડીવેગે.
દુઃખ આવે ત્યારે સામટું ને જાય ત્યારે કટકેકટકે.

૩૯૫. કાગજ હોય તો બાંચ લઉં, કરમ ન બાંચ્યો જાય.
કર્મ વંચાતાં હોત તો જોષીનાં રાંડત નહિ ને
વૈદનાં મરત નહિ. ઢાંક્યાં કરમની ખબર ન પડે.
કરમ કરે તે ન કરે મા ને બાપ.
તદબીર નહિ ચલતી તકદીર કે આગે.
ઉદ્યોગ કરો લાખ પણ કરમ વગર ખાખ.

૩૯૬. લિખ્યો હે લલાટ લેખ, વામેં નહિ મીનમેખ.
છઠ્ઠીના લેખ. તુલસી રેખા કર્મકી મેટ શકે નહિ રામ.
હાથમાંથી લઈ જાય, પણ નસીબમાંથી કોઈ ન લઈ જાય.

૩૯૭. જેવો માએ જણ્યો તેવો.[1]
પહેરવાને પૃથ્વી ને ઓઢવાને આભ.

૩૯૮. નાનો તોપણ રાઈનો દાણો. ભાંગ્યુંભાંગ્યું તોયે ભરૂચ.
કોહ્યાં તોયે સાગનાં લાકડાં.
નાનું તોપણ સિંહનું બચ્ચું.
વાંકો તોપણ ઘઉંનો રોટલો.
હાથી પાણી પીએ, તોપણ ઢીંચણ સમા પાણીમાં પીએ.

૩૯૯. ઠોકરો ખાતાં હોશિયાર થવાય.
લાખ ખાય, ત્યારે લાખનો થાય.

---

૧ નાગો.

ઘાટઘાટનાં પાણી પીએ, ત્યારે ઘડાય.
બત્રીસ ગોદા ખાય, ત્યારે બત્રીસલક્ષણો થાય.
ઘણા ટકોર ખાય ત્યારે પાકો થાય.
બહાર ફરે તે બાજંદો[1] થાય.

૪૦૦. ખડને ગાડે ગોળપાપડીનું ભાતું ન હોય.
મસાણિયા લાડુમાં એલચીની ગંધ ન હોય.
ખાતરના ગાડા સાથે ચોપદાર ન શોભે.
અંબાડીમાં બેસી છાણાં ન વિણાય.

૪૦૧. સોરંગી[2] જેમ કૂટે, તેમ રંગ કાઢે.
ઢોલ જેમ કૂટે, તેમ અવાજ કાઢે.
કાઠી, કણ્બ ને કેળાં ગૂંદ્યાં ગુણ દે.

૪૦૨. દાંડી પિટાવીને કહ્યું છે. ચોરે બેસી સમજણ પાડી છે.
તાળી પાડી ઢોપ દેખાડી કહું છું હકારી હકારી.

૪૦૩. તારા જેવા તો એના ખિસ્સામાં પડ્યા છે.
તારા જેવા તો એના પેટમાં ગલૂડિયાં રમે છે.
તારા જેવા તો એના પેટમાં કરમિયાં છે.

૪૦૪. રાંડ, મારો રોટલો ને ઘડતાં ભાંગ્યો.
લાખ વાતની એક વાત. આડી વાતે ગાડાં ભરાય.
તેં ક્યાં રાવણની કાણ માંડી?
શી ખીચડીના અક્કર છે. લાંબી પરડ[3] કોણ ઝાંખે?

૪૦૫. પંચ માબાપ છે. પણ મારી ખીલી ખસે નહિ.
ખસે ખાટા પણ ન ખસે ઘાટા.[4]

થવાનું હશે તે થશે, પણ કાશી કેવળિયાને જશે.
તોજો[1] ઘોડા હડે. મોજો[2] બોલ ન હડે.
થેં[3] ડગાં, પણ ઇં ના ડગાં.[4]
સો તારી રામફુવાઈ ને એક મારું 'ઊંહું.'
તેરી બાવડી[5] હઠે, મેરી હઠ ના હઠે.

૪૦૬. નરમ–ગરમ થઈએ ત્યારે મેળ આવે.
નમતી દોરી તો મૂકવી પડે.
કડવો ઘૂંટડો ઉતારવો પડે.
ગરમેગરમ ભેગા થાય ત્યાં ઝાળ ઊઠે.

૪૦૭. ગાઈઓ[6] વહાં તક ગાઈઓ, ફિર ઝાંપા દેકે જાઈઓ.
સાસુ શિખામણ દે, ત્યારે વહુ કીડીઓ ગણે.
કાન તળે કાઢી નાખવું.
વાત કરવા માંડે, ત્યારે આકાશના તારા ગણે.
વાંસનળીમાં ફૂંક.

૪૦૮. તેરા તેલ ગયા, મેરા ખેલ ગયા.
તારી વાત ગઈ, મારી રાત ગઈ.
તેરા બોલ ગયા, મેરા તોલ ગયા.

૪૦૯. જેનો આગુ[7] આંધળો, તેનું કટક[8] કૂવામાં.
ઉસ્તાદ બેસે પાસ, તો કામ આવે રાશ.[9]

---

૧ તોજો–તારો. ૨ મોજો–મારો. ૩ થેં–તું, ૪ ડગાં–ડગું, હઠું. ૫ બાવડી–વાવડી, વાવ. ૬ ગાયન સંભળાવવા આવનાર ગવૈયાને વાણિયાએ કહેલું; અર્થાત્ તેને ગાયનમાં રસ ન હતો. સાંભળવાની મરજી ન હતી. ૭ આગુ–આગેવાન. ૮ કટક–લશ્કર. ૯ રાશ આવે–રસ્તે ચઢે.

ગુરુ આંધળા, તેના ચેલા ભીંત.

૪૧૦. જેનો અહીં ખપ તેનો ત્યાં[1] ખપ.
જે જગતમાં ભલો કહેવાણો, તેનો વાસો સ્વર્ગમાં.

૪૧૧. એક આપે ને બીજો વારે, તેને ઘાલો જમના બારે.
તેલ બાળનારનું બળે ને મશાલચી પેટ કૂટે.
દાતારી દાન કરે ને ભંડારી પેટ કૂટે.
પારકી ગાય, પારકું ખાય, જે હાંકે તેનું સત્યાનાશ જાય.
વાવનારાનું વરે ને રંધવારાનું[2] પેટ બળે.
અન્ન તેનું પુણ્ય, રાંધનારને ધુમાડો.

૪૧૨. માળી રૂઠ્યો ફૂલ લેશે, કંઈ ચોટલી તો નહિ લે?

૪૧૩. પ્રભુ જે કરે તે સારા માટે.
શૂળીનું દુઃખ શૂળથી ટળ્યું.

૪૧૪. બોલે નહિ તે બોણી મારે.
થોડાબોલો ને સાંભળાકોરો. મોણું કહીં દાંત પાડે.
ટાઢુંટાઢું બોલે તે કાળજું કોરે.
બોલે તેનું પેટ ટપાય. છાની છરી છેતરે.
થોડાબોલો જીતી જાય ને બહુબોલો વેતરી જાય.

૪૧૫. સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.
જીવ્યા ત્યાં સુધી વડા.[3]
મરતાં સુધી નાચ કાઢી નહિ.[4]
બાંધી છોટે ગયા.[5]

---

૧ ત્યાં–સ્વર્ગમાં. ૨ રંધવારો–રસોઇયો. ૩ બાળ વડો.
૪ મરણ વખતના નાકમાંથી નાક કાઢી, તેને સ્વહસ્ત આપવામાં
આવે છે. ૫ મરતાં સુધી કમર કસેલી જ રહી.

૪૧૬. વર રહ્યો વાસી ને પહેરામણી ગઈ નાસી. દાઢીના દોઢસો ને ચોટીના ચારસો. રાઈના પાડ[1] રાતે ગયા.

[એક વાણિયાના ઘરમાં ચોર ભરાયો. વાણિયાએ તેને જોયો. તેણે પોતાની સ્ત્રીને જગાડી કહ્યું: 'રાઈ ભરી રાખી છે તે કાઢ. કાલે રાઈના ભાવ ખૂબ વધી જવાના છે.' રાઈનો મોટો ઢગલો કર્યો ને બંને ધણી-ધણિયાણી બીજા ખંડમાં સૂઈ ગયાં. ચોરે જાણ્યું: 'વાણિયો જાગી ગયો છે એટલે દરદાગીનો લેવાશે નહિ. પણ લાવને આ રાઈ લઈ જઉં. કાલે સારો ભાવ ઊપજશે ને પૈસા સારા મળશે.' એટલે લૂગડે બાંધી પાંચ મણ રાઈ લઈ ગયો. બીજે દિવસે સવારે વાણિયાએ પોલીસને ખબર આપી રાખેલી. ચોર તે વાણિયાની દુકાને જ રાઈ વેચવા આવ્યો. તેણે રાઈનો ભાવ પૂછ્યો. વાણિયે કહ્યું: 'રાઈના પાડ તો રાતે ગયા.' એટલામાં પોલીસે આવી તેને પકડી લીધો અને જેલમાં પૂર્યો.]

૪૧૭. દુઃખનું ઓસડ દહાડા.

૪૧૮. દુનિયા આંધળી નથી. દુનિયા દીવાની છે.

૪૧૯. દુનિયા ઝૂકતી હે, ઝુકાનેવાલા ચાહીએ.

૪૨૦. ભૂંડો ભૂંડાનો ભાવ ભજવ્યા વગર ન રહે.
પોદળો પડ્યો તે ધૂળ લઈ ઊખડે.
ભૂંડી રાંડે બમણો વરો.
કસ્તૂરીમાં રંગ નહિ, ભૂંડીમાં ઢંગ નહિ.
ખોડી બિલાડી અપશુકન કર્યા વગર ન રહે.

૪૨૧. કમાઉ દીકરો કુટુંબને વહાલો.
દૂઝણી ભેંસની પાટુ સારી લાગે.
ગોળ ખાય તે ચોકડાં ખમે.

1 પાડ—ભાવ.

૪૨૨. ધુમાડાના બાચકા.[1]
પાણીમાં લીટા. મૃગજળ. ઝાંઝવાંનાં જળ.
આકાશકુસુમવત્. ગોદડે ગાંઠ.[2]
પાણીની ગાંસડી બાંધવી.

૪૨૩. ધ્રુવના અક્ષર. જડબે સલાખ. અંકે સો.
તેલનું ટીપું ને હીરની ગાંઠ. લોઢલી ને પટોળે ભાત.
એમાં મીનમેખ નહિ. કંકુચોખા ચોટી ગયા છે.

૪૨૪. ધૂળગજા સારુ વેર કરવું.
કાચરી[3] સારુ વિવાહ બગાડવો.

૪૨૫. ધોબીના ઘરમાં ખાતર પડે, તે ઘરાકનું જાય.
નાગા ઉપર ઉઘાડો પડે. રુએ તેનું જશે, હું
તો મંગળ ગાઉં.

૪૨૬. માંસ ખાઈ હાડકાં કોટે ન બંધાય.
દેશ છતી દરવાજે ટોકે ન બંધાય.
સૌ ઓવાળા છે. બાયડીને બગલમાં મારીને ન ફરાય.

૪૨૭. ધણીની માનીતી ઢેઢી ગામ આભડાવે.
કાજીની ભેંસ આખા ગામનાં ખેતર ભેળે.
જેનો ધણી હોય, તેનો સૌ સાથ.
વકર્યો સાંઢ માટી ઉછાળે.

૪૨૮. માગે સો ત્યાગે ને ત્યાગે સો માગે.

---

૧ જૂઠા દેખાવવાળી—સારરહિતની વસ્તુ.
૨ તેમાં કશું બંધાય નહિ.
૩ કાચરી—ચીભડાં વગેરેની સૂકવણી.

નમે તે પ્રભુને ગમે. અક્કડ ઊડી જાય, ધ્રુણ[1] ખૂબ ફ્રી ખૂબ.
ન ખાય તેને 'ખા, ખા' કરે, ખૂબ ખાય તેને આઘો કરે.

૪૨૯. ઉધારની માને કૂતરા પરણે.
રોકડા આજ ને કાલ ઉધાર.
ઉધાર તો કહે 'ઓ' ને ખૂણે બેસી રો.
નગદ તો કહે 'જી,' ખા ખીચડી ને ઘી.

૪૩૦. ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જવું છે.
આવ્યા બાંધી મૂઠીએ, જાવું ખુલ્લે હાથ.
ખા ગયા સો ખો ગયા, ખિલા ગયા[2] સો બો ગયા.[3]
હાથે તે સાથે, પૂંઠે તે જૂઠે.
મૂઆ પછી પુણ્ય, તે સઘળું શૂન્ય.
નાગા આવ્યા ને નાગા જવું છે.

૪૩૧. માયાને ભય, કાયાને નહિ.
નાગાને લૂંટાયાનો શો ભો?
બાવો ઊઠ્યો બગલમાં હાથ ને જ્યાં પડ્યા ત્યાં જગન્નાથ.
વોળાવિયા વગર બે ચાલે-તૂંબડું[4] કે શિંગડું.[5]
વાંઝિયાંનાં હોય તો મરે!

૪૩૨. સુખડ ઘાસે, ઓરસિયો ન ઘાસે.[6]
બળિયા સાથે બાથ, તે નબળો ઘાસે.

---

૧ ધ્રુણ-ચિયા તથા પાનબાજરીનું ઘાસ, સખત પવન વાય, ત્યારે તે નમી જાય છે; પરિણામે તે ઊડી જતું નથી, પણ વધે જ જાય છે. ૨ ખિલા ગયા-બીજાને ખવડાવી ગયા. ૩ બો ગયા-આવતા જન્મ માટે વાવી ગયા. ૪ તૂંબડું-બ્રાહ્મણ. ૫ શિંગડું-બાવો, જે આરતી સમયે ફૂંકવા માટે શિંગડું રાખે છે. ૬ ઘાસે-ઘસાય.

ઝબોલ ઝબોલ થાય. હવામાં કિલ્લા બાંધવા.

દરિયો બધો વાળી ઘેર લાવવો.

ગગન સાથે વાતો કરવી.

૪૪૩. વહેલો તે પહેલો, ભૂલે તે ઘેલો.

પહેલાને પાણી, પાછલાને કાદવ.

પહેલાને પ્રસાદ, પાછલાને એઠ.

પહેલાને પતરાળી સવાની, પાછલાને પાઈની.

૪૪૪. પંડ રળે તે પેટ ભરાય, ધન રળે તે ઢગલો થાય.

નાણું નાણાંને તાણી લાવે, રળે તો રોટલો મળે.

દરિયો કે દરબાર કે કોઈ ઘર જાય, કે કોઈ બિચાર જાય.

[પૈસો મળવાના—ઓચિંતા ધનિક થવાના ચાર ઉપાય છે: ૧. દરિયાપારના વેપાર ખેડે, ૨. કાં તો દરબારમાં રાજાની ચાકરી કરે, ૩. કોઈ ચોરીના કે ગાંઠીગાંઠના પૈસા ધરી ગયું હોય—મૂકી ગયું હોય, તે ભૂલી જાય કે ત્યાંજ જોઈને પાછા ન આપે, ૪. કોઈએ ઘરમાં ધન દાટ્યું હોય તે ભૂલી જાય, તેના વારસદારો પણ ભૂલી જાય અને વેચાતું લેનારને તે જડે.]

૪૪૫. પરાણે પ્રીત થાય નહિ.

બાંધ્યા કબૂલીએ (અથવા બેડુએ) ગામ વસે નહિ.

જબરદસ્તીનો સોદો નભે નહિ.

મારીને મુસલમાન કરવો. તેમાં લાભ નહિ.

પરાણે પુણ્ય થાય નહિ. ખુશીનો સોદો, તે રાજીનો રોકો.

૪૪૬. વાજતું-ગાજતું માંડવે આવશે.

કુટાતું-કુટાતું એની મેળે ઠેકાણે આવશે.

સૂરજ કંઈ છાબડે ઢાંક્યો રહે નહિ.

ચંદ્ર બીજનો નહિ, તો ત્રીજનો ગણાશે.

૪૪૭. સો સિફારસ ને એક મૂળાપાણી.
પાઘડી ભેંસ ચાવી ગઈ.

[કોઈ એક ન્યાયના અધિકારીને એક માણસે પોતાના લાભમાં ચુકાદો આપવા બદલ પાઘડી આપવાની કહેલી. સામાવાળાઓએ ત્યાર પછી અધિકારી પાસે જઈ ભેંસ આપવાનું નક્કી કર્યું. ચુકાદો પેલા બીજા માણસના લાભમાં ગયો; એટલે પહેલા માણસે અધિકારીને પૂછ્યું: 'સાહેબ, આમ કેમ કર્યું? પાઘડીની તો શરમ રાખવી હતી!' ત્યારે સાહેબે જવાબ આપ્યો: 'પાઘડી ભેંસ ચાવી ગઈ.' અર્થાત્ વધારે લાંચ આપે તે ફાવી જાય. સિફારસ કરતાં લાંચ જલદી કામ કરી આપે.]

૪૪૮. હેવાતણનો[1] ઉધારો, રંડાપો રોકડો.
વાળી ઘડાવતાં વાર, નાક કાપતાં શી વાર?

૪૪૯. પાવૈયાને પાનો ચઢે નહિ. ફોસીની ફોજ સાંભળી નથી.
ખદડા ખાંડે વઢ્યા જાણ્યા નથી.
પાવૈયા ઝાટકે આવ્યા જાણ્યા નથી.

૪૫૦. દિગંબરના ગામમાં ધોબીનું શું કામ?
પાવૈયાના ગામમાં વેશ્યાએ કરી દુકાન.

૪૫૧. ભાજીમૂળા કંઈ શાકમાં લેખું?
ઘેંસનું ખાણું ને બદામનું નાણું.
મૂળાપણી કંઈ ઝાડમાં લેખું?
શકરકંદની બુકલી. રંજીપેંજીના હિસાબ કોણ ગણે?

૪૫૨. પૂછતા નર પંડિત. પૂછતાં પૂછતાં લંકા જવાય.
પૂછતાં તો પૂને જવાય.

---

૧ હેવાતણ–સૌભાગ્ય.

ગુરુ દત્તાત્રેય ચોવીસ ગુરુ કરી સિદ્ધ થયા.

૪૫૩. પૂંઠ પાદશાહની.[1] હાથી પાછળ ઘણાં કૂતરાં ભસે છે.

૪૫૪. હવનમાં હાડકું. દેવ સોનાના પણ ગાં–પિત્તળની.
સોનાની થાળીમાં લોઢાની મેખ. લગનમાં વિઘન.

૪૫૫. 'ધોલકા, ધોલકા' ક્યા કરતે હો, ચાર ભાઈ મિલકે
બેઠે વહાં ધોલકા. જ્યાં બાદશાહ ત્યાં બજાર.
જ્યાં દેવ ત્યાં જાત્રા. જ્યાં મામો ત્યાં મોસાળ.
ગાયો વાળે તે ગોવાળ. અઠેઈ દ્વારકા.[2]

૪૫૬. કાગડો ચાણું જોઈ બેસે.
પારકી નિંદા કરનાર છિદ્ર શોધે.
માંખ મલિન વસ્તુ પર બેસે.
કાગતણું કુટુંબ, તે પરનાં ચાંદાં જુએ.

૪૫૭. આપબડાઈ હાંકવી. વરને કોણ વખાણે? વરની મા.

૪૫૮. ઘરના ભૂવા ને ઘરના જંઘડિયા.[3]
પોતે દાક્ટી, પોતે ફરિયાદી ને પોતે ન્યાય ચૂકવે.
માંડવે ગાઓ કે બાનમાં ગાઓ.[4]
ગદ્દો ચોર ને ગદ્દાની મા સાક્ષી.
એ ભગવાન એના એ. ઘરની મંડળી ને બાવો મહંત.

૪૫૯. પોલું દેખી સૌ પેસે. ફાટલાં આભરાંમાં સૌ પગ ઘાલે.
ફૂટેગેં પાંડ, તૂટેગેં શિર, બિચગેં મેરા ચાંદભાઈ.

---

૧ પૂંઠ પાછળ પાદશાહનું પણ લોક ભૂંડું બોલે.
૨ અઠેઈ—અહીં જ. બાદશાહી ફોજ તે દાબ વાપરે છે.
૩ જંઘડિયા—ઝઘડિયા. ૪ અને પોતે જ.

૪૬૦. ફોઈની ખારેક આંખ કાઢે.[1]
શ્રાદ્ધની ખીર પાટલે વળગી આવે.
વિવાહ વેચાતો ને શ્રાદ્ધ ઉછીનું.[2]

૪૬૧. મોટા બાપના દીકરા, ઘરમાં ન મળે ઠીકરાં.
મોટાં ઘર તે ભૂતનાં દર.
મોટાં ઘર તે વાસીદું ન વળાય ને દીવા પૂરા ન થાય.
ઓઢી ફરે દુશાલા, ઘરમાં હોય કસાલા.[3]

૪૬૨. એક નાવનાં છડિયાં. સૌનું થશે તે વહુનું થશે.
સૌગત તે વહુગત. શોકનાં હારે ભાંગવાનાં. (બલૈયાં)
ડૂબવું કે તરવું સાથે.

૪૬૩. ડેરેડેરે મીર.
બધા પાલખીમાં બેસે, ત્યારે ઉપાડનાર કોણ?
હું રાણી, તું રાણી, કોણ ભરે બેડે પાણી?
સૌ ઘોડે ચઢે, ત્યારે આગળ કોણ દોડે?

૪૬૪. બળતામાં ઘી હોમવું. વાયડો ને વળી વા દીધો.
કજિયો ને માંહી વઘાર મૂક્યો.
ઝાઝે શૂળે ઝાઝી ઝાળ. ચડાઉ ને વળી ચડાવ્યો.
ઘા ઉપર લૂણ છાંટવું.

૪૬૫. મોઢે 'ના, ના' ને પેટમાં 'હાશ, હાશ.'
મનમાં હાસું ને આંખમાં આંસુ.

---

૧ કારણ કે વધારે કિંમતી બદલો આપવો પડે.

૨ શ્રાદ્ધનું નોતરું આપે તેને આપણે પણ નોતરું આપવું પડે. ને વિવાહમાં જમવા જઈએ તો આપણે પણ જમવા બોલાવવા પડે.

૩ કસાલા—દુઃખ.

મનમાં ભાવે પણ મૂંડી હલાવે.
અફીણના બંધાણીનો ને બાયડીનો એક સ્વભાવ.[1]
માથે લઈને મૂકવા જાય ને 'રહો રહો રાંદલ' ગાતી જાય.

૪૬૬. ઘર વેચીને તીરથ કરવું. નાગા થઈને ચંદરવો બાંધવો.
રંગ હો નરૂંકું કે કૂંઠ દિયા ઘટૂંકું.
લાહીલોહીને વરઘોડે ચડ્યા.

૪૬૭. બાપની દોલત પર તાગડધિન્ના.
એહું ખાય તે એહું ખાય.

૪૬૮. ભીખ, ભારો[2] ને ભણતર સવારમાં સારાં.
એક પહોરની ભિક્ષા, સાત પહોરનું સુખ.

૪૬૯. હિસાબ કોડીનો ને બક્ષિસ લાખની.
લેવુંદેવું વહેવારે. ભૂલનો ભોગવટો હોય નહિ.

૪૭૦. કડવું ઓસડ મા પાય.
મીઠા બોલથી લેવાય, તેની વાત ખાડે જાય.

૪૭૧. માગવું ને મરવું બરાબર.
માગતાં સૂમને દાતાર કહેવો પડે.
માગનાર પાણીથી પાતળો. માગણ તૂરથી[3] હળવો.
માગ્યાં તો મુક્તાફળ મળે, પણ ભીખને માથે ભડ.[4]

૪૭૨. રાજા દાને ને પ્રજા સ્નાને.[5]
સકર્મીની જીભ ને અકર્મીના ટાંટિયા.
યજમાનની જીભ ને ગોરના ટાંટિયા.

૪૭૩. ફૂલ નહિ ને ફૂલની પાંખડી.
નાહ્યા તેટલું પુણ્ય. (ગંગાદિકમાં)

૪૭૪. નામ રહે ગીતડે કે ભીંતડે.[1] સુરતસેં[2] કીરત[3] બડી.

૪૭૫. મળ્યા ત્યારે મીર, ના મળ્યા ત્યારે ફકીર;
ને મરે ત્યારે પીર.
આવે ત્યારે ગદબદિયાં, જાય ત્યારે સાંસા.

૪૭૬. થોડામાં બોડું.[4] વાડકીનું શિરામણ.[5]
ચોરમાં ચોર પડ્યા. વાસી રહે નહિ ને કુત્તા ખાય નહિ.

૪૭૭. ઘરમાં બોલે ડોકરાં, બહાર બોલે છોકરાં.

૪૭૮. રાજપૂત ને ગરજપૂત. રાજાની કૃપા તે ઠીકરે દૂધ.
રાજા, વાજાં ને વાંદરાં, જેમ ભમાવે તેમ ભમે.
કેવલિયા કિસીકા કાકા બી નહિ ને મામા બી નહિ.
રાજાની માયા ને તાડની છાયા.
ગરાસિયા ને ગાં–એક દી ન ધોઈ તો ગંધાય.

૪૭૯. પરમેશ્વર સબરમાં રાજી છે.
પરમેશ્વરને ત્યાં ઘીના દીવા બળે છે.
હક કર, હલાલ કર, દિલમેં સબર કર.

૪૮૦ જેવો માલ તેવું મૂલ. માલ રહ્યો વાસી, મૂલ ગયું નાસી.

૪૮૧. કોને લેવું છે ને કોને દેવું છે?
આપ્યું વાણીએ ને ખાધું પ્રાણીએ.

૪૮૨. ખાંડા ગામમાં બે તેરસ. નિર્બંધી નાતમાં તેર પટેલ.

---

૧ કવિતા કરવાથી કે મોટાં મકાનો ચણાવવાથી. ૨ સુરત–રૂપ, ૩ કીરત–કીર્તિ. ૪ બોડી ગયા, લૂંટી ગયા. ૫ કેટલું માય? અર્થાત્ થોડું.

બાર ભૈયા ને તેર ચોકા.

૪૮૩. પૂંજિયાની મા ગોત્રાટ ઊજવી રહી.[1]
માધુડો મૂઓ ને ગોકડી પરવારી.
પુરુષ ગયો એટલે ઘર ઉજ્જડ.
પુરુષની માયા ને મરદની છાયા.

૪૮૪. પારકે મોંએ પાન ચાવવું.
પરવસુ પરિયાણે, આપવસુ એકે નહિ.
તીતરને મોઢે શુકન.
ધણીવસુ ઢોર, કોશે નાથો કે કોદાળીએ.

૪૮૫. સત્તા આગળ શાણપણ શા કામનું?
સો તારી દલીલ, એક મારો હુકમ.
પીઠ સબળી તો પુરુષ બળિયો.

૪૮૬. ગોળે માથું ચોપટી ખાઈ જવું.
અવળે અસ્ત્રે મૂંડવો. ટોપી પહેરાવવી. સંધી[2] બેસાડવી.

૪૮૭. લોભી ગુરુ ને લાલચુ ચેલા, દોનું નરકમેં ઠેલંઠેલા.
રેવડીવાળો ને ગંડેરીવાળો એકઠા થયા.[3]

૪૮૮. લપસી પડ્યા, તો કહે દેવને નમસ્કાર કર્યો.
સોળ આવ્યા, તો કહે જાડા થયા.
નાકટક્કા તો કટ્ટા પણ ઘી તો ચટ્ટા.
રાંધ્યાં એટલે ઢાંગેપગે ઉગાર્યાં થયાં ને ધણીનાં
ઓશિયાળાં મટ્યાં.

---

1 કારણ કે ઉપવાસ ન રાખી શકી.
2 સંધી—મરણપ્રસંગે પાળિયાં બેસાડનાર જાતિ.
3 એકબીજાનો માલ વખાણવો ઘરાકને છે.

નોતરું આવશે તો જમવા જઈશું, નહિતર એ વટલેલાને ઘેર કોણ જાય?
ધપ્પો વાગ્યો, તો કહે ધૂળ ઊડી ગઈ.
બાવા, ગાયો બહુ થઈ, તો કહે દૂધ પીયેંગે.
બાવા, ગાયો મરી ગઈ, તો કહે છાણમૂતરની ગંધ ગઈ.

૪૮૯. ઉછેદિયાના આઠસો વારસ. નણોદિયાના નવ્વાણું ધણી.
ગીઆળ ગયું[1] તેનું ઘર પીંજાણું.

૪૯૦. મૂઓ વર ને બળી જાન.
લોઢું જાણે ને લુહાર જાણે. ચોરની માને ભાંડ પરણે.

૪૯૧. લાખની પાણ.
ઉધારે હાથી બંધાય, પણ રોકડે બકરી ન બંધાય.
ભોંય પડ્યા બમણા. બોરના બમણા.[2]

૪૯૨. વ્યાજને ઘોડા ન પહોંચે. વ્યાજને વિસામો નહિ.
એક રામે લંકા લીધી, તો આઆ રામ[3] ચડે ત્યાં શું બાકી રહે?
વ્યાજમાં રાજ ડૂબે. વ્યાજ ભલભલાની લાજ મુકાવે.
વ્યાજના ઘોડાને કોઈ ના પહોંચે.

૪૯૩. સુયાણી આગળ પેટ છુપાવવું નહિ.
વૈદ ને ગુરુ આગળ જૂઠું બોલવું નહિ.
જિસકે હાથમેં દોરી, ઉસકી ક્યા ચોરી?

૪૯૪. ચોરકું ખુદા સલામત રખે.

---

૧ ગીઆળ ગયું–ઉછેદિયું થયું. ૨ ધૂળ ભળે એટલે દાણાનું વજન થાય; કારણ કે બોર દાણા સાટે ઘેરઘેર વેચે એટલે બમણા થાય. ૩ રામ–આનો.

ઇનકે લિયે સિપાઈકી રોટી હે.
સારા માણસના ઘરનું વગોણું, જગતને જોણું.
માંખ જુએ ચાંદું ને વૈદ જુએ માંદું.
હરકતમાં બરકત ને ફજેતે ફાયદા.

[ એક નાગર ગૃહસ્થ પોતાના તાબાના સિપાઈને પોતાના ઘેર લઈ ગયો. બે દિવસ સંવત્સરી ને શ્રાદ્ધ હતાં, એટલે મિયાંને પણ લાડુ ને દૂધપાક મળ્યા. મિયાંએ નમાજ પઢીને ખુદા પાસે દુવા માગી: 'યા પરવરદિગાર, ઇનકે ઘરકું કાયમ રહેવે નિતનિત શ્રાદ્ધ સમસરિયાં; મિયાં મીઠું ખાવે, ઓર ખાવે ખીરપૂરિયાં.' ]

૪૯૫. તીર્થે સૌ મુંડાય. દરમાં સર્પ પાધરો, બીજે વાંકોચૂંકો.

૪૯૬. ચૈત્ર ચઢે નહિ, વૈશાખ ઊતરે નહિ.
રંગ છે એકરંગાને, લિબાસત[1] છે દોરંગાને.
ઉનાળે રાતા નહિ ને શિયાળે માતા નહિ.
ઉનાળે સૂકા નહિ ને ચોમાસે લીલા નહિ.

૪૯૭. પાણી, તારો રંગ કેવો? જેમાં ભળું એવો.
વાગે તેવું નાચે. કાચીંડાના જેવો હફતરંગી.
ગોકુળમાં ગોકુળદાસ, મથુરામાં મથુરાદાસ.

૪૯૮. શીરા સારુ શ્રાવક થવું.[2]

૪૯૯. શેઠની ગાંન્ફ્રોલતી થઈ ને પંપાળીને મોટી કરી.
વાંદરાનો ઘા, જે આવે તે ખોતરે.
ઝૂમડું બહુ ફોચાય, તો બરનીંગળ થાય.
ચોળીને ચીકણું કરવું.

૫૦૦. મારવો તો મીર મારવો.

---

૧ લિબાસ—ડ્રેસ. ૨ લાભ માટે સિદ્ધાંત બેગળા મૂક્યા.

મારવો તો હાથી ને લૂંટવો તો ભંડાર.
પરણવું તો પદ્મિની ને પહોંચવું તો દરબાર.
ચકલાં શાં ચૂંથવાં?
ચીરવો તો પાટડો ચીરવો. દેડકાં શાં ડાંસવાં?
એક શંપ ભાંગવી, તે હજારો સોયો થાય.

૫૦૧. સોમાં શૂરો તે એકેમાં પૂરો નહિ. સબ બંદર કે વેપારી.
સબમેં મેરા લગતા હે. મિંયાભાઈકા આધા દાના.

૫૦૨. સૌ કહે બાપડી, પણ કોઈ ન સીવે કાપડી.
સૌ ભલું મનાવે પણ આંધણમાં ઓરવા કોઈ ન આવે.
સૌ કહે 'આઈ–માઈ,' પણ કોઈ ન આપે પાઈ.

૫૦૩. બાંધવ હોય અબોલણા, તો ય પોતાની બાંહ્ય.
હાડ હસે ને લોહી તપે. લગ્ના તો યે એક લોહી.
સગપણ સોનું ને પિત્તળ પ્રીતડી. ભીડ પડે ત્યારે ભાઈ.
એક મગની બે ફાડ. તન વગર તપે નહિ.
ડાંગે માર્યાં પાણી જુદાં ન પડે.

૫૦૪. જળ તેવાં મચ્છ. પડાઈ[1] પ્રમાણે પૂછડું.
લાકડા પ્રમાણે પોલ.

૫૦૫. લિખકે દે, લેકે લિખ. આંગળીને ટેરવે બધો હિસાબ.
ભીંતે નામું, જોડાને તળિયે નામું, તેને બધું નકામું.
સંભારીને નામું લખે ને ઊઠે ચડીને ઊઘે.

૫૦૬. ભણે તેની વિદ્યા. મારે તેની તલવાર.
ભજે તેના ભગવાન. પાળે તેનો ધર્મ. ખેડે તેનું ખેતર.

૫૦૭. આગળ દોડ ને પાછળ છોડ.

૧ પડાઈ–મોટા પતંગ.

ભણીભણીને મહેતાજીને સોંપવું. ભણવું ને ભૂલવું.
ગઢ ચણાતો જાય ને પાછળ પડતો જાય.

૫૦૮. ઊને પાણીએ ઘર ન બળે.
સાસુવહુના કજિયા તે ખીચડીને ઊભરો આવે ત્યાં સુધી.

૫૦૯. ભૂંડું ભાવે નહિ ને રૂડું તાકડે આવે નહિ.
નાની–મોટી કરતાં કુંવારા રહ્યા.
જુગત જોડું મળે નહિ ને મનની હોંશ ટળે નહિ.

૫૧૦. કીડીનું કટક, એક ચાલી એટલે બધી ચાલે.
ગાડરિયો[1] પ્રવાહ. લોકોમાં ગતાનુગત.

૫૧૧. મન વિના મળવું ને હેત વિના હળવું નકામું.
હેતના કુશકા સારા, પણ કમનની કમોદ ખોટી.
મન વિના મળવું ને ભીંતે ભટકાવું.
ચાહે તેના ચાકર થઈ રહીએ, અણચાહતને બાર ન જઈએ.

૫૧૨. ગાંઠે પૂરો ને બોલવામાં શૂરો.
જેના હાથ લાંબા, તે બધે પહોંચી વળે.
જેને અબકે ખીલા હેઠ, નવરો ન બ્બાસું રોટલી (સોનામહોર).
પાંચે પહોંચે સબળો તે ધાર્યું ઉતારે.
દામ ને હામવાળો ચાહે તે કરે.

૫૧૩. ચોરનું નખ્ખોદ જાય નહિ.
કોળીભાઈનો કૂવો, એક બેસી ને બીજો ઊભો.
મકની માદીનો વંશ જાય નહિ.

૫૧૪. તરમાં તર શાનુતર. વિદ્યા નરનું નૂર છે.

૫૧૫. ધૂળધાણી ને વાપાણી.[2] બૂઝ્યા નહિ ને પાછા ગયા.

---

૧ ગાડર–ઘેટું. ૨ નકામો, નિષ્ફળ યત્ન.

બે અર્ધ મણે મણનું મણ. કચરાનો ભાઈ પૂંજો.
મેલ કરવતિયા કરવત કે પાછા મોચીના મોચી.
મણમાં આઠ પાંચશેરીની ભૂલ. મૂઆ નહિ ને ભૂત થયા.
ભુલાશાનાં પાંદડાં. કાંત્યું પીંજ્યું કપાસ.

૫૧૬. મા મૂળો ને બાપ ગાજર, તેના દીકરા સમશેર બહાદુર.
ઢાલ્ય ભેળી થાય ત્યાં કોણ ધિંગાણું કરે ?
બાપે મારી ચૂઈ[1] ને બેટા બરકંદાજ.
આઈ તેલી, બાપ તંબોળી, બેટે હુવે સુજાનઆલી.
વાજું એકઠું થયું, ત્યાં વિવાહની વરસી.
મા ભઠિયારી, બાપ કલાલ, તેના દીકરા લાલમલાલ.

૫૧૭. ડાહ્યા બોલે તે બાકી રાખે.
તળાવ બંધાવે તે ઓગાન[2] રાખે.
ગામને ગઢ બાંધે, તે નાકાબારી રાખે.
ચોરણો સિવડાવે, તે મૂતરવાનો માર્ગ રાખે.

૫૧૮. ધૂળથી કાંકરા સારા. પથ્થરથી ઈંટ કૂણી.

૫૧૯. હજુ તો 'શ્રીગણેશાય નમઃ' છે.
પાશેરામાં પહેલી પૂણી. હજુ તો ગણેશનો વેશ છે.[3]
હજી તો સોળે સોગઠી કાચી છે.
હજી તો ઘડો થાય છે, તોલ બધો બાકી છે.
હજી તો ઘર ઘડી ને ઘર દહાડો છે.

૫૨૦. જો થાય જતિ તોપણ છૂપે નહિ કરમની રતિ.
કર્મ છૂપે નહિ ભભૂત લગાયા.

---

૧ ચૂઈ–ઊંદરડી. ૨ ઓગાન–છલાછલ ભરાયેલા પાણીને વહી જવાનો માર્ગ. ૩ ભવાઈમાં.

ભાગ્ય જંગલમાં મંગલ કરાવે.
સોનાની રતીનું મૂલ, પણ કરમની રતીનું મૂલ નહિ.

૫૨૧. માથાના વાળ પગે લોહ્યા, પણ એક ટળી બે ન થયો.
પગસી કરી પ્રાણ ગયો પણ પલળ્યો નહિ.
ઓળામણાં ઘણાં કર્યાં, પણ હૃદે હરિ ન વસ્યા.
માખણ લીધામાં મણા ન રાખી, પણ કૂણો ન થયો.
દાઢીમાં હાથ ઘાલ્યા પણ વળ્યો નહિ.
દાંતે તરણાં લીધાં, પણ દયા આવી નહિ.
મોંમાં ખાસડું લઈ પગે લાગ્યો, પણ મહેર આવી નહિ.

૫૨૨. માથું સોંપ્યા પછી નાકકાનની અધીર શી?
ચોટલી સોંપ્યા પછી ફાંફાં શાં મારવાં?

૫૨૩. જુવાન વહુ ને બુઢ્ઢો લાડો, એનો રોજ ઊઠીને બગાડો.
બીબી થાય મિયાં જોગ, ત્યારે મિયાં થાય ચોર જોગ.
બુઢ્ઢાને બાયડી પરણાવવી ને મડાંને મીંઢળ બાંધવું.

૫૨૪. નસીબ કોઈનાં વેચી ખાધાં છે? એક નર ને સો હુન્નર.
આ લે તારી ચાકરી ને લે તારી લાકડી, ભાગ્ય તું
લઈ શકીશ? આ લે તારી છાતી, હું તો મારે ચાલી.
એક દ્વાર બંધ, હજાર દ્વાર ખુલ્લાં.

૫૨૫. લેનેકું લક્કડ, દેનેકું પથ્થર.
જમવામાં શૂરાપૂરા, જમાડવાનું નીમ.
આપવાની આખડી, લેવાની મોકળ.
આપવામાં ચીકટ, લેવામાં વિકટ.
ખાતે ખબરદાર, જસેપાક લાડુ નહિ.
દમડીકા તેલ લાવીએ, તો કહે હમ જન્મકે સીજરૂ હૈં.

૫૨૬. (વસ્તુઓ શેનાથી બગડે તે વિષે)
શાક બગડ્યું તેનો દિવસ બગડ્યો.
અથાણું બગડ્યું તેનું વરસ બગડ્યું.
બાયડી બગડી તેનો ભવ બગડ્યો.
જુવાની બગડી તેનું જીવતર બગડ્યું.
દીકરો બગડ્યો તેનું કુળ બગડ્યું.

૫૨૭. કુલ્લામાંથી હિંગ જાય, પણ કુલ્લું ગંધાય.
આંખ્યો હોડો જાય, પણ માર્યો ગોદો ન જાય.
કરનો કરનારો જાય, પણ કર રહી જાય.
માર્ગ કરનારો જાય, પણ શેરડો રહી જાય.
કાળ જાય ને કહેણી રહે.

૫૨૮. સાસરે સમાય નહિ ને પિયેરમાં કોઈ ચાહે નહિ.
લક્ષણના લાલા ચરડા[1] છે. બોલવામાં ચોકઠું નથી.

૫૨૯. વાડ વિના વેલો ન ચડે. વગ કરે પગ.
સિફારસકી ગધ્ધી તેજીકું[2] લાત મારે.
પક્ષે પાંડવ જીત્યા. ઢાલ હોય તો આડી ધરાય.
વગે પીરસણું, વગે ન્યાય, વગ ન હોય તે પાછો જાય;
વગે વાવણાં, વગે કૂવા, વગવિનાના કુંવારા મૂઆ.

૫૩૦. માણસ–માણસમાં આંતરો, એક ઝવેર તો બીજો કાંકરો.
પાંચ આંગળીઓ પણ સરખી નથી.

૫૩૧. ફૂવડના મેલ ફાગણ મહિને ઊતરે.[3]
ફૂવડ રાંડને ફળીમાં ઉકરડો.

---

૧ ખરાબ. ૨. તેજી–ઘોડો. ૩ કારણ કે તે શિયાળામાં નહાય નહિ.

કૂવડ નારી, ઊઠે અસુરી,[1] આંખો ચોળે,
મુખે પહોળે, બડબડ કરતી બારે ઘડી.
કૂવડનું ઘર તે કૂકડાનો ખડો.
કાલી કુત્તી મરતે મેરી ખીચડીમેંસે સ્વાદ ગયા.

[ એક મિયાં સરદારની દેવડી પર નોકરીએ રહ્યા તે રોજ હાંલ્લીમાં ખીચડી રાંધીને ખાય. તે એટલા બધા આળસુ કે કોઈ દિવસ તે હાંલ્લી ધુએ જ નહિ. રોજ ત્યાં રહેતી કાળી કૂતરી રાતે આવી, વધેલી ખીચડી ચાટી જાય ને તે રીતે જ હાંલ્લી સાફ થાય. બીજે દિવસે ધોયા વગર જ મિયાં તેમાં ખીચડી ઓરે. ઘણે વરસે જ્યારે કૂતરી મરી ગઈ, ત્યારે હાંલ્લી સ્વચ્છ ન થઈ. પરિણામે બેત્રણ દિવસમાં જ તે ગંધાઈ ઊઠી. ત્યારે મિયાં ઉપરનું વાક્ય બોલે છે. ]

૫૩૨. જુવાનીમાં રળ્યું ને રાતનું દળ્યું.[2]
શિયાળાની ખેડ ને જુવાનીનો દીકરો.
ચોમાસાની ખેડ, શિયાળાની ચાખડી, ઉનાળાનો
ડગલો, એ આછતનો ઢગલો.[3]

૫૩૩. લંકાની લાડી ને ઘોઘાનો વર.
કોની લાડી કોનાં દેરાં ઝારશે?[4]
ક્યાંની રાણકદેવડી, ક્યાંના દાવલ પીર?
ક્યાંનો જીવણ કસાલિયો ને ક્યાંનો માધો પીર?

૫૩૪. શેરડી પાછળ એરડી પાણી પીએ.
ખીચડી ભેગું ઢોકળું બફાય.

૫૩૫. મથુરાનો પેંડો[5] ન્યારો. જમાલની માનો જુદો ચોતરો.

---

૧ અસુરી—મોડી. ૨ જરૂર પડે કામ આવે. ૩ તે વખતે નકામાં. ૪ ઝારશે—જુહારશે, પૂજશે. ૫ પેંડો—માર્ગ.

ત્રીજું તડ ગંગાદાસનું. બાર પૂરબિયા[1] ને તેર ચોકા.

૫૩૬. પંડિતકું પૂરવ ભલી, જ્ઞાનીકું પંજાબ;
મારવાડ ભલી મૂર્ખકું, કપટીકું ગુજરાત.

૫૩૭. પૂછડે જતાં ફેણુ માંડી.
પોર મૂઈ સાસુ ને ઓણુ આવ્યાં આંસુ.
ગાળ દીધી પોર ને રીસ ચઢી ઓણુ.
શેઢે આવી શિરામણુ માગે.
રહીરહીને જાગે, ત્યારે ખોળો ખીચડ માગે.

૫૩૮. મરે તો મિયાનું ને જાય તો બારગીરનું.
પરબારું ને પોણુબારું. ગુમાસ્તાને ખીંટીએ પોતિયું.
ધોળિયા, ધાડ આવી તો કહે ધણીને ઘેર.
આપણે સ્નાન કે સૂતક કંઈ નહિ.
રોશે રૂવાળો ને પીટશે પીંજારો.
કોના બાપની ગુજરાત?
ઉધવકા લેના નહિ ને માધવકા દેના નહિ.
નહિ હિંગ કે ફટકડી. સાથીના[2] રોટલામાં ગેરુ[3] નહિ.
હીમ, ખીમ ને દિવાળી.
નાત નાતનું ખાય છે, મુસાભાઈનાં વા ને પાણી.

[ મુસાભાઈ ગરીબ હતા. બધા તેને નાત જમાડવાં મહેણાં મારતા. તે તડવી હતા એટલે એક દિવસ નાતનાં વાસણ વેચીને સરસ જમણવાર કરી. નાતીલા રસોઈ વખાણવા લાગ્યા, ત્યારે તે ઉપરના શબ્દો બોલ્યા. પછી નાતીલા બીજી જમણવાર થવાની

---

૧ પૂરબિયા–પૂર્વના ભૈયા. ૨ સાથી–ખેડૂતનો નોકર.
૩ ગેરુ–ઘઉંમાં થતો ગેરુ નામનો રોગ.

હતી, ત્યારે તેમની પાસે વાસણ માગવા ગયા. તેમણે કહ્યું: 'મેં નહોતું કહ્યું કે તમે સૌ તમારું જ જમો છો, મારાં તો માત્ર વા અને પાણી છે?'.]

૫૩૯. વિવાહનો હરખ સૌને સરખો.
પરણ્યાનો, પટલાઈનો ને પંડિતાઈનો કોડ સૌને હોય.
વિવાહ સમાન હરખ નહિ ને મૂઆ સમાન શોક નહિ.

૫૪૦. વિવાહ વીત્યો ને મોડ થાંભલે.
વિવાહ, સિવા ને પછી હડકવા.[1]
માણે વિવાહ ને મૂંડે[2] વિવાહ.

૫૪૧. વરને પરણ્યાનો લાભ, તો જાનૈયાને જમ્યાનો લાભ.
તમને ચમ્મર ઢળશે, તો પવનનો લહેરખો અમને પણ આવશે.
પડોશીનું સારું હોય, તો આપણને પણ લાભ મળે.

૫૪૨. પરણ્યા નહિ હોઈએ, પણ જાને તો ગયા હોઈશું.
ઘેર ઘાલો ઉકાડી નથી, પણ ઘાલે તો બેઠા હોઈશું.
ભણ્યા નથી પણ પાટલા ઉપર ધૂળ તો નાખી હશે.

૫૪૩. અડતાળીસે સંસ્કાર થઈ ગયા છે.
ઘણા સાઠા ઓળાંડેલ છે.
આ કૂવે ઘણી ઘેડો ફૂટી છે.[3]
ઘડિયાં પિતળિયાં વાગી ગયાં છે.

---

૧ વિવાહ પછી ખર્ચ બહુ થયું હોય એટલે ગરીબાઈ. ને પછી દાંતિયાં. ૨ મૂંડે—ખરચ કરાવે. ૩ ઘેડ—ઘટમાળ—કોશ કાઢતી વખતે અનેક ઘડા બાંધવામાં આવે છે તે માળખું, રહેંટ.

[ એક ઊંટ ખેતરમાં ખાવા પેઠું. રખેવાળે થાળી વગાડવા માંડી. ત્યારે ઊંટ આ વાક્ય બોલ્યું; અર્થાત્ મારી પીઠ ઉપર ત્રંબાળુ ગડગડી ગયાં છે, ત્યાં થાળીનો શો હિસાબ ? ]

૫૪૪. બાદશાહ : સબસે અચ્છા દિન કોનસા ?
બિરબલ : જિસ રોજ દસ્ત ખુલાસા હોવે, વો દિન અચ્છા. એક જોગી, બે ભોગી ને ત્રણ રોગી.[1]
સૂંઠ, સંચળ ને કાંચકો, જે ખાય તેને આવે નહિ આંચકો.
ખાવું તો તોળી–તોળી, પીવું તો ઘોળી–ઘોળી;
સૂવું તો રોળી–રોળી, એ ઓસડ ને એ ગોળી.

૫૪૫. સાદા રાયજાદા.[2]
જેની ખોરાકી પોષાકી સાદી, તેને મળે સવામણની ગાદી;
પણ જેને વહાલો શૃંગાર, તેમાં ક્યારેક ઊઠે અંગાર.

૫૪૬. પેટનો બળ્યો ગામ બાળે.
દીપકના બળેલને મલાર ઠારે.[3]

૫૪૭. વિવાહની વરસી કરવી. આખાના ભરડ્યા કરવા.
અડદ, મગ જેમતેમ ભરડી નાખ્યા.
નાળને બદલે બીજું વધેરવું.

૫૪૮. મા મૂઈ એટલે બાપ વેર્યો.
ઓરમાન મા તે માથાનો ઘા.
મા તે માયો ને બાપ તે ખાટલાનો પાયો.
માના રેંટિયામાં સમાય, બાપના રાજમાં ન સમાય.
માને પાનો ચઢે, બીજાને નહિ.

---

૧ એટલી વાર દસ્તે જવું પડે તો. ૨ રાયજાદું–સારું.
૩ એ રાગનું નામ છે.

વાટે જતાં વિઘન વળગ્યું. ભોગ લાગ્યા તે અપાસરે ગઈ.[1]

૫૬૪. જોષી, ડોશી ને વટેમાર્ગુ, એ ત્રણ ફોકટિયાં.
વૈદ, વેશ્યા ને વકીલ, એ ત્રણ રોકડિયાં.

૫૬૫. કડી ઉપર તાણું નહિ ને લાકુ ઉપર વાણુ નહિ.
ડગલા ઉપર શાલ નહિ ને બખ્તર ઉપર ઢાલ નહિ.
મઠને ખેતર માળો નહિ, ઊંદરનો ઉચાળો નહિ.
ઘેલીને ગવાળો નહિ, કુંવારાને સાળો નહિ.
બ્રાહ્મણને ઘેર પાળો[2] નહિ, નાગર બચ્ચો કાળો નહિ.
ચાટવામાં ફાડ[3] નહિ ને ઘરજમાઈને લાડ નહિ.

૫૬૬. બાળક છેડીએ પ્રીતથી રમાડવા, તે સામા ઓશિયાળા કરે. (રડીને)
ગાંડા, ગાંડા, શું હસ્યો, તો કહે તું હસ્યો એટલે હું હસ્યો !

૫૬૭. પેધ્યો આવે પરોણે ને લપકે આવે ઢોર.
બ્રાહ્મણ સો ગાઉની ખેપ કરે, તે દક્ષિણાની લાલચે.
ભેંસ જળમાં મોઢું નાખે, તે લીલાંને ભરોંસે.

૫૬૮. પેટનું પેટ, તે પહોંચાડે ઠેઠ.
પેટના કીડા પેટને ફોલે.
ચોરની મા કોઠીમાં મોં ઘાલી રૂએ.
હૈયાના બળ્યા, હાશહાશ. કહેકાણે ગૂમડું ને સસરો વૈદ.[4]

૫૬૯. (સ્ત્રી સંબંધી કહેવતો)

---

૧ ઉપવાસ કરવો પડ્યો. ૨ પાળો—દંડ વસૂલ કરનાર. સિપાઈ. ૩ ફાડ—ફાચર. ૪ તેને કેમ બતાવી શકાય?

ઉકરડે ઓરી,[1] માટીખાણે આગી ને નદીએ નાગી.
ભાણે ભોગ ને કપાળે શોક.[2]
નાગું નાહવું, ટાઢું ખાવું ને જૂઠું ગાવું. સ્રીહઠ ભારે.
હોળી ખેલતી. લગ્ન મહાલતી ને રાસ રમતી સ્રીના
હરખનો પર નહિ. સોપારી વાંકડી ને બાયડી રાંકડી.
બાયડીને મોઢે સવામણનું તાળું.
સ્રીની બુદ્ધિ પાનીએ. એક રંડા, બે રંડા, ત્રણ રંડા
તોડે બ્રહ્માંડા.
જ્યાં મળે ચાર ચોટલા ત્યાં વાળે ઓટલા.
રહે તો આપથી, નીકર જાય સગા બાપથી.
રાંડ, ભાંડ ઓર ભેંસા, વો બિગડે તો કરના કેસા ?
બાયડીના પેટમાં છોકરું રહે, પણ વાત ન રહે.

૫૭૦. સર્પે ફૂંફાડો તો રાખવો.[3]
વાંકા ચંદ્રને સૌ નમે છે.
હનુમાનનાં ઠીસરાં કોઈ કરે નહિ.
વાંકી આંગળી વગર ઘી ન નીકળે.

૫૭૧. નંદના ફંદ ગોવિંદ જાણે.
વાણિયાની ગત વાણિયા રમી જાણે.

૫૭૨. મન જાણે પાપ, ને મા જાણે બાપ.
પંડાણીનો પરીઓ જાણે, દીકરાનું નામ દાઉદીઓ.
હમ બી ડીચ.

---

૧ ઓરી–પાસે. ૨ ખાવામાં શોક ન પાળે, જો કે ચાંલ્લો ન કરે। ૩ નહિ તો બધા જ સતાવે.

[ ઔદીચ્ય બ્રાહ્મણની નાત જમવા બેઠેલી, સૌ બોલે: 'ઓ-દીચ.' એક બીજી જ્ઞાતિનો જમવા બેસી ગયેલો ને અનુકરણ કરતાં બોલ્યો: 'હમ બી ડીચ.' ]

૫૭૩. બાંધી મૂઠી લાખની, ઉઘાડી વા ખાય.
ભરમ ગયો તેનું ભૂપણુ ગયું.

૫૭૪. પાવો પાવાને પાપે લેવાશે.[1]
લાકડું લાકડાંને ભારે ભાંગશે.

૫૭૫. સઈ, સોની ને સાળવી, તેને જમ ન શકે જાળવી.
વાલમાંથી રતી ચોરે તે સોની.
પાકો ચોર દરજી, તે વેતરે ને છેતરે.

૫૭૬. મા, મને કોઠીમાંથી કાઢ. રંગભોગની મા મૂઈ, મને સોડમાંથી કાઢ.

૫૭૭. રાંડીરાંડને પગે પડી, તો કહે: 'હું જેવી તું થજે.'
સાસુને પગે પડી, તો કહે: 'દાર્યાં તેવાં દરજો ને ખાળ્યાં તેવાં ખળજો.'

૫૭૮. વાઘનું મોઢું લોહિયાળું. કટકમાં કાણો ઊંટ બદનામ.
હલકું લોહી હવાલદારનું. છીંડે ચડ્યો એ ચોર.
ચોરને માથે કાગડો.
નામીચો શાહુકાર રળી ખાય ને નામીચો ચોર માર્યો જાય.

૫૭૯. જમણમાં લાડુ ને સગપણમાં સાઢુ.
સાળો રસોડા સુધી ને ભાઈ ઓસરીમાં.
વહુનો સગો તે ચૂલાનો મહેમાન.

૫૮૦. (શું શું શેનાથી વંઠ્યું તે વિષે)

---

૧ પાવો—પાવાગઢનો રાજા દુષ્કર્મથી નાશ પામ્યો હતો.

ઝાડ વંઠ્યું જે બગલું બેઠું. કાયા વંઠી જે કાળિયું[1] પેઠું.
કૂવો વંઠ્યો કબૂતર બેઠું. ઘર વંઠ્યું જે ભગતડું પેઠું.
ઘર વંઠ્યું જે પાછળ છીંડી.
વહુ વંઠી તે પર સાથે હીંડી.
ખેતર વંઠ્યું જે ચારિયું[2] પેઠું.

૫૮૧. સાસરાનું માન સાળીએ. ગાવાનું માન તાળીએ.
જમણનું માન થાળીએ. મોઢાનું માન વાળીએ.

૫૮૨. હોઠ સાજા તો ઉત્તર ઝાઝા.
જૂઠું બોલે ને જડતું લાવે તે ચતુરાઈ.
કવિની ચતુરાઈથી પથરો પરમેશ્વર થાય.
ઘઉંનાં ઘેબર થાય ને ઘઉંની ઘેંસ થાય.

૫૮૩. ખોખરું હાંલ્લું ખાતરને મોઢે.[3]
આંધળું દળે કે ગાય. અતિ ઘરડું ને મસોતાનું લૂગડું.
અતિ વૃદ્ધ તે સમ ખાવામાં ખપ લાગે.
ખોરું ઘી દીવે કે તાવડે.

૫૮૪. અગ્નિ આગળ ઘી ઓગળ્યા વગર ન રહે.
કાજળની કોટડીમાં ડાઘ લાગે જ લાગે.
દારૂ ને દેવતા ભેગાં થાય, તો ભડકો થાય જ.
કામિનીકે સંગ બસે, કામ જાગે હી જાગે.

૫૮૫. જીભ સો મણ ઘી ખાય, પણ ચીકણી ન થાય.
ચકમક હજારો વર્ષ પાણીમાં રહે, પણ આગ જાય જ નહિ.

૫૮૬. કૂવાકાંઠે લાંઘણ. વગડામાં રુદન. ગામઝાંપે નોતરું.

---

૧ કાળિયું—અફીણ. ૨ ચારિયું—ચાર વાઢનાર.

૩ ચોર તેને અપશુકન ગણે છે.

ગામઝાંપે રામરામ. વેશ્યાનો છોકરો કોને બાપ કહે ?

૫૮૭. ધન ઘડી, ધન દહાડો. આજનો દિવસ રળિયામણો.
આજ મારે સોનાનો સૂરજ ઊગ્યો.
આજ મારે દૂધે મેહ વૂઠ્યા.[1]

૫૮૮. કરે તે ભરે. પલાળે તે મૂંડે. જેણે પાસ્યાં[2] તે રંગે.
હાથનાં કર્યાં હૈયે વાગે.

૫૮૯. દેડકાની પાંચશેરી.[3] ચીભડાંની ભારી.[4]
ઊંટનાં લીંડાં નોખાં નોખાં.
ત્રીજ ને તેરશ એક થાય નહિ.
વાડાવાડાની ભેગી થાય તે સંપ રહેવા દે જ નહિ.[5]

૫૯૦. વાત કરતાં વાંઝણી વિયાય. સુતારના ઘરનો દીવો.

[ સુતારે બપોરે પોતાની સ્ત્રીને દીવો કરવા કહ્યું. પાસે બેઠેલા ઘરાકે પૂછ્યું: 'અત્યારે કેમ ?' ત્યારે સુતાર બોલ્યો: 'અત્યારે કહીશ ત્યારે દીવો રાત સોરો થશે.' ]

આંધળીને પાથરતાં વહાણું થાય.
સોઢી શણગારે ત્યાં બજાર ઊઠી જાય.

૫૯૧. ડુંગર વિયાણો ને ઊંદર નીકળ્યો.
બાર વર્ષે બાવો બોલ્યો, તો કહે બચ્ચા, દુકાળ પડેગા.
ગાઈ ગાઈને ગાયું, ત્યારે વરનું નામ મૂળ.
બાર વર્ષે બેટા બોલ્યા, ત્યારે કહે બાપા, મને બપડું.

---

૧ વૂઠ્યા–વરસ્યા. ૨ પાસવું–રંગ ચડાવતા પહેલાં કપડાને ફટકડીના પાણીમાં બોળવું. ૩ તોળતાં તોળતાં કૂદીને બહાર પડે, તેથી તોળાય જ નહિ. ૪ ભારી છોડીએ કે જુદાં જુદાં ગબડી પડે. ૫ દીકરાની વહુઓ.

૫૯૨. વાંઢાને વલોણું નહિ ને વેશ્યાને વગોણું નહિ.
હથેળીમાં વાળ નહિ ને ગધેડાને ગાળ નહિ.
ચાડિયાને શરમ નહિ ને અઘોરીને ધરમ નહિ.
સંતને તંત નહિ ને સાધુજનને સ્વાદ નહિ.
મૂર્ખને મર્મ નહિ ને દિગંબરને શરમ નહિ.
ગરાસિયો ગોઝારો નહિ ને પારસી નાતબહારો નહિ.
વાંઢાનો વક્કર નહિ ને છાશમાં સક્કર નહિ.

૫૯૩. વલોણામાં એંઠી કરવી. જમાડીને જોડા મારવા.
કર્યાકારવ્યા પર પાણી ફેરવવું.

૫૯૪. આઘું ઓઢે, ઘૂંઘટો તાણે, તેના ગુણ ગોવિંદ જાણે.

૫૯૫. સૂકા ભેગું લીલું બળે. પાપડી સાથે ઇયળ બફાય.
લડાઈ જોવા જાય તેને પણ વાગે.

૫૯૬. બહોત ગઈ, થોડી રહી. કાઢ્યાં એટલાં કાઢવાં નથી.
મરવા સારુ ભોંય સૂંઘે છે.

૫૯૭. વાતમાં મારે, તોલમાં મારે, મૂલ્યમાં મારે વાણિયો.
લોઢું ઘાસે, લાકડું ઘાસે, ઘાસે મોટો પહાણિયો, પણ
કશામાં ઘાસે નહિ એક વાણિયો.

૫૯૮. ધરવો જોગ ત્યારે ન જોવી વસ્તી.
સાધવો ભેરવ ત્યારે મેલવી બસ્તી.

૫૯૯. કોઈના પેટમાં પેસી નીકળાતું નથી.
કાકડી, ચીભડું કાપી જોવાય, પણ પેટ ચીરીને જોવાય નહિ.
દરિયાનો તાગ આવે, પણ છ તસુની છાતીનો તાગ
ન આવે.

૬૦૦ વાટ્યું ઓસડ ને મૂંડ્યો જોગી.[1]

૬૦૧ વખાણી ખીચડી દાંતે વળગી.
ફુલાવ્યા ફૂલે, તે વિચાર વગર ડુલે.
દેશ જાય, પરદેશ જાય, પણ વખાણથી ન જાય વાહ્યો;
તેનું નામ ચોથો ડાહ્યો.

૬૦૨. સુખે સૂએ જેને શિર બાપ.
સુખે સૂએ સુલક્ષણી નાર, સુખે સૂએ જે પતિ ગમાર.

૬૦૩. કૂકડો હોય ત્યાંજ શું વહાણું વાય ?
દુનિયામાં કોઈના વગર અડયું રહેતું નથી.

૬૦૪. એમને તો મોવાળે ગાંઠો બંધાણી છે.
એકે ગાં–હગે છે. ખોળિયાં જુદાં, પણ જીવ એક છે.

૬૦૫. (નફ્ફટ ઘરધણી ને નફ્ફટ મહેમાન વિષે)
ઘરધણી: ભાઈ જમીને આવ્યા છે, માટે પાણીનો લોટો લાવો.
મહેમાન: માંહે દાતણ નાખતાં આવજો.

૬૦૬. પંથ વર ભાંગે હાડ, બીજ વર લડાવે લાડ;
ત્રીજ વર કહી સાંકળાં, ચોથ વર મરણ લાકડાં.
એક ગોરીનો નાવલો, હીંડે જાણે કળાયેલ મોર;
બે ગોરીનો નાવલો, હીંડે જાણે હરાયું ઢોર.
બે બાયડીનો વર ચૂલો ફૂંકે.

૬૦૭. માથે છાણાં થપાયાં. માથે છપ્પનના પાટા પડ્યા.
રામકહાણી થઈ. દુઃખનાં ઝાડ ઊગ્યાં.

[1] તે વરતાય નહિ.

માથે દુઃખના ડુંગર પડ્યા. દુઃખના દરિયા છલ્યા.
માથે હરણુ બેઠાં. રવ રહી.[1]

૬૦૮. મા પૂછે આવતો, બાયડી પૂછે લાવતો.
જણનારી તે જીવ આપવાની, પરણનારી પોક મૂકવાની.
મા રૂએ બાર માસ, બાયડી રૂએ છ માસ ને બહેન રૂએ વારતહેવાર.

૬૦૯. વાટે જાતાં વઢવાડ વહોરે તેવા છે.
ચઢાવ્યા ચપણ લે તેવા છે.
મિયાં મસાલા વગર રહ્યા છે.
કાણા પંડ્યા, નમસ્કાર, તો કહે : વઢવાના ચાળા.
ઉછીતો કજિયો લેવો.

૬૧૦. આદું ખાઈને લાગ્યો છે. ચડે ઘોડે આવ્યો છે.
જરા ઘોડો તાણી બાંધ.

૬૧૧. ભાભોજી ભારમાં, તો વહુ લાજમાં.[2]
નફ્ફટ સસરો ને નિર્લજ્જ વહુ, 'આવો સસરા, કહાણી કહું.'
આંધળા સસરાની લાજ કોણ કાઢે ?

૬૧૨. રોતો જાય, મારતો જાય ને ઘર રાખતો જાય.
કાલો થઈ કાંચળીમાં હાથ ઘાલે. ઘેલો થઈ ઘર રાખે.
ઘેલી થઈ છૂટે ને ગામ બધું લૂંટે.

૬૧૩. છાપરે ચઢીને બેઠા છે. ગોકુળમાં કહાન મહાલે છે.

---

૧ બહુ દુઃખ પડ્યું.

૨ આપણે મર્યાદા રાખીએ, તો સામું માણસ મર્યાદા જાળવે.

ઘાંચજાની કોથળીમાં સજૈયો.[1] મહાલે તેમ મહાલે.
આસમાનને અને તેને માત્ર બે તસુનું છેટું રહ્યું છે.
ગધેડી ફૂલેકે ચડી છે.

૬૧૪. ધર્મનાં મૂળ ઊંડાં છે. ધર્મ તરે ને તારે.
પાપ બૂડે ને બુડાડે. પુણ્યે પાપ ઠેલાય.
ખા ગયા, ખિલા ગયા, સાથ લે ગયા, રખ ગયા,
જખ માર ગયા.

૬૧૫. વિસામાનો વડ, જે આવે તે બેસે.
ચોરાનું બેસણું, સૌ કોઈ બેસે.
દેવળનો ઘંટ, જે આવે તે વગાડે.
ધર્મશાળાનો ખાંડણિયો.
ગામની ગૂંદી ને સીમાડાની રાયણ, જે આવે તે ઝૂડે.

૬૧૬. ઉજ્જડ ગામની જમે શી ભરવી ?
ધણી વગર શણગાર શા ?
ઉઘાડે બારણે ધાડ નહિ ને ઉજ્જડ ગામે રાડ નહિ.

૬૧૭. જુવાની દીવાની છે. જુવાની ચાર દિવસનું ચટકું છે.
જુવાની જાળવી તેનો મનખો સુધર્યો.
ગદ્ધાપચીસીમાં જે ઠેકાણે રહ્યો તે રહ્યો, નહિ તો ગયો.[2]

૬૧૮. બરાબરિયાસેં કીજિયે, બ્યાહ, બેર ઓર પ્રીત.

---

૧ સજૈયો—અસ્રો.

૨ પંદરથી ચાળીસ વરસ સુધીનાં પચીસ વર્ષ ગદ્ધાપચીસી કહેવાય છે.

# આગળ નહિ આવી ગયેલી કહેવતો

## ( કક્કાવારી પ્રમાણે )

### અ

૧. અકતે[1] કાંત્યું તે આગળ મુજરે આવે..

૨. અખાનો ડખો.[2]

૩. અગ્રે અગ્રે વિપ્ર જટાળો તે જોગી;
અને વચ્ચેનો કંદ, તે આરોગે નંદ.[3]

[ એક બ્રાહ્મણ અને એક જોગી શેરડીનો સાંઠો માગી લાવ્યા. વહેંચવામાં બેને તકરાર પડી, તેથી એક વાણિયા પાસે ન્યાય કરાવવા ગયા. તેણે આ લીટીઓ કહી; અર્થાત્ સૌથી પહેલો, પૂછડા તરફનો ભાગ તે બ્રાહ્મણ લે; થડિયાના ભાગને મૂળિયાં વળગેલાં તે જટાવાળા ભાગને જોગી ખાય અને વચ્ચેનો ગર્ભવાળો–સારવાળો ભાગ તે પોતાને માટે રાખ્યો. ]

૪. અણીનો ચૂકયો સો વરસ જીવે.

૫. અથરો[4] માણસ અથડાઈ પડે.

૬. અદેખાને બેવડો બળાપો.[5]

૭. અનાથ્યો આખલો ને હોળીઘેલી નાર.[6]

૮. અમીના ઓડકાર આવે નહિ.[7]

૯. અમી સૌના દિલમાં રમી. ( ગમી )

---

૧ અકતે–રજાને દિવસે. ૨ તેના કાવ્યમાં ન સમજાય તેવી બાબતો. ૩ નંદ–વાણિયો. ૪ ઉતાવળો. ૫ બીજાના સુખથી અને પોતાના દુઃખથી. ૬ કોઈના કાબૂમાં ન રહે. અમૃતથી કોઈ ધરાય નહિ.

૧૦. અમીરાત જાય પણ બો જાય નહિ.[1]

૧૧. અલ્લા એક બદામ.[2]

૧૨. અલ્લાહ નામ પર ડુંગર ચાલે.[3]

૧૩. અલ્લાહ માલૂમ બેલ કીધર ચલતા હે?[4]

૧૪. અલેલટપ્પુ.[5]

## આ

૧૫. આખલો આંક્યો, એટલે બધે મોકળું.[6]

૧૬. આગલી દુભામણ સારી, પણ પાછલી દુભામણ ભૂંડી.

૧૭. આગે આગે ગોરખ જાગે.[7]

૧૮. આડે લાકડે આડો વહેર.

૧૯. આથર બદલ્યા, પણ ગધેડા તેના તે છે.[8]

૨૦. આપસેં આઈ સો હલાલ.[9]

૨૧. આપે તેને દીકરા આપે, ન આપે તેના મૂળગા લઈ લે.

૨૨. આફૂરડી બાઈ.[10]

૨૩. આબરૂના કાંકરા ને ફજેતીના ફાળકા.

૨૪. આવતી વહુ ને બેસતો રાજા, પહેલી રાખે શરમ ને

---

૧ બો–ખુશબો, સ્વભાવ. ૨ અક્કલ વગરનો માણસ. ૩ રામનામે પથ્થર તરે. ૪ બેખબર માણસ માટે. ૫ ઉપરછલી વાત કરનાર. ૬ આંક્યો–જેને પાછલા પગના થાપામાં ત્રિશૂળનો ડામ દે અને મહાજનીઓ કરી છૂટો મેલે, તેને કામમાં કોઈ જોડે નહિ. તે ગમે ત્યાં ફરે ને ચરે. ૭ કાલની વાત કાલે, જે બને તે ખરું, જોઈ લેવાશે. ૮ આથર–લૂગડાં, ગુણ મૂકતાં પહેલાં ગધેડાની પીઠ પર નાખવામાં આવે છે, તે લૂગડું. ૯ આપમેળે આવી મળ્યું તે ધર્મયુક્ત. ૧૦ પોતાની મેળે ગમે તે વાતમાં કૂદી પડે.

પછી મૂકે માઝા.

૨૫. ‘આવરે વહાલી વાતડી કહું, આ ગૂડાને તું પાંચમી વહુ;’
‘સાંભળ, મારા નવલા વર, આ મારે તમારું સાતમું ઘર.’

## ઉ

૨૬. ઉતાર[1] આખા ગામનો છે.

## ઊ

૨૭. ઊદમાતની ઉજાણી, એક ઉછાળે ધૂળ ને એક ઉછાળે પાણી.
૨૮. ઊલેચે અંધારું ન જાય.
૨૯. ઊંચે આભ ને નીચે ધરતી.[2]
૩૦. ઊંધા પાટા બંધાવવા.[3]
૩૧. ‘ઊંહું’નું ઓસડ નહિ.

## એ

૩૨. એક ઘર તો ડાકણ પરહરે.
૩૩. એકડો નીકળી ગયો.[4]
૩૪. એક દીકરો દીકરામાં નહિ ને સો રૂપિયા પૂંજીમાં નહિ.
૩૫. એ પાણીએ મગ ચડવાના નથી.
૩૬. એને મૂતરે દીવો બળે.[5]
૩૭. એક લાકડીએ હાંકવું.[6]

૧ ઉતાર–ભૂત–પલીત માટે રસ્તામાં મુકાય છે; તે અન્ન અર્થાત્ બહુ જ ખરાબ માણસ. ૨ કંઈ આધાર નહિ. ૩ અવળું સમજાવવું. ૪ ભાઈ નિર્માલ્ય ઠર્યો. ૫ તેવો સત્તાવાન છે. ૬ આંખ મીંચીને, વગરવિચાર્યે હકૂમત ચલાવવી.

૩૮. એવાં મળ્યાં સગલાં કે જેમ મરછને સાચવે બગલાં.

૩૯. એવી ભોળી કોણ હોય કે પારકા ધણી પાછળ ચૂડો ભાંગે ?

૪૦. એવો ગોકળિયો ગાંડો નથી કે દિવાળીને દહાડે ઘેંસ ખાય?

## ઓ

૪૧. ઓખા[1]માં પેસવું નહિ કે બોખા થઈએ.[2]

૪૨. ઓદાણું ને તરકાણું.[3]

૪૩. ઓ દિન કહાંસે કે મિયાં કે પાઊંમેં જૂતિયાં ?

[ મિયાં બોલ્યા : 'જૂતી જૂતીસે શિર તોડ ડાલુંગા.' તેના જવાબમાં બીબી આ વાક્ય બોલી. ]

૪૪. ઓરમાયાં ને વેરવાયાં.

૪૫. ઓશીકે ગંગા, પછી પાપ કેમ રહે ?

## અં, આં

૪૬. અંધારી રાત્રે મગ કાળા.

૪૭. અંધારે ખાય, પણ કોળિયો નાકમાં ન જાય.

અંધારે દોડે ને ચડે બગલી ઘોડે.[4]

૪૮. આંખની કીકી ને કલેજાની કોર.[5]

૪૯. આંગળી સૂઝીને કંઈ થાંભલો થાય નહિ.

૫૦. આંધળાની આંખ.

૫૧. આંધળાની લાકડી.[6]

---

૧ ઓખા–નસમી જગા. ૨ ઓખામંદરે મોઢાને લઈને દાંત પડી જાય. ૩ ઔદીચ્ય બ્રાહ્મણ અને તરક–મુસલમાન જેવા. ૪ પગ ભાંગે એટલે બગલમાં ઘોડી લે. ૫ બહુ વહાલો. ૬ નિરાધારનો આધાર.

## ક

૫૨. કચરા નાખતાં જન્મારો ગયો ને 'ભાભાજી, ઉકરડો કિયો ?'

૫૩. કચ્છી ઢગા.[૧]

૫૪. કટકના પગ અવળા.[૨]

૫૫. કણ થોડા ને કાંકરા ઘણા.

૫૬. કદી ને મદી મિયાં ચાલ્યા નદી.[૩]

૫૭. કધન આવે તો સધનને તાણી જાય.

૫૮. કપાળનું ટીલું ગાલે ન થાય.

૫૯. કપૂરનું વહીતરું.[૪]

૬૦. કબૂતર ઊડ ગયા, પીછે ફુર્રર.[૫]

૬૧. કમાઓ છો શું ? રોજનું રોડું ને મહિને ઈંટ.

૬૨. કમાડ કરતાં આગળો ભારે.

૬૩. કમાતાં આવડે, તે ધન ખેંચે પાવડે.

૬૪. કસાઈને ઘેરથી ગાય છોડાવવી.
    કસાઈને ઘેર ગાય બાંધવી.[૬]

૬૫. કહો છો ને વર ઘરડો ?

[એક કણબી પટેલ પાછલી ઉંમરમાં ઘરભંગ થયો. એક નાની ઉંમરની રાંડેલી કણબણ સાથે નાતરું કરવા તેણે વિચાર કર્યો.

---

૧. ઢગા—બળદ, અર્થાત્ મૂર્ખ માણસ. ૨ ધાર્યા કરતાં લશ્કરને ઊલટી દિશાએ પણ જવું પડે. ૩ નહાય નહિ ને આજે નાહવા ચાલ્યા તે નવાઈ! ૪ મજૂરી કરતાં કરતાં પણ ખુશબો આપે. ૫ નમાલી વાત. ૬ નિર્દય માણસને કન્યા આપવી.

પછી વહુને તેડવા ગયો. પડોશણ સ્ત્રીઓ માંહોમાંહે વાત કરે: 'વર ઘરડો, વર ઘરડો.' પટેલના મનમાં કે આવાં વાક્યથી વહુનું દિલ ભાંગી જાય. ગાડામાં બેસી પોતાને ઘેર જતાં વચમાં છાંયડો આવ્યો ત્યાં ગાડું છોડ્યું. પાસે દોઢસો વીઘાનું ખેતર હતું. પટેલ ખાંહો ચડાવી તેની આસપાસ દોડતા દોડતા ચક્કર લગાવી આવ્યા ને પછી મૂછ પર હાથ દઈ વહુને કહ્યું: 'કહો છો ને વર ઘરડો? જોયું ને મારામાં કેટલી જુવાની છે તે!' ત્યારે પટલાણીએ જવાબ આપ્યો: 'વર ઘરડો તો તે વખતે જાણ્યો હતો, પણ ગાંડો હમણાં જાણ્યો!']

૬૬. કાચે ઘડે પાણી ભરવું.

૬૭. કાછડો વાળી સૌ કૂદી પડ્યા છે.

૬૮. કાછિયા બજારની વાત.[1]

૬૯. કાનમાં પૂમડાં ઘાલવાં.[2]

૭૦. કામ તે હાથે, બાયડી તે સાથે ને વિદ્યા તે પાઠે.

૭૧. કાંઈ ઘંટા, વિડંબના.

૭૨. કાળજાં શેકે તે નાર નહિ, પણ નહાર (વરુ).

૭૩. કાળના કાગડા ખાઈને અવતર્યો છે.[3]

૭૪. કાળીચૌદશના આંજ્યા, કોઈના ન જાય ગાંજ્યા.

૭૫. કુંભારનાં ઘડ્યાં ને માણસનાં જણ્યાં.
બધાં જીવે તો ધરતી પર સમાય નહિ.

૭૬. કુંભારના ઘરનું હાંલ્લું છે તે બદલાવાય?[4]

૭૭. કૂતરાની માફક ઢસરડી નાખ્યો.[5]

---

૧ અર્થાત ગપ. આ ભાવનગરી કહેવત છે. ૨ સાંભળવું નહિ. ૩ વૃદ્ધ છતાં પડે નહિ તેવો છે. ૪ પરણેલી સ્ત્રી માટે. ૫ ઉત્તરક્રિયામાં ખર્ચ ન કર્યો.

૭૮. કોઈ કહે: શું ખાઉં? કોઈ કહે: શામાં ખાઉં?
૭૯. કોણી મારી કુલડું કરે તેવો છે.[1]
૮૦. કોયલાની દલાલીમાં હાથ કાળા.
૮૧. કંકુના ચાંલ્લાની આશા સૌ રાખે, મેશના ચાંલ્લાની કોઈ ન રાખે.
૮૨. કંગાલ ગામની લૂંટમાં, ચરખો પણ ગનીમત.
૮૩. કાં તો વાઘો[2] વાડીએ, કાં તો રાજદ્વાર.
૮૪. કાંદો તમે શો કાઢ્યો?[3]

## ખ

૮૫. ખાઈને ખાસડાં મારવાં.
૮૬. ખાતર ઉપર દિવેલ.
૮૭. ખીલખીલ માંડવો.[4]
૮૮. ખીલો દૂઝે તો ભેંસનું શું કામ?

## ગ

૮૯. ગદા વચ્ચે નાખીને ચાલ્યા ગયા.[5]
૯૦. ગધેડાને તાવ આવે તેવું બોલે છે.[6]
૯૧. ગધેડાં ચાલે બાર ગાઉ, તો કુંભાર ચાલે ચૌદ ગાઉ.[7]
૯૨. ગામમાં ઘર નહિ ને સીમમાં ખેતર નહિ.

---

૧ કાબેલ, સમયસૂચક. ૨ વાઘા નામના માણસે પોતાની મોટાઈ બતાવવા કહેલું. ૩ શો ફાયદો મળ્યો? ૪ કામ સંપૂર્ણ કરવું. ૫ વિઘ્ન નાખ્યું. ૬ કઠોર અથવા અક્કલહીન વાણી. ૭ કારણ કે તે આડાંઅવળાં જતાં રહે, તેમને દોડીને એકઠાં કરવાં પડે.

૯૩. ગાય ઉપર પલાણ[૧] નહિ.

૯૪. ગાયે ગળ્યું રતન.[૨]

૯૫. ગુરુ, ચેલે બહોત હુવે, તો કહે: ભૂખે મરેંગે ઓર ભાગ જાયેંગે.

૯૬. ગોદડામાંથી ગોરખ જાગે, ભોંયમાંથી ભોરિંગ જાગે.[૩]

૯૭. ગોળના પાણીએ નવડાવ્યો.[૪]

૯૮. ગોળનું ગાડું મળ્યું.[૫]

## ઘ

૯૯. ઘડીમાં તોલો ને ઘડીમાં માસો.[૬]

૧૦૦. ઘડો-લાડવો કરવો.[૭]

૧૦૧. ઘર ઘાલ્યું, ઘર ગયું, ઘરનું ઘંઘોલિયું થયું.

૧૦૨. ઘરડાં વડે ઘર ને હાકેમ વડે નગર.

૧૦૩. ઘરડી ઘોડી લાલ લગામ, કોઈ ન આપે એક બદામ. દેખો રે! ઘોડીકા દમામ.

૧૦૪. ઘરનો ગાંજો ને ઘરની ચલમ, મારો ફાવે તેમ દમ.

૧૦૫. ઘરનો ગોધો આંખ ફોડે.

૧૦૬. ઘર બગડે જુવે[૮] ને શરીર બગડે સૂએ.

૧૦૭. ઘરભંડાર ને માંહે પોલમપોલ, રાણી રૂએ રોટલાને ને ગોલી ખાય ગોળ.

---

૧ પલાણ—જીન; અર્થાત્ ગરીબ પર કરવેરા નહિ. ૨ ગાય મર્યા વગર નીકળે નહિ ને ગાયને મરાય નહિ; અર્થાત્ મેળવવું મુશ્કેલ. ૩ ભોંયમાંથી ભાલાં ઊગે. ૪ ઠગી લીધો. ૫ સઘળો વહાલો લાગે છે. ૬ અસ્થિર મનવાળો. ૭ મરણસંસ્કાર કરવા. ૮ જુવે—જુગારથી.

ફૂલીફૂલી બનો જાડાભમ (ભીમ), આગળ જાગશે કોઈ જમ, ત્યારે થશો ખાલીખમ.

૧૦૮. ઘંટીને થઉં ને બંટી બન્ને સરખાં.

૧૦૯. ઘાસિયા ઘોડા ને ચેટિયા ચાકર.[1]

૧૧૦. ઘેટાંધસ બહુ ભૂંડી.[2]

૧૧૧. ઘેંસમાં કોઈ ઘી નાખે નહિ.[3]

૧૧૨. ઘોડાની ઓગઠ[4] માં ગાય નભે.

૧૧૩. ઘો મરનારી થાય, ત્યારે વાઘરીવાડે જાય.

## ચ

૧૧૪. ચકરડીભમરડી રમી જાણે છે.[5]

૧૧૫. ચકલાંનો માળો ચૂંથવો.[6]

૧૧૬. ચતુર ચેતી ખસે, મૂરખ લપટાઈ ફસે.

૧૧૭. ચપટીમાં જીવ.[7]

૧૧૮. ચાકરથી હસે, તેટલું માન ખસે.

૧૧૯. ચાર તો ચંચળ ભલા : રાજા, પંડિત, ગજ ને તૂરી;[8]
પાંચમી ચંચળ નારી બૂરી.

૧૨૦. ચાર સારા, તો બાર સારા.[9]

૧૨૧. ચીંથરાં ફાડવાં.[10]

---

૧ એમાં બરકત ન હોય. ૨ ઘેટાંધસ–ઘેટાંના જેવી અદાવત, કુસંપ. ૩ નમાલાને કોઈ માન આપે નહિ. ૪ ઓગઠ–ઘોડાનું વધેલું અથવા તેના મૂતરમાં પલળેલું અને તેથી કાઢી નાખેલું ઘાસ. ૫ કપટક્રિયા કરી જાણે છે. ૬ ગરીબને દુઃખ દેવું. ૭ મૂઠીમાં જીવ, અદ્ધર જીવ, ઘણી ચિંતા. ૮ તૂરી–ઘોડી. ૯ ચોમાસાના ચાર માસ સુધરે, તો આખું વરસ સારું જાય. ૧૦ જૂઠું બોલવું, નમાલી વાત કરવી.

૧૨૨. ચૂક્યો ઘા એરણ પર.

૧૨૩. ચૂંટીને ચાંલ્લો કરવો.

૧૨૪. ચોપડી તે ચોપડી ને બે પડી[1] સાચી.

૧૨૫. ચોરની નજર ચાર, ધણીની નજર બે.

૧૨૬. ચંપો, મોગરો કરમાઈ જાય, થોરની વાડ સહેજે થાય.

## છ

૧૨૭. છઠ્ઠીનું ધાવણ કાઢી નાખ્યું.[2]

૧૨૮. છપ્પન ઉપર ભેરી વાગે છે.[3]

૧૨૯. છે ને છે;[4] છે, નથી ને નથી;[5] નથી, છે ને છે;[6] નથી, નથી ને નથી.[7]

૧૩૦. છેબકાં[8] જુએ ને વક્કર[9] ખૂએ.

૧૩૧. છોકરાંનું તો આરણકારણ, છોડીની તો હૈયાધારણ.

૧૩૨. છો ભલા કે છીએ ભલા, ભલાભાઈની પ્રીત.[10]

## જ

૧૩૩. જણ્યા વગર સુવારોગ. જતનો જમાન સમેજો.[11]

---

૧ બે પડી–હોઠ. મુખપાઠ હોય તે સાચો. ૨ ભયંકર ઊલટી થઈ. ૩ અનર્ગળ દોલત છે. છપ્પન લાખવાળાના મકાન ઉપર ભેરી વાજાં વાગતાં. ૪ આ જન્મમાં ધન છે, પુણ્ય કરે છે; માટે પરભવમાં પણ ધન મળશે. ૫ આ જન્મમાં ધન છે, પણ પુણ્ય કરતો નથી; માટે પરભવમાં ધન મળશે નહિ. ૬ આ જન્મમાં ધન નથી, પણ ધર્મવૃત્તિ છે; માટે પરભવમાં ધન મળશે. ૭ આ જન્મમાં ધન નથી, ધર્મવૃત્તિ પણ નથી; માટે પરભવમાં પણ ધન નહિ મળે. ૮ છેબકાં-છિદ્ર, અવગુણ. ૯ વક્કર-પ્રતિષ્ઠા. ૧૦ વધારે લપ્પન-છપ્પન નહિ. ૧૧ જત એક તોફાની જાત છે. તેનો જમાન સમેજો સિંધી કે જે પણ તોફાની છે, તે થાય.

૧૩૪. જપ ખોઈ, તપ ખોઈ, ગાંઠનો ગરથ ખોઈ, ફટ ભૂંડી ફૂટણી.

૧૩૫. જબ ઓઢલી લોઈ,[1] તો ક્યા કરેગા કોઈ?

૧૩૬. જમને તેડું નહિ ને બાવળને ખેડું નહિ.

૧૩૭. જવાસા જેવું કોઈ અદેખું નહિ.[2]

૧૩૮. જાગશે ત્યારે માગશે.[3]

૧૩૯. જાને ભેંસ, પાણીમાં.[4]

૧૪૦. જા, લકડી કુત્તેકુ માર.[5]

૧૪૧. જીવે મારો ભાઈ, તો ઠેરઠેર ભોજાઈ.

૧૪૨. જૂતિયાં ખાઈ પણ મખમલકી.

૧૪૩. જૂનો જોગી.[6]

૧૪૪. જૂવા[7]નાં ઘર ગોંદરે[8]ને ઊધઈનાં ઘર ખેતર.

૧૪૫. જે આશાએ રહે, તેને ઉપવાસ પડે.

૧૪૬. જેના હાથમાં ડોઈ, તેનું સૌ કોઈ.

૧૪૭. જેને ઘેર કાળી,[9] તેને નિત્ય દિવાળી.

૧૪૮. જેને બેટી તેની ગરદન હેઠી.

૧૪૯. જેનો જેવો ઢંગ, તેનો તેવો રંગ; ચંદને ધોઈ માછલી, પણ છૂટી નહિ ગંધ.

૧ લોઈ–કમ્મરે પહેરવાનું કપડું; અર્થાત્ નાગા થયા પછી કોઈ શું કરનાર છે? ૨ ચોમાસામાં બધી વનસ્પતિ લીલી, ત્યારે જવાસો સૂકો અને ઉનાળામાં બધી વનસ્પતિ સૂકી ત્યારે તે લીલો. ૩ વેળા પ્રમાણે વેતરણ. ૪ પરબારું પતાવવું. ૫ પોતે કંઈ કામ ન કરતાં બારોબાર કાઢવું. ૬ અનુભવી. ૭ ઢોર પરના જૂવા. ૮ ગોંદરે–ગામ બહાર જ્યાં ઢોર બેસે છે ત્યાં પડે. ૯ કાળી–ભેંસ.

૧૫૦. જેમ ખાંડે તેમ ફોતરાં છાંડે.[1]

૧૫૧. જેવો બીબીનો ગુસ્સો, તેવો મિયાંનો ઠોંસો.

૧૫૨. જોરૂ ન જાતા, અલ્લામિયાંસેં નાતા.

## ઝ

૧૫૩. ઝઘડા–વગડા ને રગડા, વેઠે ત્યારે છાતી પાકી થાય.

## ટ

૧૫૪. ટકાનું તેતર, કોઠી ભરી જાર ખાય, વેચ્યું ત્યારે ટકો.

૧૫૫. ટેભા તૂટી ગયા છે.[2]

૧૫૬. ટોલ્લે ચડાવવું.[3]

૧૫૭. ટોલ્લો મારવો.[4]

## ઠ

૧૫૮. ઠાઠ, તિલક ઓર મધુરી બાની, દગાબાજકી યહી નિશાની.

૧૫૯. ઠૂંઠાની રાંડ ને ઠમકો ભારી.

૧૬૦. ઠૂંઠો લીલો તેને શો ભય?

[એક આંધળાને ખભે પાંગળો બેસીને શહેર બહાર ચાલ્યા જતા હતા. પાદરમાં એક ચીબરી બોલી. આંધળે પૂછ્યું: 'ચીબરી ક્યાં બોલી?' પાંગળો કહે: 'બાવળના ઠૂંઠા ઉપર!' આંધળે પૂછ્યું: 'ઠૂંઠું લીલું છે કે સૂકું?' લંગડે કહ્યું: 'લીલું.' એટલે આંધળો બોલ્યો: 'ત્યારે તો ફતેહ.'

એ શુભ શુકન જોઈને બન્નેની જુગલજોડી પાસેના શહેરમાં એક શાહુકારને ત્યાં ચોરી કરવા પેઠી. ઘરમાંથી ઘરેણાંનો દાબડો લઈ

---

૧ ડાંસરને. ૨ કાયર થયા છે, બહુ મહેનત પડી છે. ૩ ઉશ્કેરવું, બેના બે ગણાવવા. ૪ ગમે તેવા કારસ્તાનથી કામને આઘું ઠેલવું.

પાછા વળ્યા. થોડેક દૂર ગયા હશે એટલામાં તો ચોરીની ખબર પડી; બુંગિયો ઢોલ વાગ્યો. આંધળે ફરી પૂછ્યું: 'કૂંડું લીલું હતું કે સૂકું?' પહેલાંની પેઠે જ લંગડે જવાબ આપ્યો. એટલે તે બોલ્યો: 'ત્યારે તો હરકત નથી. ફતેહ!' ઘરેણાંનો દાબડો તેમણે મેલા લૂગડામાં વીંટી લીધેલો. સવાર અને ઘોડા તેમના તરફ આવ્યા. પાંગળે તે વાતની આંધળાને ખબર કરી. આંધળાએ ફરી પૂછ્યું: 'કૂંડું સૂકું હતું કે લીલું?' પાંગળાએ તે જ જવાબ આપ્યો, એટલે આંધળો બોલ્યો: 'ત્યારે તો ફિકર ન કર. ફતેહ છે!' સવારોને તેમના પર વહેમ ગયો જ નહિ ને તેઓ આગળ ચાલ્યા ગયા. પછી એક ગામને તળાવ તે માલની વહેંચણી કરવા બેઠા. એટલામાં પાંચસાત સવાર તપાસ કરવા ગયેલા તે પાછા ફર્યા. તે વાતની જાણ પાંગળાએ આંધળાને કરી. ફરી પાછી પહેલાંની પેઠે જ બેની વચ્ચે પ્રશ્નોત્તરી થઈ. આંધળો બોલ્યો: 'ફતેહ! વહેંચણીનું કામ આગળ ચલાવો!' વહેંચણી પૂરી કરી, તેઓ હેમખેમ પોતાને ગામ આવી પહોંચ્યા. તેમને ઊની આંચ આવી નહિ. તે પરથી આ કહેવત પડી છે.]

## ડ

૧૬૧. ડફોળ જાત્રા.[1] ડર ખાય તે ભરખાય.[2]
૧૬૨. ડમડમ કરે તે શું ભણે?[3]
૧૬૩. ડાઘ જાય ધોવાથી. દયા આવે રોવાથી.
૧૬૪. ડામ તો ઘણા યે દીધા![4]
૧૬૫. ડાહીના[5] ઘેલા ને ઘેલીના ડાહ્યા.

---

૧ હેતુ વગર જ અથવા નિષ્ફળ મુસાફરી. ૨ ભરખાય–ભક્ષ થાય, હાનિ પામે. ૩ ડમડમ કરે–રખડરખડ કરે. ૪ ઠપકો કે શિખામણ તો ઘણી યે આપી, પણ કંઈ અસર ન થઈ. ૫ ડાહી ભરવાડણના છોકરા ભરવાડ ઘેલા અથવા ડાહી રજપૂતાણીના છોકરા રજપૂતો અફીણિયા, જ્યારે ઘેલી વાણિયણના દીકરા વાણિયા ડાહ્યા.

૧૬૬. ડાહ્યા ભૂલે નહિ, જ્યારે ભૂલે ત્યારે ભીંત[૧] ભૂલે.

૧૬૭. ડાંભ્યે દુઃખ મટે.[૨]

૧૬૮. ડોસી ને ઊંટ સાથેનાં સાથે.[૩]

૧૬૯. ડોસી મૂઆની બીક નથી, જમ પેધ્યાનો ભો છે.

## ઢ

૧૭૦. ઢાંકણીમાં પાણી લઈ બૂડી મર.[૪]

૧૭૧. ઢીંચણ સમું અન્ન તેને ઘેર છે.[૫]

૧૭૨. ઢેકું પાણીથી યે પલળે ને મૂતરથી પણ પલળે.[૬]

૧૭૩. ઢોર કાલે ક્યાં આઢશું?[૭]

૧૭૪. ઢોરે પીંજણ માંડવી.[૮]

## ત

૧૭૫. તને માન નથી, તારી છડીને માન છે.[૯]

૧૭૬. તપેસરી તે રાજેશ્રી, રાજેશ્રી તે નરકેસરી.

૧૭૭. તરણું હરામ, બચકો હલાલ.

૧૭૮. તાગે ત્રેવડ રહે નહિ.[૧૦]

---

૧ ભીંતમાં અથડાય. ૨ ડાંભ્યે-લાંચ આપ્યે. ૩ કારણ કે ઊંટ વચ્ચે; પાણી તથા તમાકુ પીવા ઘોભતો જાય, જ્યારે ડોસી તો વચ્ચે ઘોભેજ નહિ. ૪ શરમભરેલું કામ કરનારને કહેવાય છે. ૫ પુષ્કળ રોટલો છે. ૬ પાકી સમજણ વગરનો છે. ૭ નકામા સવાલ માટે એક મૂરખ ભરવાડે બીજા ભરવાડને બૂમ પાડી, નદી ઓળંગાવી બોલાવ્યો; અર્થાત્ નમાલી વાત માટે વધારે મહેનત કરાવવી. ૮ છડેચોક વાત કરવી. ૯ દોઢાને માન છે. ૧૦ રીસ ચડે ત્યારે જે કામ થાય તેમાં હદ ન રહે.

૧૭૯. તાવડીમાં તારો ને સાનકમાં મારો.[1]
૧૮૦. તારી રીસ ને મારો સંતોષ.
૧૮૧. તારે મારે એવો મેળ કે દીઠે ડોળે આવે ઝેર.
૧૮૨. તૂંબડીમાં કાંકરા.[2]

## થ

૧૮૩. થઈને રહીએ, તો પોતાના કરી લઈએ.
૧૮૪. થીગડાં કેટલાં દઈએ ?[3]

## દ

૧૮૫. દગડો છે.[4]
૧૮૬. દરદર મૂષક ન હોય, ક્યાંક નમેરો નાગ પણ હોય !
૧૮૭. દરમાં પેસે પાધરો વાંકો સઘળે વ્યાલ.[5]
૧૮૮. દરિદ્રીને ખાટલો વેરી.[6]
૧૮૯. દરિયામાં ડૂબકી.[7]
૧૯૦. દરિયો કે દરબાર, બે મળે તો બેડો[8] પાર.[9]
૧૯૧. દહાડે ડોળાં ચારે, રાતે હીરા પારખે.
૧૯૨. દક્ષિણની નારી, સોળ હાથની સાડી, પણ અર્ધી
ટાંગ ઉઘાડી.

૧૯૩. દ્રાવિડી પ્રાણાયામ.[1]

૧૯૪. દાઝી તો દાઝી, પણ પૂછીપૂછીને ખાધી.[2]

૧૯૫. દારૂ હાથીના પેટમાં પણ બોલે.

૧૯૬. દાળમાં કાળું.[3]

૧૯૭. દીક્ષા લીધી પણ શિક્ષા ન લીધી.

૧૯૮. દી પ્રમાણે દીકરા, વેળા પ્રમાણે વહુ.[4]

૧૯૯. દીકરી આપીને દીકરો લીધો, પારકો હતો તેને પોતાનો કીધો.[5]

૨૦૦. દીકરી ને ગાય, જ્યાં દોરે ત્યાં દોરાય.

૨૦૧. દીઠા દેવ ને પહોંચી જાત્રા.[6]

૨૦૨. દીંટ કાઢવું.[7]

૨૦૩. દિવાળી તો અઠેકઠે,[8] હોળી તો ઘેરઘેર.[9]

૨૦૪. દૂઝતી વિયાય છે ![10]

૨૦૫. દૂધ તો માઈકા, ઓર દૂધ કાયકા ? પૂત તો ગાયકા, ઓર પૂત કાયકા ? ફૂલ તો કપાસકા, ઓર ફૂલ કાયકા ? રાજા તો મેઘરાજા, ઓર રાજા કાયકા ?[11]

---

૧ નકામી, વધારે કરવામાં આવતી મહેનત. ૨ ખબર પૂછવા આવનારાં એટલાં બધાં હતાં કે હેરાન થઈ ગઈ ! ૩ શંકા પડતી વાત, કાવતરું. ૪ સારું થવાનું હોય તો સારા છોકરા જન્મે અને સુલક્ષણી વહુના ઘરમાં પગલાં થાય, નહિ તો તેથી ઊલટું બને. ૫ જમાઈને. ૬ કંટાળી ગયા, બધું પતી ગયું ! ૭ નિર્મૂળ કરવું. ૮ અઠેકઠે—અહીં કે તહીં, વિરલ. ૯ અર્થાત્ સુખ વિરલ છે, દુઃખ સર્વત્ર હોય છે. ૧૦ છોકરાં ઉપર છોકરાં થાય છે અથવા મહેમાન ઉપર મહેમાન આવે છે. ૧૧ ગાયનો પુત્ર બળદ બહુ સારો, કારણ કે એના વડે ખેતી થાય. કપાસનું ફૂલ ઉત્તમ કારણ કે

૨૦૬. દે દાન, છૂટે ગિરાણ.[1]
૨૦૭. દેગ ચડાવે[2] ત્યારે ખરા, તડ તો પાડ્યાં.
૨૦૮. દેરાણી–જેઠાણીની ગોઠડીમાં સક્કરપારા; નણંદ–ભોજાઈની ગોઠડીમાં અંગારા.
૨૦૯. દેશ ડહોળ્યો પણ રસ ન ઘોળ્યો.[3]
૨૧૦. દોસ્ત વગર દુનિયા અંધારી.

## ધ

૨૧૧. ધક્કેલપંચાં દોઢસો.[4]
૨૧૨. ધણીએ રાજ તે મહારાજ ને પૂતરાજ તે ભૂતરાજ.
૨૧૩. ધંતૂરાના ગુણ મહાદેવ જાણે.[5]
૨૧૪. ધાન વિના મરે કે સાન વિના મરે.
૨૧૫. ધીર સમાન જોગ નહિ ને રોષ સમાન રોગ નહિ.
૨૧૬. ધૂપ દઈને રાખી મૂકજો.[6]
૨૧૭. ધૂળનો ટોપલો પટોળેથી ઢાંકવો.
૨૧૮. ધોતલીનાં ધોળ આગળ ગવાશે.

[ એક વાણિયાના ઘરમાં ચોર પેઠો. અરધો અંદર આવ્યો કે તેણે તલવારના ઘાથી તેને પૂરો કર્યો. પછી જમાદારને બોલાવી આવ્યો. જમાદારે મુડદા પર તલવારનો ઘા કરી મૂછે હાથ દીધો. સવારે દરબારમાં પોતે કરેલું પરાક્રમ જણાવ્યું, તે દરબારે તેને ધોતલી

તેનાથી કાપડ પહેરવાનું મળે.

૧ ગિરાણ–ગ્રહણ. પુણ્ય કરો, જેથી પાપ ઠેલાય. ૨ દેગ ચડાવવી–જમણવાર કરવા. ૩ કંઈ પૈસો થયો નહિ. ૪ વિચાર કર્યા વગર, છાતીજોરથી અલેલટપ્પુ કામ કરવું. ૫ કારણ કે તે ભાંગ પીએ છે. ૬ કટાક્ષમાં–અર્થાત્ કોઈ ઘરાક થશે નહિ!

(પાઘડી) બંધાવીને ઇનામ આપ્યું. વાણિયાની સ્ત્રીએ પતિને કહ્યું: 'તમે કેવી મૂર્ખાઈ કરી? તમે ચોરને માર્યો અને છતાં ઇનામ જમાદારને ખાટી જવા દીધું!' વાણિયો બોલ્યો: 'ઘોતલીનાં ઘોળ(ગીત) આગળ ગવાશે!' અર્થાત્ ઇનામનું પરિણામ ભવિષ્યમાં જણાશે. થોડા દિવસ પછી વેર લેવા માટે ચોરના બાપે જમાદારનું ખૂન કર્યું.]

૨૧૯. ધોબી ધુએ મૂલે ને પાપી ધુએ કમૂલે.[1]

૨૨૦. ધોળે દહાડે તારા દીઠા.[2]

## ન

૨૨૧. ન આવડે ભીખ, તો વૈદું કરતાં શીખ.[3]

૨૨૨. નકટીનું નાક કાપે તેવી છરી છે.[4]

૨૨૩. ન કરે નારાયણ કે ગઢવી ગાડે ચડે.[5]

૨૨૪. નખ વડે ભોંય ખોતરવી.[6]

૨૨૫. નવ વાનાં જાણે તે નાગર.

૨૨૬. નવ્વાણું ટકા બાદની વાત.[7]

૨૨૭. નવાબ કહે, ભરૂચ જાતી હે, તો કહે, ભરૂચ તો ઠેકાણે છે, પણ આપ જાઓ છો.

૨૨૮. નાહતાં મૂતરે તે શી રીતે પકડાય?

૨૨૯. નાક ઉપર માંખ બેસવા દે તેવો નથી.[8]

૨૩૦. નાક નીચું ને પેટ ઊંચું.[9]

---

૧ નિંદા કરી, કિંમત લીધા સિવાય સામાનાં પાપ ધુએ. ૨ બહુ દુઃખ પામ્યો, હેરાન-પરેશાન થઈ ગયો. ૩ ઊંટવૈદ માટે. ૪ ભૂંડી છે. ૫ વો દિન કહાંસે કે મિયાં કે પાઉંમેં જૂતિયાં! ૬ ભોંઠા પડી જવું, શરમ રડે નીચે જોવું. ૭ વાયદાની અતિશયોક્તિભરી વાત. ૮ વટવાળો છે, આબરૂ તથા વચન પાળે તેવો છે. ૯ પારકાનું ખાય તે ફરમાય.

૨૩૧. નાક વાટે ખવાય નહિ, મોં વાટે ખવાય.
૨૩૨. નાક વીંધાવા ગઈ ને કાન વીંધાવી આવી.
૨૩૩. નાખતાં પહોંચે ત્યાં સુધી ખરા.[1]
૨૩૪. નાગા જણ્યા, ને કંદોરે લાભ.
૨૩૫. નાભિનો ઉમળકો છાનો ન રહે.
૨૩૬. નારી, ઝાડી ને વેપારી, સર્વ બહારથી જ શોભીતાં છે.
૨૩૭. નીકળ્યું ખોખું ને ઘર થયું ચોખ્ખું.[2]
૨૩૮. નોતરાની વાટ જોઈ ચૂલામાં પાણી રેડ્યું.[3]
૨૩૯. નવ્વાણુંનો ધક્કો.

[એક વાણિયો અને ધોબી સામસામા રહે. વાણિયો લાખોપતિ હોવા છતાં કંજૂસાઈથી રહે, જ્યારે ધોબી થોડુંક કમાય પણ લહેરથી જીવે. વાણિયણે એક વખત વાણિયાને એ વિરોધી વસ્તુસ્થિતિ માટે ફરિયાદ કરી એટલે વાણિયો બોલ્યો: 'નવ્વાણુંનો ધક્કો નહિ વાગ્યો હોય!' વાણિયણ કહે: 'એ શું?' વાણિયો બોલ્યો: 'પછી સમજાવીશ!' પછી તે રાતે છાનોમાનો ધોબીના ઘર પાસે નવ્વાણું રૂપિયા એક પોટલીમાં બાંધી મૂકી આવ્યો. તે ધોબીના હાથમાં આવ્યા. ત્યારથી તેને પૈસેપૈસો બચાવી, સો રૂપિયા પૂરા કરી, શાહુકારને ત્યાં મૂકવાનો લોભ લાગ્યો. ત્યારથી તેની લહેર ઊડી ગઈ ને તે વાણિયા જેવો મખ્ખીચૂસ બન્યો. પછી તો બસો ને બસોના ત્રણસો કરવાનો લોભ વધતો જ ચાલ્યો. વાણિયણે આ ફેરફાર જોઈ પોતાના ધણીને તેનું કારણ પૂછ્યું, ત્યારે વાણિયાએ તે ધોબીને વાગેલો 'નવ્વાણુંનો ધક્કો' સમજાવ્યો!]

## પ

૨૪૦. પગે કથીરનું કલ્લુ ને નાકનું નસકોરું નવ ગજ લાંબું?[4]

૧ પુરુષપ્રયત્ન કરવો. ૨ ઘરડું મરે ત્યારે કુપાત્ર પરિવાર આવું બોલે છે. ૩ મૂર્ખાઈ કરી. ૪ ગરીબ છતાં અભિમાની.

૨૪૧. પટેલ બેઠા પાટે, ઘરની એબ દાટે ને પારકાની કાઢે વાટે.

૨૪૨. પથ્થરમાં પગેરું શું?

૨૪૩. પથ્થરનો ભમરડો છે.[1]

૨૪૪. પરણાવતાં સાસુ હરખાયાં, પછી સાસુ હડકાયાં.

૨૪૫. પલક દરિયાવ (મેઘરાજા), મોજ મહેરામણ.[2]

૨૪૬. પાડા સાથે પોપલિયું[3] ને મૂંડા સાથે યારી.

૨૪૭. પાણી પીવું છાણીને ને ગુરુ કરવો જાણીને.

૨૪૮. પાનું ફરે ને સોનું ઝરે.[4]

૨૪૯. પેંગડે પગ ને બ્રહ્મોપદેશ.[5]

૨૫૦. પેટ કે પરગણું?[6]

૨૫૧. પેટમાં ટાંટિયા છે.[7]

૨૫૨. પેટમાં પેસી પગ પહોળા કરે તેવો છે.

૨૫૩. પહેલાં વહુ ખાતી નથી ને પછી વહુ ધરાતી નથી.

૨૫૪. પૈસામાં કોઈ પૂરો નહિ ને અક્કલમાં કોઈ અધૂરો નહિ.[8]

૨૫૫. પાંચે મિત્ર, પચીસે પડોશી ને સોએ સગો.[9]

૨૫૬. પાંદડે પાણી પાય છે.[10]

---

૧ બુડથલ–ઠોઠ છે. ૨ ખુશી થાય ત્યારે મોજ પડે તેવું ઇનામ આપે તે. ૩ પોપલિયું–ભાઈબંધી. ૪ નસીબ સારું થાય ત્યારે અઢળક ધન મળે. ૫ ઉતાવળમાં અધરું કામ ન બને. ૬ પેટ કે પોળ? ખાઉધરા માટે વપરાય છે. ૭ ઊંડા મનનો, પહોંચેલો માણસ છે. ૮ પોતાના મનથી સૌ પોતાને ડાહ્યા ગણે ને પૈસાની બાબતમાં સંતોષ હોય જ નહિ. ૯ આટલી રકમ તેમને ધીરતાં પાછી ન આવે તો ખમી જવું, પણ તેમની સાથે સંબંધ બગાડવો નહિ. ૧૦ બહુ દુઃખ દે છે.

## ફ

૨૫૭. ફકીર હાલમેં મસ્ત, જરદાર માલમેં મસ્ત;
બુલબુલ બાગમેં મસ્ત, આશક દીદારમેં મસ્ત.
૨૫૮. ફૂઈ તે ઠંડા પાણીની ફૂઈ.

## બ

૨૫૯. બજરંગ બીરકા સોટા, ફૂટ જાય ભંગીકા[1] લોટા.
૨૬૦. બહોત ઓયા, તે ઊગ્યા ઘાસ.
૨૬૧. બ્રાહ્મણુ ઘેર ખાય ને ઝેર ખાય બરાબર.
૨૬૨. બાપના થાન જેવું, બકરીના ગળાના આંચળ જેવું.[2]
૨૬૩. બાયડી નાતરે જાય ને ધણી વળાવવા જાય.
૨૬૪. બાર બ્રાહ્મણે બકરીનું જોર.[3]
૨૬૫. બેડું ચડાવીને આવી છે.[4]

## ભ

૨૬૬. ભણેલ કરતાં ગણેલ સરસ, ગણેલ કરતાં ફરેલ[5]
સરસ, ફરેલ કરતાં કસાયેલ[6] સરસ.
૨૬૭. ભરવાડની દીકરી કુંવારી રહે, પણ દૂધ કુંવારું ન રહે.[7]
૨૬૮. ભર્યો છલકે નહિ, છલકે સો આધા; ઘોડા ભૂંકે નહિ,
ભૂંકે સો ગદ્ધા.

---

૧ ભંગી–ભાંગ પીનાર. તેને પણ હનુમાનનો ભય લાગે. ૨ નિરર્થક, તેમાંથી દૂધ ન મળે. ૩ અર્થાત્ બ્રાહ્મણજાતિ દુર્બળ હોય છે. ૪ અર્થાત્ છડેચોક નાતરે આવી છે, તેને નાતીલા દંડ ન કરે, ઊલટી વેલ અપાવે. ૫ ફરેલ–મુસાફરી કરેલો. ૬ કસાયેલ–દુઃખોમાંથી પસાર થયેલો. ૭ અર્થાત્ તે અવશ્ય તેમાં પાણીનું મિશ્રણ કરીને વેચે.

૨૬૯. ભૂત જાય વસવાથી[1] ને ડાઘ જાય ઘસવાથી.

૨૭૦. ભૂંડનું છાણ નહિ લીંપ્યાનું કે નહિ થાપ્યાનું.

૨૭૧. ભૂંડી ભેંસને ચાંદરો[2] પાડો. આંધળી દોહનારીને ગોવાળ ગાંડો.

૨૭૨. ભેખડ પાડ્યા વગર દળદર જાય નહિ.[3]

૨૭૩. ભેળ પડે ત્યારે કંઈ મેળ ન રહે.[4]

૨૭૪. ભેંસનાં શિંગડાં ભેંસને ભારે.[5]

૨૭૫. ભોર બોલાવવી.[6]

## મ

૨૭૬. મખમલની મોજડી[7] માથે ન પહેરાય.

૨૭૭. મગર, મંકોડો ને મેશ વળગ્યાં તે તૂટે પણ છૂટે નહિ.

૨૭૮. મન રાખવું ને ઝેર ચાખવું બરાબર છે.[8]

૨૭૯. મન વિના મળો નહિ, વાડ વિના વેલો નહિ, ને ગુરુ વિના ચેલો નહિ.

૨૮૦. મરદ મૂહાળો,[9] બળદ પૂંછાળો,[10] બાયડી ફૂલાળી[11] ને વહેલ ઊલાળી.

---

૧ વસવાથી–તેમાં રહેવાથી. ૨ ચાંદરો–કપાળમાં ધોળા ટીલાવાળો. ૩ મોટું કામ કરીને નાણું મેળવ્યા વગર ખૂબ પૈસાદાર થવાય નહિ. ૪ લણી લીધા પછી ગાયોના ધણને અને બકરાંના ટોળાને ચારવાની રજા આપે છે તેને 'ભેળ' કહે છે. ત્યારે ભીડમાં ગમે તે ઢોર પેસે ને માલ લૂંટે, ચરે. ૫ કરનારને વેઠવું પડશે. ૬ કર્યા કામને માથે પાણી ફેરવવું. પૈસા ઉડાવી દેવા. ૭ મોજડી–પગરખી. ૮ બહુ ઝેર કડવું છે. ૯ મૂહાળો–મૂછીમાં જોરવાળો. ૧૦ પૂંછાળો–મોટી પૂંછવાળો. ૧૧ ફૂલાળી–સારે પૂંઠે.

૨૮૧. મળે ચાર ભોડી,[1] તો કિલ્લો નાખે તોડી.
૨૮૨. માખણમાંથી મોવાળો ખેંચે તેવો ઝીણો છે.
૨૮૩. માણાનું[2] રાંધે ત્યારે પવાલાનું દાઝે.
૨૮૪. માલ લૂંટી ગયા, પણ ભરતિયું મારી પાસે છે.[3]
૨૮૫. મારી શિયળવંતી નાર, તારી ચૂંદડી લેલાડ;
દાઢી ને ઠૂમરો ઝાડ, હું જીવતાં ધણીના દાંત શીદ પાડ ?

[એક પતિએ પોતાની સ્ત્રી, જે તેને માટે બહુ પ્રેમનો દેખાવ કરતી હતી, તેની પરીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. એક દિવસ ઓચિંતો જાણે મરી ગયો હોય તેવો તેણે ઢોંગ કર્યો ને શ્વાસની ગતિ બંધ પાડી નાખી. રોકકળમાં પોતાને ખાવાનું નહિ મળે, તેવું ધારી તેની સ્ત્રી રસોડામાં જઈ દહીં ને ઠૂમરો ખાઈ આવી. પછી પતિના દાંતમાં સોનાની રેખું હતી, તે પાડવા પથરો લઈને પાસે આવી. તેના મનમાં કે એટલું સોનું પણ મુડદા સાથે નકામું શા માટે જવા દેવું ? ત્યારે આંખો ખોલી, તેનો પતિ તેને આ લીટીઓ સંભળાવે છે. ]

૨૮૬. મીઠાબોલું માણસ ને વાયડું ધાન, પહેલું મીઠું લાગે.
૨૮૭. મૂઠ મારી જાણે છે ને વાળી પણ જાણે છે.
૨૮૮. મૂઠી જેટલા મિયાં ને સૂપડા જેટલી દાઢી.
૨૮૯. મૂછ ઉપર લીંબુ રહે તેવા.[4]
૨૯૦. મેથીપાક ખવડાવવો.[5]
૨૯૧. મેશથી કાળું કલંક.
૨૯૨. મોભી[6] મરે તે મહાદુઃખ.

૧ ભોડી–રાંડીરાંડ. ૨ માણું–૧૦ શેરનું માપ; ૩ મુદ્દામાલ મારી પાસે છે. ૪ વટવાળા, ટેકીલા. ૫ પોંક પાડવો, અડતાલો જોખવો, ખોખરો કરવો. અર્થાત્ માર મારવો. ૬ મોભી–ઘરનો મુખ્ય માણસ, પાલનહાર.

૨૯૩. મોટા સાથે મોહી ને ઝાંઝર બેઠી ખોઈ.
૨૯૪. માંકડને આંખો આવી.[૧]
૨૯૫. મોટી, વચલી ને નાની, તે શાખ, સેલી[૨] ને વાની.

## ર

૨૯૬. રાગ, પાગ ને પારખું,[૩] નાડી[૪] અને ન્યાય;
તરવું, તાંતરવું[૫] ને તસ્કરવું, એ આઠે આપ કળાય.
૨૯૭. રાણીનાં ચીર તે ધોબીનાં ખાળોતિયાં.
૨૯૮. રામરામ કરી નાખવું.[૬]
૨૯૯. રેવડી દાણાદાણ.[૭]
૩૦૦. રંગ રાજા ને પોત પ્રધાન.[૮]
૩૦૧. રાંકનો માળવો.[૯]

## લ

૩૦૨. લફ્ફો લેવો હતો તે દોડ્યો.[૧૦]
૩૦૩. લખો દીકરા ખાતાવાહી, ઓરડો ગયો ને પરસાળ રહી.
૩૦૪. લાખો ફૂલાણી.[૧૧]

---

૧ સગને પગ આવ્યા. ગરીબ હતો તે બહેકયો. ૨ સેલી—વાની. શાખ. ૩ પારખું—રૂપિયા પારખવા. ૪ નાડી—નાડી જોવી. ૫ તાંતરવું ફોસલાવીને ખાઈ જવું. આ આઠેય કળાઓ જાતે જ આવડે, કોઈ શિખવાડે તેમાં બરકત નં આવે. ૬ ખૂબ રિઝાવવું. ૭ ગલાગુલેલી, ફૂલેતીના ફાળકા. ૮ બે સારાં હોય, તો ખૂબી ઓર દીસે, પણ તેમાંય રંગ મુખ્ય આકર્ષક વસ્તુ છે. ૯ ગરીબનો બેલી દુકાળ વખતે બધા પહેલાં માળવા જતા; કારણ કે ત્યાં ગહું બહુ પાકતા, તે ઉપરથી. ૧૦ લફ્ફો—લાંબિયો. એ જ અર્થમાં: ફાળિયું જનવું હતું. બાપનો લાડવો દાટ્યો હતો. ૧૧ લાખો વણઝારો, નવલખા હીરજી, આત્મારામ ભૂખણના દીકરા.

૩૦૫ લાગણીનો મંદવાડ જીવ લે.
૩૦૬. લાભોજી લાભોજી થાય, ત્યાં શો મેળ?[૧]
૩૦૭. લાલજીકી એકાદશી, વો બારસકી દાદી.[૨]
૩૦૮. લાલ બુજર્ગ હાથી પારખવા ગયા.[૩]
૩૦૯. લાંબી લેખણે લખે છે અને ઊંચે આસને બેઠા છે.[૪]
૩૧૦. લોકની લાજે કે હૈયાની દાઝે.

## વ

૩૧૧. વકરો વાંઝિયો ન હોય.[૫]
૩૧૨. વખાઈતનો સખાઈત કોઈ નહિ.[૬]
૩૧૩. વટાણા વાવી જવા.[૭]
૩૧૪. વટેમાર્ગુને દાણી[૮] રોકે કે પાણી રોકે.[૯]
૩૧૫. વણીને મૂકવું.[૧૦]
૩૧૬. વરસ બધાં પાણીમાં ગયાં.[૧૧]
૩૧૭. વરસમાં ખરડિયું ને ઘરડિયું.[૧૨]

---

૧ વગરવિચાર્યે વધારે ખર્ચ થાય, ત્યાં નાની વાતનો શો હિસાબ? ૨ શ્રીમંત વણિક અગિયારશે અનેક પ્રકારનાં ભોજન ને ફળાહાર કરે. ૩ તે પૂછે કે પૂંછડું કયું અને મોં કયું? ૪ ધાણી હાંકે છે. ૫ અર્થાત્ તેમાંથી લાભ મળે જ. ૬ દુખિયાનું કોઈ સગું નહિ. ૭ વંજો માપવો, પોબારા ગણવા. ચંદ્રવંશી થવું; અર્થાત્ ભાગી જવું, નાસી જવું. ૮ દાણી—જકાત લેનાર. ૯ પાણી—નદીનાળાં. ૧૦ વઘાર મૂકવો, મીઠુંમરચું ભભરાવવું, કાન ભંભેરવા. કજિયો ઉત્પન્ન કરવા ખોટી વાતો કહેવી. ૧૧ ત્રીસે રોજ ત્રટમાં ગયા. નકામાં ગયાં. ૧૨ ખરડાયેલું વરસ. જેમાં ગોદો વાગ્યો હોય તેવું વર્ષ. તે ઘરડો સગો માણસને ચેતવે છે, શિખામણ આપે છે, પાઠ શીખવે છે.

૩૧૮. વહુ વાઘ હણુંતી, દરિયા તરંતી ને મીની જોઈ ડરંતી.[1]
૩૧૯. વહુ સુધી કંઈ વડાં હોય?[2]
૩૨૦. વા ઉપર વરાધ.
૩૨૧. વા ઉપર વાવટા.[3]
૩૨૨. વાગડિયું મોઢું કરે છે.[4]
૩૨૩. વાઘના પંજામાં આવવું સારું, પણ મારવાડીના ચોપડામાં આવવું ભૂંડું.
૩૨૪. વાણિયા રે વાણિયા, સાથે રેલા તાણિયા, ત્યારે જાણ્યા વાણિયા.

[૨૦–૨૫ વાણિયા પરદેશથી કમાઈ પાછા આવતા હતા. પાસે ધન પુષ્કળ હતું. બધાએ તલવાર, ભાલાં, બરછી, બખ્તર વગેરે લઈ રજપૂતો જેવો ઠાઠ કર્યો હતો. તેથી તેમને લૂંટવાની હિંમત ચોરોની ચાલી નહિ; જ્યાં તેઓ તેમની પાછળ પાછળ ગયા. થોડાક ગાઉ ગયા પછી એક વાણિયો પેશાબ કરવા બેઠો, એને જોઈ બધા જ પેશાબ કરવા બેઠા. તે જોઈને ચોરોના મુખ્ય ટોળીએ કહ્યું: 'લૂંટો, સાલા વાણિયા છે, ડરવાનું કાંઈ કારણ નથી.' પછી ચોરોએ તેમને સહેલાઈથી લૂંટી લીધા. પેલો મુખ્ય ટોળી આ વાક્ય બોલે છે.]

૩૨૫. વાધરી વળગી રહેવા દે નહિ.[5]
૩૨૬. વાની મારી કોયલ.[6]
૩૨૭. વાવણી ને તાવણી ઉતાવળી સારી.[7]

---

૧ સ્ત્રીચરિત્ર. ૨ બધાંના ખાતાં વધે તો જ વહુને મળે. ૩ ભૂત ઉપર ચિઠ્ઠી. ચોક્કસ વાત નહિ. ૪ મોં ચઢાવે છે, ૫ વાઢ્યું ચોંટે નહિ, એવો ઘા કે ચામડી (વાધરી) ઊખડી જાય તે ફરી ચોંટે નહિ. ૬ લાગ્યે જ આવે તેવો આવેલો પરોણો. ૭ તાવણી-થી તાવવું તે.

૩૨૮. વારસામાં સાંબેલું જાય.
૩૨૯. વાઢી આંગળી ઉપર મૂતરે તેવો નથી.[૧]
૩૩૦. વાઢી આડો કપાસિયો.[૨]
૩૩૧. વાળંદ ને વળી વહેલમાં બેઠો.[૩]

[એક પાટીદારે સાસરે જતાં વહેલમાં પોતાના ધાંયજાને લીધો. થોડે દૂર ગયા, ત્યારે વાળંદને તેનો ઓળખીતો મળ્યો. તેણે પૂછ્યું: 'ઘેર કંઈ કહેવડાવવું છે?' વાળંદ કહે: 'જેવું દેખો છો તેવું કહેજો.' અર્થાત્ હું વહેલમાં બેઠો છું તે સમાચાર મારાં સગાંને આપજો. તે સાંભળી પાટીદારે તેને વહેલમાંથી ઉતારી સાત જોડા માર્યા ને પેલા માણસને કહ્યું: 'આ પણ દેખો છો તેવું કહેજો.']

૩૩૨. વિકટ માર મારે ભરવાડો, વિકટ રાન ખેડે વણજારો. હાંફળોફાંફળો તો બ્રાહ્મણનો પ્રાણિયો, ધીરો રહી લૂંટે બજારે વાણિયો.
૩૩૩. વીજળીને ઝબકારે મોતી પરોવવું.
૩૩૪. વેઠિયા, વાડ કરી? તો કહે: હા, કરી. કેવી કરી? તો કહે: વા વાય તો તૂટી પડે તેવી!
૩૩૫. વહેલે વળગીને નથી આવી.[૪]
૩૩૬. વહેવાણની જણી, તે કુંભારની ઘડી.[૫]
૩૩૭. વેતર વંઠ્યું, સુયાણી શું કરે?
૩૩૮. વેદિયાં ઢોર, ન સમજે મર્મ ને ઘાંટા ને શોરબકોર.[૬]
૩૩૯. વેપારમાં વાયદો; શાસ્ત્રમાં કાયદો.[૭]

---

૧ કશું જ કામ કરે તેવો નથી. ૨ એટલે વાઢીમાંથી ઘી નીકળે નહિ. ૩ જરૂર કુલાઈ જાય. ૪ દાસીની પેઠે નથી આવી, પરણીને આવી છું. ૫ વહુ કુંભારના હાંલ્લા જેવી છે. ૬ શાસ્ત્રચર્ચા વખતે. ૭ નુકસાનકારક છે.

૩૪૦. વૈદને તેડવા ગયો, તે મૂઆનો સાજ પણ લેતો આવ્યો.

૩૪૧. વાંદરાને ચણા નાખવા.[1]

૩૪૨. વાંસના કજિયામાં વન બળે.[2]

## શ

૩૪૩. શાળિગરામ પાસે મરી વટાવવાં.[3]

૩૪૪. શિયાળાનું પરોઢ, ઉનાળાના બપોર ને ચોમાસાની રાત;
અલ્લાહ, મરણ દીજીઓ, પણ બહાર ગમન મત દીજીઓ.

૩૪૫. શિરના કીડા શિરને ફોલે.

૩૪૬. શોધે તેને સાહેબ[4] મળે.

## સ

૩૪૭. સત્તરસોના સરવાળામાં ઓગણીસસોની ભૂલ !

૩૪૮. સબ એક થેલેકે બત્તે હે.[5]

૩૪૯. સરું ન આવ્યું સીંદરા.

[એક બાઈ પરગામ કાણે ગયેલી. ત્યાં તેણે પેલી રાતે એક લોટા ચોરી સંતાડી રાખ્યો. બીજે દિવસે રાતે કોઠીમાંથી સીંદરીનો છેડો કાઢી તાણવા માંડ્યો પણ તેનો અંત જ ન આવ્યો. ત્યારે તે આ વાક્ય બોલે છે; અર્થાત્ હાથમાં લીધેલા કામનો અંત ન આવવો.]

૩૫૦. સવારના પહોરનું નામ છે.[6]

૩૫૧. સસ્સા ગડથલ કરવી.

[સસલું હાથીને જમવા નિમંત્રી આવેલું, હાથી જમવા આવ્યો.

---

૧ બેવકૂફને ચડાવવો. ૨ દાવાગ્નિથી. ૩ મોટા માણસ પાસે હલકું કામ કરાવવું. ૪ સાહેબ—પ્રભુ. ૫ બત્તા—દગા. ૬ બહુ જ ભલો—સદ્ગુણી છે.

ત્યારે તેના પગ પાસે આળોટીને કહેવા લાગ્યું: 'હું રાંક, તમારા જેવાની શી પરોણાગત કરું?' અર્થાત્ ગરીબ મોટાને મિજબાની આપે ત્યારે વપરાય છે.]

૩૫૨. સળગતી સગડી માથે લઈ ફરિયાદ કરવા જવું.

૩૫૩. સળી વગર શ્રાદ્ધ અટકે.[૧]

૩૫૪. સાગનાં લાકડાં છે, રૂપાનાં હાડકાં છે.[૨]

૩૫૫. સાગરનું નીર ગાગરમાં ન સમાય.

૩૫૬. સાજાં ખાય અન્ન ને માંદાં ખાય ધન.

૩૫૭. સાતડે સાત.[૩]

૩૫૮. સાસરાની શૂળી સારી, પણ પિયેરની પાલખી ભૂંડી.

૩૫૯. સૌ સૌને તૂંબડે તરે છે.[૪]

૩૬૦. સિંધમાં સોમી પાંતી.[૫]

૩૬૧. સૂકા લાકડા જીવડો, તેને સાહેબ વગર કોણ પાણી પાય?
ઘરધણી જાણે, 'હું રળું છું ને સૌ ખાય!'

૩૬૨. સુવાવડ જન્મારો રહી.[૬]

૩૬૩. સોય ખોવાણી, તેનો સાદ ન પડે.

## હ

૩૬૪. હજામકી બરાતમેં, સબી ઠાકોર.

૩૬૫. હજામને ત્યાં ચોરી થઈ, તે નરેણી ને કાતર ગઈ.

૩૬૬. હબસીનો ડાબો કાન.[૭]

---

૧ સળી–દર્ભની સળી. ૨ કુળવાન છે. ૩ નિર્માલ્ય, પુરુષત્વહીન. ૪ કોઈ કોઈના ઓશિયાળા નથી. ૫ ગરાસ થોડો. ૬ જનમના માંદા. ૭ નકામી વધારાની મહેનત.

૩૬૭. હમારે દાદેને ઘી ખાયા થા, હમારી હથેલી સૂંઘો.

૩૬૮. હરહર ગંગા ગોદાવરી, કંઈક શ્રદ્ધા, કંઈક જોરાવરી.[1]

૩૬૯. હાથના છૂટા ને હૈયાના કૂટા.

૩૭૦. હાથપગ દોરડી ને પેટ ગાગરડી.

૩૭૧. હાથી ઝૂંપડામાં સમાય નહિ.

૩૭૨. હા, ખાનો ડાયરો.[2]

૩૭૩. હીર, ખીર ને ખુશીનો સોદો.

૩૭૪. હીરામાં છાંટ ને રૂપમાં ગર્વ.[3]

૩૭૫. હિંદુકા ખાના અચ્છા, લેકિન પૂજા બૂરી.

૩૭૬. 'હું' ત્યાં હરિ નહિ.[4]

૩૭૭. હે ભૂંડા ભૂતનાથ, વળગણિયે રાતું લૂગડું દીઠું નહિ.[5]

૩૭૮. હાંડીમાં રૂપ ને પેટીમાં શણગાર.[6]

★

---

૧ બ્રાહ્મણના જમણવારમાં કંઈક શ્રદ્ધાથી ને કંઈક બળજબરીથી જમ્યા પહેલાં નોતરવું પડે. ૨ ડાહ્યાઓની મંડળી. ૩ એટલી ખોડ ગણાય. ૪ હુંપદથી હરિ વેગળા. ૫ હે મહાદેવજી! જનમભર કુંવારો રહ્યો. ૬ અર્થાત્ હાંડીમાં રંધાતું ભોજન જો પૌષ્ટિક અને સરસ હોય, તો માણસ રૂપાળું થાય અને પેટીમાં રૂપિયા હોય તો શણગાર આવે.

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

# અન્ય ઉપયોગી પુસ્તકો

## સ્તોત્રો–પ્રાર્થના–માહાત્મ્ય

મોહમુદ્ગર અને બીજાં દશ રત્નો ... ૧–૦૦
શતશ્લોકી અને બીજાં ચાર રત્નો ... ૦–૭૫
સ્તોત્રસંગ્રહ ... ૧–૦૦
શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્ર ૧–૫૦
વિવેકચૂડામણિ ... ૧–૦૦
હસ્તામલકસ્તોત્ર ને વાક્યસુધા ... ૦–૧૨
આત્મા–અનાત્માવિવેક ૦–૩૫
પ્રશ્નોત્તરમાળા ને જીવન્મુક્ત-આનંદલહરી ... ૦–૧૯
મણિરત્નમાળા ... ૧–૫૦
સૌંદર્યલહરી ... ૦–૪૦
શ્રીવિષ્ણુસહસ્રનામ... ૦–૨૫
પ્રબોધસુધાકર ને તત્ત્વબોધ ૦–૫૦
શિવમહિમ્નઃસ્તોત્ર ... ૦–૫૦
ઈશ્વરપ્રાર્થનામાળા ૩–૦૦
અંબસ્તવરાજ ... ૦–૧૫
ગજેન્દ્રમોક્ષ ... ૦–૩૭
હરિપાઠ ... ... ૦–૧૫
પ્રાતઃ અને સાયંકાળની પ્રાર્થનાઓ ... ૦–૫૦
નારાયણકવચ ... ૦–૫૦
કર્પૂરાભરણમ્ ... ૦–૨૫
ભગવત્પ્રસાદ ... ૦–૨૫
હનુમાનચાલીસા ... ૦–૦૬
શ્રીચંડીપાઠ ... ૧–૫૦
પુરુષોત્તમમાસમાહાત્મ્ય ૨–૫૦
શ્રી સત્યનારાયણની કથા ૦–૭૫
એકાદશીમાહાત્મ્ય ... ૧–૫૦
જપ અને નામસ્મરણ ૧–૨૫

## નાટકો

મુક્તધારા ... ૧–૦૦
અંધારા રંગમહેલનો રાજા ૧–૦૦
ગુજરાતનાં નાટકો–ગીતોની સારીગમ ... ૨–૫૦
આસમાની ચલ્લી ... ૧–૫૦
મંગલમંદિર ... ૧–૦૦
છોરુ કછોરુ ... ૧–૦૦
સૌભાગ્યસુંદરી અને બીજાં નાટકોનું નવનીત ૧–૫૦
ભર્તૃહરિનિર્વેદ (નાટક) ૦–૪૦
એકલવ્ય તથા બીજી બાલનાટિકાઓ ૦–૩૧
ગુજરાતની રંગભૂમિ ૦–૩૭

# બાળોપયોગી

| | |
|---|---|
| શિશુસાથી–૧ ... | ૦–૧૫ |
| શિશુસાથી–૨ ... | ૦–૨૦ |
| શિશુસાથી–૩ ... | ૦–૧૨ |
| બાળકોની રીતભાત | ૦–૨૫ |
| બાળકોનો આનંદ | ૦–૨૦ |
| બાળકોના આચાર | ૦–૨૫ |
| સદ્બોધવાટિકા ... | ૦–૧૯ |
| દેશપાઠો ... ... | ૦–૨૫ |
| ધાણીચણા ... | ૦–૩૦ |
| પ્રૌઢવાચનપોથી ... | ૦–૨૫ |
| પ્રૌઢવાચનપૂર્તિ ... | ૦–૨૫ |
| આકાશના તારા ... | ૦–૩૭ |
| વસંતનું આગમન ... | ૦–૨૫ |
| ભીમભાઈનું પહેરણ | ૦–૨૫ |
| અમારા માધવકાકા ... | ૦–૧૯ |
| વીર બાળાઓ ... | ૦–૩૧ |
| એક હતો શેઠ... ... | ૦–૨૫ |
| એક હતાં શેઠાણી... | ૦–૫૦ |
| વીર બાળકો ... | ૦–૩૭ |
| કુમાર કથાઓ ... | ૦–૫૦ |
| બાળકોની બોલચાલ | ૦–૨૫ |
| બાળકોના ગુણ ... | ૦–૨૫ |
| બાળકોની દિનચર્યા | ૦–૨૫ |
| બાળકોને બોધ ... | ૦–૨૫ |
| બાળકોનું આચરણ | ૦–૩૧ |
| બાળકોની વાતો–ભા. ૧ | ૦–૩૭ |
| રસપોળી ... | ૦–૨૫ |

| | |
|---|---|
| વાંચો, વિચારો ને અનુસરો | ૦–૭૫ |
| કરવું અને ભરવું ... | ૦–૩૭ |
| દેશી રમતો ... | ૧–૨૫ |
| બાળ રમતો ... | ૧–૦૦ |
| બાલરામાયણ ... | ૧–૨૫ |
| બાલભારત ... | ૧–૫૦ |
| બાલસદ્બોધ ... | ૦–૫૦ |
| ભગવાન બુદ્ધની વાતો | ૧–૦૦ |
| વિદ્યાર્થી... ... | ૦–૫૦ |
| સુબોધક નીતિકથાઓ | ૧–૦૦ |
| ધર્મની બાળપોથી... | ૦–૪૦ |
| બોધક જીવનપ્રસંગો | ૦–૫૦ |
| દયાળુ બાળકો ... | ૦–૩૭ |
| સદ્ગુણી પુત્રી .. | ૦–૪૦ |
| દયાળુ માતા ... | ૦–૨૫ |
| આદર્શ બાળકો ... | ૦–૩૭ |
| દુષ્યંત ને શકુંતલા | ૦–૩૭ |
| પ્રમાણિક બાળકો ... | ૦–૩૭ |
| સદ્ગુણી બાળકો ... | ૦–૭૫ |
| રમૂજી વાર્તાઓ ... | ૧–૨૫ |
| ચાતુર્યની વાતો ... | ૧–૨૫ |
| ઠંડા પહોરની વાતો | ૦–૬૫ |
| ચમત્કારિક વાતો ... | ૧–૫૦ |
| નાની નાની વાતો... | ૧–૫૦ |
| શેખચલ્લીની વાતો | ૦–૩૭ |
| બાળ નાટક ... | ૦–૫૦ |

| | |
|---|---|
| સિંદબાદનાં સાહસો | ૦–૫૦ |
| પ્રેમપંથ–ભાગ ૧ ... | ૦–૧૯ |
| ,, ભાગ ૨ ... | ૦–૨૫ |
| ઉખાણા ... ... | ૦–૫૦ |
| રમૂજી ટુચકા ... | ૦–૫૦ |
| ઇસપની બાલવાર્તાઓ | ૧–૨૫ |
| અરેબિયન નાઇટ્સ | ૩–૦૦ |
| ઉચ્ચ જીવન ... | ૦–૨૫ |
| સાહસકથાઓ ... | ૦–૭૫ |
| મહાભારતની નીતિકથાઓ | ૧–૨૫ |
| ભીમનાં પરાક્રમો ... | ૧–૫૦ |
| ગદાધારી ભીમ ... | ૨–૫૦ |
| વિશ્વની વિચિત્રતાઓ | ૦–૭૫ |
| વિધિના લેખ ને બીજી વાતો | ૦–૩૫ |
| જગતમાં જાણવા જેવું | ૧–૦૦ |
| સામાન્ય જ્ઞાન ... | ૦–૩૭ |
| હાસ્યતરંગ ... | ૦–૭૫ |
| પ્રકાશનાં પગલાં (સચિત્ર) | ૦–૭૫ |
| હિતોપદેશ ... | ૧–૨૫ |
| તંત્રકથા (અચિત્ર) | ૧–૨૫ |
| તંત્રકથા (સચિત્ર) | ૧–૫૦ |
| પૃથ્વીની કથા ... | ૦–૭૫ |
| કાકાનો સંજય ... | ૧–૭૫ |
| રાજર્ષિ ... ... | ૨–૦૦ |
| બાળકોની નીતિશિક્ષા | ૦–૫૦ |

## નિબંધાદિ ગદ્ય સાહિત્ય

| | |
|---|---|
| મહાભારતમંજરી ... | ૪–૦૦ |
| આપણે ફરી ન વિચારીએ? | ૨–૦૦ |
| સુખ, સામર્થ્ય ને સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર | ૩–૦૦ |
| સંસારનાં સુખ ... | ૨–૦૦ |
| વ્યક્તિચિત્રો ... | ૧–૫૦ |
| શુભસંગ્રહ–ભા. ૨ જો | ૩–૦૦ |
| ,, –ભા. ૯ મો | ૩–૦૦ |
| પલટાતા રંગ ... | ૧–૫૦ |
| સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો | ૧–૨૫ |
| સાહિત્ય પ્રવેશિકા ... | ૨–૫૦ |
| સાહિત્ય પ્રારંભિકા | ૧–૨૫ |
| ગ્રામરચના ... | ૧–૫૦ |
| વ્યાયામ અને સૂર્યનમસ્કાર | ૦–૧૨ |
| ભારતીય શિલ્પકળા | ૦–૩૭ |
| હિંદુસ્થાની સંગીત | ૦–૫૦ |

## ગઝલો–કાવ્યો

| | |
|---|---|
| કાવ્યસંક્ષેપ ... | ૧–૫૦ |
| ગુજરાતની ગઝલો... | ૧–૦૦ |
| મારાં સો કાવ્યો ... | ૦–૭૫ |
| શ્રીમંતોના સડો ... | ૦–૨૫ |
| મનને ... ... | ૦–૧૯ |

# નવલકથા-વાર્તાસંગ્રહો


| | |
|---|---|
| ચાણક્ય અને ચંદ્રગુપ્ત | ૩-૫૦ |
| અનાવરણ ... | ૨-૫૦ |
| સમર્પણ... ... | ૧-૫૦ |
| કડવો ઘૂંટડો ... | ૨-૦૦ |
| લાખેણી વાતો ... | ૨-૦૦ |
| જીવનનાં અમૃત ... | ૧-૭૫ |
| અમર અજવાળાં ... | ૧-૦૦ |
| દિવ્ય વાર્તાઓ ... | ૧-૦૦ |
| ઉચ્ચ જીવનની મંગળ વાતો | ૨-૦૦ |
| આળાં હૈયાં ... | ૨-૦૦ |
| ગુલાબસિંહ ... | ૪-૦૦ |
| કમળકુમાર ... | ૦-૭૫ |
| પરાક્રમી દશ કુમાર | ૨-૫૦ |
| ભોજપ્રબંધ ... | ૧-૨૫ |
| ઉત્તરરામચરિત ... | ૧-૫૦ |
| કથાસરિત્સાગર ... | ૧-૦૦ |
| શંકુતલા ... ... | ૦-૬૨ |
| મોહિની અને બીજી વાતો | ૧-૦૦ |
| દેરાણીનો કલહ અને બીજી વાતો | ૧-૦૦ |
| નવ્વાણુનો ફેર અને બીજી વાતો | ૧-૦૦ |
| સંત બળરામ અને પતિતા | ૦-૬૨ |
| ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ હાસ્ય પ્રસંગો | ૨-૦૦ |
| બિરબલ અને બીજા | ૨-૦૦ |
| ગામડું બોલે છે ... | ૦-૭૫ |
| ભરતીઓટ ... | ૨-૦૦ |
| સંગમ ... ... | ૨-૦૦ |
| રાખની ઢગલી ... | ૦-૭૫ |
| અંતરના[illegible] ... | ૨-૫૦ |
| [illegible] અને દીવા ... | ૧-૫૦ |
| „ „ (પાકું પૂઠું) | ૨-૫૦ |
| જીવનસુવાસ ... | ૧-૫૦ |
| અક્ષયપાત્ર ... | ૨-૫૦ |
| માટીની મૂર્તિઓ... | ૦-૭૫ |
| ઇન્સાન મિટા દૂંગા | ૧-૨૫ |
| ઇતિહાસને અજવાળે | ૦-૭૫ |
| કંકુ ને કન્યા ... | ૧-૫૦ |
| પટલાઈના પેચ ... | છપાય છે |
| બે ડોસાની જાત્રા... | ૦-૨૫ |
| અજાણ્યે અને નવું રેલવે સ્ટેશન | ૦-૨૫ |
| શ્રમણ નારદ અને છકેલું ગાડું ... | ૦-૨૫ |

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો।

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ**